દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 10 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૧ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ₹ ૫૦ હજાર કરોડના ખર્ચે ભારતભરમાં જળમાર્ગો વિકસાવાશે

## અનેક નદી પર વધારાની જેટી ઊભી કરી વેપાર, પર્યટનને પ્રોત્સાહન અપાશે

ગુવાહાટીઃ ઇનલૅન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલે દેશના વિવિધ જળમાર્ગના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં રૂપિયા પચાસ હજાર કરોડથી વધુનું રોકાણ કરવાની શુક્રવારે જાહેરાત કરી હતી. દેશની વિવિધ નદી પર વધારાની જેટી ઊભી કરીને વેપાર અને પર્યટનને પ્રોત્સાહન અપાશે.

ઇનલૅન્ડ વોટરવેઝ ઑથોરિટી ઑફ ઇન્ડિયાએ ઇનલૅન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલની રાષ્ટ્રીય જળમાર્ગોને લગતી બેઠકનું આયોજન કાઝિરંગામાં કર્યું હતું.

બંદર, જહાજ અને જળમાર્ગ વિભાગના પ્રધાન સર્વાનંદ સોનોવાલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કાંઠા વિસ્તારના આંતરિક માળખાના વિકાસ અંગે પણ ચર્ચાવિચારણા કરાઇ હતી.

કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે ઇનલૅન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલે ૧,૦૦૦ ગ્રીન વૅસલ્સ (જહાજ) લૉન્ચ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ઇનલૅન્ડ વોટરવેઝ ટ્રાન્સપોર્ટના મોટા પ્રોજેક્ટ્સને અપગ્રેડ કરાશે. સરકાર જહાજનિર્માણ અને વહાણના સમારકામ માટેની સુવિધા વધારવા બનતા દરેક પ્રયાસ કરી રહી છે અને રાષ્ટ્રીય જળમાર્ગોના વિકાસથી માલસામાનની હેરફેરનો ખર્ચ ઘટશે.

તેમણે દાવો કર્યો હતો કે રાષ્ટ્રીય જળમાર્ગોએ ગયા વર્ષના એપ્રિલથી નવેમ્બર સુધીમાં ૨૦૨૩ની સરખામણીમાં ઘણો વધુ વિકાસ કર્યો હતો.

સોનોવાલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દેશની નદીઓમાં સહેલગાહ માટેની મોટી હોડીની સંખ્યા વધારીને પર્યટનને પ્રોત્સાહન આપી રહી છે. પાડોશી દેશો - બાંગ્લાદેશ, નેપાળ, ભુતાન, મ્યાનમાર અને અન્ય કેટલાંક રાષ્ટ્રો સાથે નદી કે અન્ય જળમાર્ગે વેપાર વધારવામાં આવી રહ્યો છે.

આંધ્ર પ્રદેશમાં ગોદાવરી નદીમાં સ્ટીલની છ તરતી જેટી બનાવવાની, ગોવાની વિવિધ નદી અને જળાશયમાં (જુઓ પાનું ૨) ▶▶

# લૉસ એન્જલસની આગ વધુ પ્રસરી
## ૧૦,૦૦૦ ઘર બળીને ખાક, ૧૦નાં મોત



**આગ હી આગઃ**
લૉસ એન્જલસના પશ્ચિમી ટેકરી વિસ્તારમાં લાગેલી ભયંકર આગને બુઝાવવાની કોશિશ કરી રહેલા અગ્નિશમન દળના જવાનો. (એજન્સી)

લૉસ એન્જલસઃ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં લાગેલી વિનાશક જંગલની આગમાં લૉસ એન્જલસ શહેરનો મોટો ભાગ બળીને રાખ થઇ ગયો છે. આ જંગલની આગ વાયુ વેગે ફેલાઇ રહી છે. જેમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મોત નીપજ્યાં છે. આ આગના કારણે ૧૦,૦૦૦ ઇમારતો અને અન્ય માળખાઓ નાશ પામ્યા છે. હજારો લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓએ નવી આગ ફાટી નીકળતા અને ઝડપથી વધી રહી હોવાથી લોકોને સ્થળાંતરના આદેશોનું પાલન કરવાની વિનંતી પણ કરી હતી. વાયુ વેગે પ્રસરી રહેલી કેનેથ આગની શરૂઆત બપોરે સાન ફર્નાન્ડો ખીણમાં થઇ હતી. જે ફાયર શેલ્ટર તરીકે ઉપયોગમાં લેવાતી શાળાથી માત્ર બે માઇલ(૩.૨ કિમી) દૂર હતી, જે સાંજ

(જુઓ પાનું ૨) ▶▶

# રાષ્ટ્રપતિ દ્વારા ૨૭ જણને પ્રવાસી ભારતીય સન્માન અવૉર્ડ

ભુવનેશ્વરઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે ૨૭ જણને પ્રવાસી ભારતીય સન્માન અવૉર્ડ એનાયત કર્યા હતા.

ઓડિશાની રાજધાનીમાં યોજાયેલા ત્રણ દિવસના ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનને રાષ્ટ્રપતિએ સંબોધ્યું હતું. પ્રવાસી ભારતીય સન્માન અવૉર્ડ મેળવનારા લોકોમાં ટ્રિનિદાદ ઍન્ડ ટોબેગોના પ્રમુખ ક્રિશ્ચન કાર્લા કાંગલુ, યુકેનાં રાજકારણી ઉષાકુમારી પરાશર અને અમેરિકાનાં ડૉ. શર્મિલા ફોર્ડનો સમાવેશ થાય છે.

અગાઉ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંમેલનનું ગુરુવારે સત્તાવાર રીતે ઉદ્‌ઘાટન કર્યું હતું અને બાદમાં ચાર પ્રદર્શન પણ ખુલ્લા મૂક્યા હતા. એક એક્ઝિબિશનમાં ગુજરાતના માંડવીથી ઓમાનના મસ્કત પહોંચેલા ગુજરાતીઓની ગાથા વર્ણવવામાં આવી હતી. બુધવારે યુવા પ્રવાસી ભારતીય દિવસ ઉત્સવ ઊજવાયો હતો. પ્રવાસી ભારતીય સંમેલનના અંતિમ દિવસે બે ખુલ્લા સત્ર - ‘ડાયાસ્પોરા દિવસઃ સેલિબ્રેટિંગ વિમેન્સ લિડરશિપ ઍન્ડ ઇન્ફલુઅન્સ - નારીશક્તિ’ અને ‘ડાયાસ્પોરા ડાયલૉગ્સઃ સ્ટોરીઝ ઑફ કલ્ચર, કનેક્શન ઍન્ડ બિલોંગિગનેસ’ યોજાયા હતા. (એજન્સી)■




**સન્માન અને અવૉર્ડઃ**
ભૂવનેશ્વરમાં યોજાયેલા ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પ્રવાસી ભારતીય સન્માન અવોર્ડસનું વિસ્તરણ કર્યું હતું. (એજન્સી)

# ડોનલ્ડ ટ્રમ્પનો લાંચના કેસમાંથી છુટકારોઃ સજા ન થઇ

ન્યૂ યોર્કઃ અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને પોતાની ‘ખરાબ વાત’ છુપાવવા બદલ પોર્ન સ્ટારને લાંચ આપવાના કેસમાં અહીંની અદાલતે કોઇ પણ સજા (દંડ, જેલ કે પ્રોબેશન) નહોતી ફરમાવી અને તેને લીધે તેમના માટે દસ દિવસ પછી વાઇટ હાઉસમાં પ્રવેશવાનો માર્ગ મોકળો થયો હતો. તેમનો આ કેસમાંથી બિનશરતી છુટકારો થયો હતો.

૭૮ વર્ષીય ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે વીસમી જાન્યુઆરીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવાના છે. અદાલતની બહાર ટ્રમ્પના ટેકેદારો મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને ન્યાયાધીશની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા હતા. ટ્રમ્પની તરફેણ કરતું એક મોટું (અંદાજે ૧૦૦ ફૂટનું) બેનર પણ જાહેરમાં લટકાવાયું હતું.

અગાઉ, ડોનલ્ડ ટ્રમ્પે પોતાની સજાની શુક્રવારે થનારી સુનાવણી અચોક્કસ મુદત માટે મુલતવી રાખવા કરેલી વિનંતિને મેનહેટનના ન્યાયાધીશ જુઆન એમ. મેર્ચેને નકારી કાઢી હતી. ન્યાયાધીશે શુક્રવારની નિર્ધારિત સુનાવણીને મોકૂફ રાખવાનો ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશે ટ્રમ્પ સત્તા પર આવે, તેના દસ દિવસ પહેલાં જ એટલે કે ૧૦ જાન્યુઆરીએ ટ્રમ્પ સામેના પોર્ન સ્ટારને ‘ચૂપ રહેવા માટે નાણાં (લાંચ) આપવાના કેસ’ સહિતના વિવિધ કેસમાંની સજા સંભળાવવાનું નક્કી કર્યું હતું, પરંતુ શુક્રવારે તેમને બિનશરતી છોડી દેવાની જાહેરાત (જુઓ પાનું ૨) ▶▶

# આગામી બે વર્ષમાં ૫૦ અમૃત ભારત ટ્રેન બનાવવામાં આવશેઃ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ

ચેન્નઈઃ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે શુક્રવારે કહ્યું હતું કે રેલવે મંત્રાલયે અમૃત ભારત વર્ઝન ૨.૦ ટ્રેનોમાં ૧૨ મોટા સુધારા કર્યા છે અને આગામી બે વર્ષમાં આઈસીએફ ખાતે આવી ૫૦ ટ્રેનોનું ઉત્પાદન કરવામાં આવશે. ઇન્ટિગ્રલ કોચ ફૅક્ટરી (આઇસીએફ)ના જનરલ મૅનેજર યુ સુબ્બા રાવ સાથે નિરીક્ષણ કરનારા અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે રાજ્ય સરકારે લોકોની સેવાને રાજકારણથી ઉપર રાખવી જોઈએ અને કેન્દ્ર અને તેમનું મંત્રાલય લોકોના કલ્યાણ માટે પગલાં ઉઠાવવા માટે પ્રતિબદ્ધ છે.

રેલવે પ્રધાને અહીં આઈસીએફમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે “અમૃત ભારત વર્ઝન ૨.૦ (અહીં ઉત્પાદિત થઈ રહી છે) જોઈને ખૂબ જ આનંદ થયો. જેમ તમને યાદ હશે કે અમૃત ભારત વર્ઝન ૧.૦ ને ગયા જાન્યુઆરી ૨૦૨૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લૉન્ચ કરવામાં આવ્યું હતું અને છેલ્લા એક વર્ષના અનુભવના આધારે અમૃત ભારત વર્ઝન ૨.૦માં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. અમૃત ભારત ટ્રેનોમાં સુધારવામાં આવેલા કેટલાક પ્રમુખ ફેરફારોની જાણકારી આપતાં તેમણે કહ્યું હતું કે, “આખી ટ્રેનમાં ૧૨ મોટા સુધારા કરવામાં આવ્યા છે. સેમિ-ઑટોમેટિક કપલ, મૉડ્યુલર ટૉઇલેટ્સ, ચેર પિલર અને પાર્ટિશન અને ઇમરજન્સી ટોક બેક ફીચર, ઇમરજન્સી બ્રેક સિસ્ટમ, વંદે ભારત ટ્રેન જેવી સતત લાઇટિંગ સિસ્ટમ, નવી એર્ગોનોમિક ડિઝાઇનવાળી સીટો અને બર્થમાં સુધારો કરવામાં આવ્યો છે.”

તેમણે કહ્યું કે અમૃત ભારત વર્ઝન ૨.૦ ટ્રેનોમાં આખી પેન્ટ્રી કાર નવી ડિઝાઇનનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. ઓછી આવક ધરાવતા પરિવારોને ધ્યાનમાં રાખીને આગામી બે વર્ષમાં (ઇન્ટિગ્રલ કોચ ફૅક્ટરીમાં) આવી ૫૦ અમૃત ભારત વર્ઝન ૨.૦ ટ્રેનોનું ઉત્પાદન કરવામાં આવશે. આ લાંબા અંતરની મુસાફરી કરતા લોકોને ખૂબ જ સસ્તી સેવા અને ખૂબ જ ઉચ્ચ ગુણવત્તાની મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે.” પીટીઆઈ વીડિયો સાથે વાત કરતાં અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે અમૃત ભારત ટ્રેન ‘સૌથી ગરીબ લોકો’ને પણ આરામદાયક મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. “અમૃત ભારતને વંદે (ભારત) સ્લીપર અને અમૃત ભારતના પ્રથમ વર્ઝનના અનુભવના આધારે ડિઝાઇન કરવામાં આવ્યું છે. જનરલ કોચમાં આરામદાયક બેઠકો, ચાર્જિંગ પોઈન્ટ, મોબાઇલ ફોન અને પાણીની બોટલ રાખવા માટેની જગ્યા સહિત અનેક સુવિધાઓ આપવામાં આવી છે.■




**વિશ્વવિક્રમ કરવાનો પ્રયાસઃ** બિકાનેરમાં હાલમાં યોજાઈ રહેલા ‘આંતરરાષ્ટ્રીય કેમલ ફેસ્ટિવલ’ દરમિયાન પાઘડી પહેરાવનાર કલાકાર પવન વ્યાસે નવો વિશ્વવિક્રમ સ્થાપવા માટે એક જણના માથા ઉપર ૬૧૭.૨૨ મીટર (૨૦૨૫ ફૂટ) લાંબા કપડામાંથી બનાવેલી પાઘડી પહેરાવવાનો પ્રયાસ કર્યો હતો. (એજન્સી)

# બિહાર કો-ઓપ બૅંક ‘છેતરપિંડી’ કેસમાં ઇડીએ આરજેડી ધારાસભ્ય અને અન્ય લોકો પર દરોડા પાડ્યા

પટણા : બિહાર સહકારી બેંકમાં કથિત ભંડોળની ઉચાપત સાથે જોડાયેલા કેસની તપાસના ભાગ રૂપે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શુક્રવારે બિહાર સહિત અનેક રાજ્યોમાં આરજેડી ધારાસભ્ય આલોક કુમાર મહેતાને લગતાં સ્થળો પર દરોડા પાડ્યા હતા.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે બિહાર, પશ્ચિમ બંગાળ (કોલકાતા), ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં લગભગ ૧૮ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

આ સ્થળોમાં આરજેડી ધારાસભ્ય અને બિહારના ભૂતપૂર્વ પ્રધાન આલોક કુમાર મહેતા (૫૮) સાથે જોડાયેલાં સ્થળોનો સમાવેશ થાય છે, જેઓ બિહાર સ્થિત વૈશાલી શહેરી વિકાસ સહકારી બેંકના પ્રમોટરોમાંના એક છે, ઉપરાંત કેટલીક અન્ય સંકળાયેલી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મની લોન્ડરિંગ તપાસ બેંક અને તેના પદાધિકારીઓ સામે લગભગ ૮૫ કરોડ રૂપિયાના ભંડોળની ઉચાપત માટે દાખલ કરાયેલી કેટલીક રાજ્ય પોલીસ એફઆઈઆર માંથી ઉદ્‌ભવી છે, એમ તેમણે જણાવ્યું હતું. સ એજન્સીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, કથિત છેતરપિંડી અંદાજિત ૪૦૦ લોન ખાતાઓ દ્વારા કરવામાં આવી હતી અને ભંડોળનું વિતરણ ‘બનાવટી અથવા બોગસ’ વેરહાઉસ રસીદોના આધારે કરવામાં આવ્યું હતું.

ઇડીની કાર્યવાહી પર આરજેડી એ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. ■

# સંભલ શાહી જામા મસ્જિદના કૂવા વિવાદમાં સુપ્રીમ કોર્ટની નોટિસ, યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે ઉત્તર પ્રદેશના સંભલની જામા મસ્જિદ મેનેજમેન્ટ કમિટીની અરજી પર નોટિસ જાહેર કરી અને મસ્જિદના પ્રવેશદ્વાર પાસે સ્થિત એક ખાનગી કૂવાના સંબંધમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની ખંડપીઠે નિર્દેશ આપ્યા હતા કે મંજૂરી વિના કૂવાના સંબંધમાં કોઇ પણ કાર્યવાહી કરવામાં આવશે નહીં અને અધિકારીઓને બે અઠવાડિયાની અંદર સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાના નિર્દેશ આપ્યા હતા. શાહી જામા મસ્જિદની મેનેજમેન્ટ કમિટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સંભલના સિનિયર ડિવિઝન સિવિલ જજના ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના આદેશને પડકારવામાં આવ્યો હતો, જેમાં મસ્જિદનો સર્વે કરવા માટે એડવોકેટ કમિશનરની નિમણૂક કરવાની મંજૂરી આપવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે સર્વેક્ષણના કારણે હિંસા અને જાનમાલનું નુકસાન થયું, જેના કારણે સર્વોચ્ચ અદાલતને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની ફરજ પડી હતી. મેનેજમેન્ટ કમિટીનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકીલ હુઝેફા અહમદીએ કૂવાના ઐતિહાસિક મહત્ત્વ પર ભાર મૂક્યો અને કહ્યું હતું કે, ‘અમે અનાદિ કાળથી આ કૂવામાંથી પાણી કાઢી રહ્યા છીએ.’

અહમદીએ એ નોટિસ પર ચિંતા વ્યક્ત કરી હતી જેમાં આ સ્થળને ‘હરિ મંદિર તરીકે વર્ણવામાં આવ્યું છે અને ત્યાં ધાર્મિક પ્રવૃત્તિઓ શરૂ કરવાની યોજના બનાવવામાં આવી છે. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે “આવી કોઈ પણ પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં. કૃપા કરીને સ્ટેટસ રિપોર્ટ દાખલ કરો.

બેન્ચે કહ્યું હતું કે કૂવાના સંબંધમાં યથાસ્થિતિ જાળવી રાખવી જોઈએ અને તેનાથી સંબંધિત કોઇ પણ નોટિસ અસરકારક રહેશે નહીં. હિન્દુ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ વિષ્ણુ શંકર જૈને જણાવ્યું હતું કે કૂવો મસ્જિદના પરિસરની બહાર છે અને ઐતિહાસિક રીતે તેનો ઉપયોગ પૂજા માટે થતો રહ્યો છે. અહમદીએ કહ્યું હતું કે કૂવો આંશિક રીતે મસ્જિદ સંકુલની અંદર અને આંશિક રીતે બહાર છે. તથા તેમણે પોતાના દાવાના સમર્થનમાં ગૂગલ મેપ્સની એક તસવીરનો ઉલ્લેખ કર્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ‘સંભલના જિલ્લા મેજિસ્ટ્રેટને યોગ્ય નિર્દેશ આપવામાં આવે કે તે એ સુનિશ્ચિત કરે કે મસ્જિદની સીડીઓ/પ્રવેશદ્વાર પાસે આવેલા ખાનગી કૂવાના સંબંધમાં યથાસ્થિતિ જાળવી રાખવામાં આવે અને કોર્ટની મંજૂરી વિના આ સંબંધમાં કોઇ કાર્યવાહી કરવામાં આવે નહીં.

મસ્જિદ સમિતિએ જણાવ્યું હતું કે તેણે ચંદૌસીમાં સંભલના સિનિયર ડિવિઝનના સિવિલ જજના કેસમાં ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના આદેશ સામે અરજી દાખલ કરી છે. સ્થાનિક કોર્ટે શાહી જામા મસ્જિદનું સર્વેક્ષણ કરવા માટે એડવોકેટ કમિશનરની નિમણૂકની માગ કરતી અરજી સ્વીકારી હતી. મસ્જિદ સમિતિએ કહ્યું કે અરજીને દાખલ કરવામાં આવી તે જ દિવસે સુનાવણી વિના સ્વીકારવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, ‘બીજા સર્વેક્ષણને કારણે થયેલી હિંસા અને જાનમાલના નુકસાનને ધ્યાનમાં રાખીને અસાધારણ પરિસ્થિતિઓમાં ઉપરોક્ત એસએલપીને પ્રાથમિકતા આપવામાં આવી હતી.’ ■

# યુપીમાં એસટીની બસ ટ્રક સાથે અથડાતાં ડ્રાઈવર અને કંડક્ટરનાં મોત

સુલ્તાનપુર : શુક્રવારે સવારે યુપીએસઆરટીસીની બસ ગાઢ ધુમ્મસ વચ્ચે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે ટ્રક સાથે અથડાતાં બસના કંડક્ટર અને ડ્રાઇવરનાં મોત થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશ રાજ્ય માર્ગ પરિવહન નિગમની કરાર આધારિત બસ જે બિજેથુઆ ધામ અને અયોધ્યા વચ્ચે કાર્યરત છે, તે સ્ટાફ સહિત ત્રણથી ચાર લોકો સાથે રવાના થઈ હતી.

આ અકસ્માત બલિયા-લખનૌ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પડેલા નજીક થયો હતો જ્યારે બસ ડ્રાઇવરે તે જ દિશામાં જઈ રહેલા એક ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો અને ભારે ધુમ્મસને કારણે તેની સાથે અથડાઈ ગઈ હતી.

કંડક્ટર, સૌરભ તિવારી (૨૮) જે બસના દરવાજા પાસે ઊભો હતો, તે વાહનમાંથી પડી ગયો હતો અને ટ્રક નીચે કચડાઇ ગયો હતો. તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

બસ ડ્રાઇવર, ઇર્શાદ ખાન (૨૬) અને મુસાફરો - વિનોદ કુમાર (૪૨) અને દીપક (૪૬) - ઘાયલ થયા હતા અને તેમને કાદીપુર સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. ખાનને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

કાદીપુર સર્કલ ઓફિસર વિનય ગૌતમે જણાવ્યું હતું કે, “ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. ટ્રક જપ્ત કરવામાં આવી છે અને પરિવાર તરફથી ફરિયાદ મળતાં એફઆઈઆર નોંધવામાં આવશે.” ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સજાતીય લગ્નોને ભારતમાં કોઈ કાળે માન્યતા ના મળે

**ભારતમાં** સજાતીય સંબંધો સંવેદનશીલ મુદ્દો છે તેથી આ મામલે કશું પણ થાય તો તરત તેની ચર્ચા શરૂ થઈ જાય છે. સુપ્રીમ કોર્ટે સજાતીય લગ્નોને કાયદેસર નહીં કરવાના ચુકાદા અંગે ફેરવિચારણા કરવાની માગણી કરતી તમામ અરજીઓ ફગાવી દીધી એ સાથે જ આ મુદ્દો ફરી ચર્ચામાં છે. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેંચે ૧૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ આપેલા ચુકાદામાં સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતા ના આપી શકાય એવો ચુકાદો આપ્યો હતો.

આ ચુકાદા પર ફેરવિચારણા કરવાની માગ કરતી ઢગલાબંધ અરજીઓ થઈ હતી, પણ સુપ્રીમે સાફ ઈનકાર કરીને આ પ્રકરણ પર પડદો પાડી દીધો છે. આ ચુકાદો પણ પાંચ જજની બેંચે જ આપ્યો છે ને તેમણે સાફ શબ્દોમાં કહ્યું છે કે, રેકોર્ડમાં કોઈ ખામી છે નહીં તેથી આ અરજીઓ ટકી શકે તેમ નથી. તેના કારણે સુપ્રીમ કોર્ટ સામે નારાજગી પણ વ્યક્ત થઈ રહી છે કેમ કે સુપ્રીમ કોર્ટે જ પહેલાં સજાતીય એટલે કે સમલૈંગિક સંબંધોને કાયદેસરતા આપેલી ને હવે સુપ્રીમ કોર્ટ સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતા નથી આપી રહી.

જોકે સુપ્રીમ કોર્ટનું વલણ એકદમ બરાબર છે. સુપ્રીમ કોર્ટે ૨૦૨૩માં ચુકાદો આપેલો ત્યારે જ કહી દીધેલું કે, સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતા આપવાનું અમારા હાથમાં નથી. ભારતમાં લગ્ન અંગેના કાયદામાં એક સ્ત્રી અને એક પુરુષ વચ્ચેનાં લગ્નને જ માન્યતા છે, બે સ્ત્રી કે બે પુરુષ લગ્ન કરે એવા સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને માન્યતા નથી. આ માન્યતા જોઈતી હોય તો તેના માટે કાયદો બદલવો પડે ને કાયદો બદલવાનું કામ અમારું નથી પણ સંસદનું છે.

સુપ્રીમ કોર્ટનું કામ બંધારણીય જોગવાઈઓના અર્થઘટનનું છે અને સરકાર કે વહીવટી તંત્રનાં કૃત્યો દ્વારા બંધારણની કોઈ જોગવાઈનો ભંગ તો નથી થતો ને એ જોવાનું છે. સુપ્રીમ કોર્ટે એ જ ભૂમિકા ભજવીને સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતા નથી આપી.

સુપ્રીમ કોર્ટે પોતાની મર્યાદા પણ જણાવી દીધી ને સ્પષ્ટ કરી દીધું કે, પોતે બંધારણની ઉપરવટ ના જઈ શકે. ભારતનું બંધારણ સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસર ના ગણતું હોય તો સુપ્રીમ કોર્ટને તેને કાયદેસરતા આપવાનો અધિકાર નથી. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટ સામે નારાજગી વ્યક્ત કરવાનો અર્થ નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતાનો છેલ્લો રસ્તો પણ બંધ થઈ ગયો છે એ સ્પષ્ટ છે કેમ કે કેન્દ્ર સરકાર કોઈ સંજોગોમાં સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતા આપવાનો ખરડો પસાર કરવાની નથી. સજાતીય લગ્નોને માન્યતાનો મુદ્દો પાંચ જજની બંધારણીય બેંચને સોંપાયો ત્યારે જ કેન્દ્ર સરકારે સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નનો વિરોધ કરીને તેને માન્યતા આપવાનો ઈનકાર કરી દીધો હતો.

કેન્દ્ર સરકારની દલીલ હતી કે, તમામ ધર્મોમાં લગ્નનું સામાજિક મહત્ત્વ છે. હિંદુ, મુસ્લિમ સહિત તમામ ધર્મમાં લગ્નને સંસ્કાર માનવામાં આવે છે ને તેમની લાગણીને ધ્યાનમાં રાખીને સમલૈંગિક લગ્નોને માન્યતા ના મળવી જોઈએ. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કરીને સમલૈંગિક લગ્નનો અને સજાતીય દંપતીઓને બાળકો દત્તક આપવાનો પણ વિરોધ કર્યો હતો.

કેન્દ્રની એફિડેવિટમાં એ મુદ્દા પર ભાર મુકાયો હતો કે, સમલૈંગિક લગ્ન ભારતીય પરંપરાથી વિરુદ્ધ છે. ભારતીય પરંપરા અને સામાજિક વ્યવસ્થા સ્ત્રી અને પુરુષ પતિ-પત્ની તરીકે રહે ને તેમનાથી બાળકો પેદા થાય એ પ્રકારની છે. સમલૈંગિક સંબંધો ધરાવતાં યુગલોનાં બાળકો આ વ્યવસ્થા પ્રમાણે નથી હોતાં તેથી આ લગ્ન ભારતીય પરંપરા પ્રમાણે ના કહેવાય. સમલૈંગિક લગ્નથી ઉછેરાતાં બાળકોની તુલના ભારતીય પરિવારમાં પતિ-પત્નીને જન્મેલાં બાળકોની સાથે કરી શકાય નહીં.

કેન્દ્ર સરકારે તો ત્યાં સુધી કહી દીધું હતું કે, સુપ્રીમ કોર્ટને સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને માન્યતા આપવાનો કોઈ અધિકાર જ નથી. આ અંગે નિર્ણય લેવો સંસદનું કામ છે તેથી સુપ્રીમ કોર્ટે ચુકાદો આપવાથી દૂર રહેવું જોઈએ.

આ વાત બિલકુલ સાચી હતી ને ખુદ સુપ્રીમ કોર્ટે પોતે આ વાત સ્વીકારી લીધી હતી એ જોતાં સજાતીય લગ્નને માન્યતાના મુદ્દે ૨૦૨૩માં જ પડદો પડી ગયેલો. સજાતીય લગ્નોના સમર્થકોને સુપ્રીમ કોર્ટ પાસે આછીપાતળી આશા હતી, પણ હવે એ પણ પતી ગઈ છે.

કેન્દ્ર સરકારે જે વલણ લીધું એ પણ યોગ્ય છે કેમ કે આ દેશના જનમતથી ચૂંટાયેલી સરકારને કેવા કાયદા બનાવવા અને કાયદામાં કેવા સુધારા કરવા એ નક્કી કરવાનો અધિકાર છે. મોદી સરકાર પોતાના આ અધિકારનો ઉપયોગ કરીને સજાતીય એટલે કે સમલૈંગિક લગ્નને કાયદેસરતા ના આપવા માગતી હોય તો તેની ટીકા ના કરી શકાય. કેન્દ્ર સરકારનું આ વલણ બદલાવાનું નથી કેમ કે કોઈ ધર્મ સજાતીય લગ્નોની તરફેણ કરતો નથી અને બહુમતી લોકોની ધાર્મિક લાગણી સજાતીય લગ્નોની વિરુદ્ધ હોય ત્યારે કોઈ પણ સરકાર બહુમતી પ્રજાને નારાજ કરવાનું જોખમ ના જ ઉઠાવે.

જોકે કેન્દ્ર સરકારનું વલણ હાથીના ચાવવાના જુદા ને બતાવવાના જુદા જેવું છે તેનો ઈનકાર ના કરી શકાય. તેનું કારણ એ કે, ભારતમાં સજાતીય સંબંધો ગુનો નથી, બંધ બારણે ચાલતા સજાતીય સંબંધો કાયદેસર રીતે માન્ય છે, પણ સજાતીય લગ્ન માન્ય નથી. લગ્નનો આધાર જ બે વ્યક્તિ વચ્ચેના સંબંધ છે, પણ તેને માન્યતા નથી અપાતી. આ વિરોધાભાસ મુદ્દે કેન્દ્ર સરકારે દલીલ કરેલી કે, દેશના દરેક નાગરિકને પ્રેમ કરવાનો અને તેને વ્યક્ત કરવાનો અધિકાર છે. આ અધિકારમાં કેન્દ્ર સરકાર દખલ કરતી નથી, પણ તેનો અર્થ એ નથી કે તેમને લગ્ન કરવાની મંજૂરી આપવી જોઈએ. કેન્દ્રનું કહેવું હતું કે, સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવવાની માગ શહેરી એલિટ ક્લાસની છે અને સામાન્ય લોકોને તેની સાથે કંઈ લેવાદેવા નથી.

મોદી સરકારે સ્પેશિયલ મેરેજ એક્ટનો હવાલો આપીને કહેલું કે, સ્પેશિયલ મેરેજ એક્ટમાં સ્ત્રી અને પુરુષના લગ્નનો ઉલ્લેખ છે. સમલૈંગિક લગ્નને કાયદાકીય માન્યતા આપવામાં આવશે તો સ્પેશિયલ મેરેજ એક્ટ બનાવવાનો હેતુ નષ્ટ થશે અને તેની અસર સમગ્ર સમાજ પર પડશે. આ દલીલ કરીને કેન્દ્ર સરકારે વિરોધ કર્યો પછી સુપ્રીમ કોર્ટે આ મામલો પાંચ જજની બંધારણીય બેંચને સોંપ્યો હતો.

કેન્દ્રની દલીલોમાં દમ નહોતો, પણ સુપ્રીમ કોર્ટ પાસે કાયદો બદલવાનો અધિકાર જ નથી તો એ શું કરી શકે?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૧૧-૧-૨૦૨૫, શનિપ્રદોષ,

- ભારતીય દિનાંક ૨૧, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર રોહિણી બપોરે ક. ૧૨-૨૮ સુધી, પછી મૃગશીર્ષ.
- ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૩-૫૪ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૧ સ્ટા. ટા.,
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક.૦૯-૧૫, રાત્રે ક. ૨૨-૫૪
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ (તા.૧૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - દ્વાદશી. તિથિવાસર સવારે ક. ૦૮-૨૧, તેરસ ક્ષય તિથિ છે. શનિપ્રદોષ, શનિ રોહિણી અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૨-૩૦ (પ્રયાણે વર્જ્ય). શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ રોહિણી અમૃત સિદ્ધિયોગમાં ચંદ્ર -શનિ દેવતાનું પૂજન, શ્રી વિનાયક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, હનુમાન ચાલિસા, સુંદરકાંડ વાચન, બ્રહ્માજીનું, ધ્રુવ દેવતાનું પૂજન, જાંબુનું -ખેરનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શનિ પ્રદોષ વ્રત ઉપવાસ-રાત્રિ જાગરણ, શીવ પરિવાર પૂજા, મંદિરમાં પાટ અભિષેક પૂજા, ધજા -કળશ-પતાકા ચઢાવવી. મુંડન કરાવવું નહિ. બગીચાનાં કામકાજ, નિત્ય થતાં દુકાન, વેપાર, દસ્તાવેજ, પશુ લે-વેચનાં કામકાજ, બી વાવવું, ધાન્ય ભરવું. માલ વેચવો, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ઘરે લાવવું. મિત્રતા કરવી. નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ : બહુજ પહોંચેલા, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ : ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ , ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૧૨).
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## કેનેડાના વડા પ્રધાન તરીકે ભારતીય મૂળના ચંદ્ર આર્યની શક્યતા

ઓટાવાઃ કેનેડાના ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યએ ઘોષણા કરી છે કે તેઓ લિબરલ નેતૃત્વ માટે વડા પ્રધાન પદની ચૂંટણી લડશે. જેમાં દેશને એક 'સાર્વભૌમ પ્રજાસત્તાક' બનાવવા, નિવૃત્તિ વય વધારવા, નાગરિકતા-આધારિત કર પ્રણાલી શરૂ કરવા અને પેલેસ્ટાઇન રાજ્યને માન્યતા આપવાનું વચન આપવામાં આવ્યું છે. કર્ણાટકમાં જન્મેલા ઓટાવાના સાંસદે ગુરુવારે સવારે આ જાહેરાત કરી હતી.

એક નિવેદનમાં આર્યએ જણાવ્યું કે તેઓ કેનેડાને એક સાર્વભૌમ પ્રજાસત્તાક બનાવવા માગે છે, જેના માટે રાજાશાહીએ રાજ્યના પ્રમુખના રૂપમાં બદલવું પડશે. હવે સમય આવી ગયો છે કે કેનેડા તેના ભાગ્યને સંપૂર્ણ રીતે પોતાના હાથમાં લે. સીબીસીના અહેવાલ અનુસાર આર્યએ કહ્યું કે તેઓ એક નાની, વધુ કાર્યક્ષમ સરકારનું નેતૃત્વ કરવા માગે છે, જેનું મંત્રીમંડળ ગુણવત્તાના આધારે પસંદ કરવામાં આવશે, (વિવિધતા, સમાનતા અને સમાવેશ) ક્વોટાના આધારે નહીં. તેમના બહુ-પૃષ્ઠોની ઘોષણામાં નીતિગત પ્રસ્તાવોની એક યાદી સામેલ છે, જેમાં ૨૦૪૦ સુધીમાં નિવૃત્તિ વય બે વર્ષ વધારવા, નાગરિકતા-આધારિત કર પ્રણાલી લાગુ કરવા અને પેલેસ્ટાઇનને એક રાજ્ય તરીકે માન્યતા આપવાનો સમાવેશ થાય છે.

નેપિયનના ઉપનગરમાં ૨૦૧૫માં પ્રથમ વખત ચૂંટાયેલા આર્યએ કહ્યું કે હું કેનેડાના આગામી વડા પ્રધાન બનવા માટે ચૂંટણી લડી રહ્યો છું. જેથી હું આપણા રાષ્ટ્રનું પુનર્નિમાણ કરવા અને ભાવિ પેઢીઓ માટે સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક નાની, વધુ કાર્યક્ષમ સરકારનું નેતૃત્વ કરી શકું. તેમણે વધુમાં કહ્યું કે આપણે પેઢી દર પેઢી જોવા ન મળેલી નોંધપાત્ર માળખાકીય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ અને તેને ઉકેલવા માટે કઠિન વિકલ્પોની જરૂર પડશે. ગયા વર્ષે આર્ય ભારત આવ્યા હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

ટોરોન્ટો સ્ટાર અખબારે જણાવ્યું કે આર્ય હિંદુ કેનેડિયન લોકોના કટ્ટર સમર્થક છે અને ઓટાવા અને નવી દિલ્હી વચ્ચેના સંબંધો અને કેનેડામાં શીખ અલગતાવાદીઓની કાર્યવાહી અંગેના તેમનાં મંતવ્યોને લઇને તેમના લિબરલ કોકસ સાથીદારો સહિત અન્ય સાંસદો સાથે બાથ ભીડી ચૂક્યા છે. ટોરોન્ટો સ્ટાર અનુસાર અત્યાર સુધી આર્યા અને પૂર્વ સાંસદ ફ્રેન્ક બેલિસ એકમાત્ર એવા ઉમેદવારો છે જેમણે ઔપચારિક રીતે ચૂંટણી લડવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે.

## વડા પ્રધાન મોદીની પોડકાસ્ટમાં એન્ટ્રી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનો પહેલો પોડકાસ્ટ રેકોર્ડ કર્યો છે. જે શુક્રવારે રિલીઝ થવાની સંભાવના છે. આ સાથે વડા પ્રધાને પોડકાસ્ટમાં પણ એન્ટ્રી કરી લીધી છે.

પોડકાસ્ટ હોસ્ટ કરનાર ઝીરોધાના સહ-સ્થાપક નિખિલ કામથ દ્વારા રજૂ કરાયેલા ટ્રેલરમાં મોદી યાદ કરે છે કે ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના એક ભાષણમાં તેમણે કહ્યું હતું કે ભૂલો થાય છે અને તેઓ પણ કેટલીક ભૂલો કરી શકે છે. વડા પ્રધાને ટ્રેલરમાં કહ્યું કે હું પણ ભગવાન નથી, એક માણસ છું.

વડા પ્રધાને રાજકારણમાં સારા લોકો આવે તેની પણ હિમાયત કરી હતી. તેમજ તેઓએ મહત્ત્વાકાંક્ષા નહીં પરંતુ એક મિશન સાથે આવવું જોઇએ એ વાત પર ભાર મૂક્યો હતો. એક્સ પર ટ્રેલર શેર કરતા મોદીએ જણાવ્યું કે મને આશા છે કે તમને બધાને એટલું જ ગમશે જેટલું અમને તમારા માટે બનાવવામાં આનંદ આવ્યો છે.

## પ્રસાર ભારતીએ મહાકુંભને સમર્પિત 'કુંભવાણી' એફએમ ચેનલ શરૂ કરી

મહાકુંભ નગર : જાહેર પ્રસારણકર્તા પ્રસાર ભારતીના રેડિયો વિભાગ આકાશવાણીએ શુક્રવારે 'કુંભવાણી' એક એફએમ ચેનલ શરૂ કરી - જે મહા કુંભ ૨૦૨૫ સંબંધિત માહિતી પ્રસારિત કરવા માટે સમર્પિત છે.

યુપી સરકારે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ૧૦૩.૫ મેગાહર્ટ્ઝ પર પ્રસારણ કરતી આ ચેનલ ૧૦ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી પ્રસારિત થશે, જે દરરોજ સવારે ૫.૫૫ થી રાત્રે ૧૦.૦૫ વાગ્યા સુધી કાર્યરત રહેશે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે તેમના પ્રયાગરાજ પ્રવાસના બીજા દિવસે સર્કિટ હાઉસ ખાતે એફએમ ચેનલનું ઉદ્ઘાટન કરીને જણાવ્યું હતું કે પ્રસાર ભારતીએ મહાકુંભ વિશે વ્યાપક માહિતી પ્રસારિત કરવા માટે ઓટીટી-આધારિત કુંભવાણી એફએમ ચેનલ શરૂ કરી છે.

આદિત્યનાથે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે 'કુંભવાણી' માત્ર લોકપ્રિયતાની નવી ઊંચાઈઓ સુધી જ નહીં પરંતુ મહાકુંભની ભાવનાને દૂરનાં ગામડાઓમાં પણ ફેલાવશે જ્યાં ઘણા લોકો, તેમની ઇચ્છા હોવા છતાં, શારીરિક રીતે કાર્યક્રમમાં હાજરી આપી શકતા નથી.

તેમણે ભાર મૂક્યો હતો કે આ ચેનલ દૂરના સમુદાયો સુધી મહાકુંભ વિશેની તમામ સંબંધિત માહિતી પહોંચાડવા માટે એક મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે સેવા આપશે.

## ૨૦૨૪નું વર્ષ સૌથી વધુ ગરમ રહ્યું

નવી દિલ્હીઃ વિશ્વમાં ગયા વર્ષે એટલે કે ૨૦૨૪ની સાલમાં વિક્રમજનક ગરમી પડી હતી અને તે સૌથી વધુ ગરમ વર્ષ રહ્યું હતું.

વૈશ્વિક તાપમાનની સરેરાશ, દુનિયામાં ઔદ્યોગિકીકરણની મોટા પાયે શરૂઆત થઇ, તેની પહેલાંના એટલે કે ૧૮૫૦થી ૧૯૦૦ના સમયગાળાના ઉષ્ણતામાન કરતાં ૨૦૨૪ની સાલ દરમિયાન ૧.૬ અંશ સેલ્સિયસ વધારે હતી.

સાલ ૨૦૨૪માં જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળા દરમિયાન દરેક મહિને તાપમાન ૨૦૨૩ કરતાં વધુ રહ્યું હતું, જ્યારે જુલાઇથી ડિસેમ્બરના સમયગાળામાં (ઑગસ્ટને બાદ કરતા) ઉષ્ણતામાન ૨૦૨૩ કરતાં થોડું ઓછું રહ્યું હતું.

કોપરનિકસ ક્લાઇમેટ ચેન્જ સર્વિસ (સીથ્રીએસ)ના વિજ્ઞાનીઓએ આ સંબંધમાં જણાવ્યું હતું કે વૈશ્વિક તાપમાન નોંધવાનું સત્તાવાર રીતે ૧૮૫૦ની સાલમાં શરૂ થયું, તે પછી ૨૦૨૪નું વર્ષ સૌથી ગરમ રહ્યું હતું. વર્ષ ૧૮૫૦થી ૧૯૦૦ સુધીના સમયગાળાના તાપમાનની સરેરાશ કરતાં ૨૦૨૪માં ગરમી ૧.૬ અંશ સેલ્સિયસ વધારે રહી હતી.

કોલસા, ગૅસ, પેટ્રોલિયમ ઉત્પાદનો, ખનિજ તેલ જેવા ઈંધણના વપરાશમાંના વધારાને લીધે વિશ્વમાં ગરમી વધી રહી છે.

પર્યાવરણ ક્ષેત્રના નિષ્ણાત હરજિત સિંહે જણાવ્યું હતું કે વિશ્વભરમાં ગરમી વધતી અટકાવવા માટે મોટા ભાગના ઘર સહિતની ઇમારતો, શહેરો અને આંતરિક માળખાની નવી ડિઝાઇન તૈયાર કરવી જોઇએ કે જેથી શહેરોમાં પાણી, અનાજ અને ઊર્જાની જાળવણી કરવાની સાથે પર્યાવરણનું સમતુલન સચવાઇ રહે. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની આસપાસના વિસ્તારોમાંનો બરફ ઉષ્ણતામાનમાંના વધારાને લીધે ઝડપથી પીગળી રહ્યો છે. (એજન્સી)

## ન્યૂ યોર્કમાં ભારતીયની ઈમારતમાં ભીષણ આગ

ન્યૂ યોર્કઃ અહીં ગુરુવાર અને શુક્રવાર વચ્ચેની રાતે અંદાજે દોઢથી બે વાગ્યાની વચ્ચે ઓલઅર્ટન સેક્શનમાં બ્રોનક્સના વોલેસ એવેન્યુ બિલ્ડિંગમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં અગ્નિશામક દળના કેટલાક જવાન મળીને ઓછામાં ઓછા સાત જણ ઘાયલ થયા હતા.

બ્રોનક્સમાં આગનો ભોગ બનેલી ઇમારત ૨૯૧૦ વોલેસ એવેન્યુના માલિક મૂળ ભારતના પંજાબના વેદ પ્રકાશ હોવાનું કહેવાય છે. ઇમારતના ઉપલા માળે લાગેલી આગ ઝડપથી ફૂંકાતા પવનને લીધે અનેક માળ પર ફેલાઇ હતી.

ઇમારતના રહેવાસીઓને રાતના નજીકમાં આવેલી શાળામાં રાખવામાં આવ્યા હતા. પાંચ ઘાયલને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યારે બાકીનાને પ્રાથમિક સારવાર આપીને રજા અપાઇ હતી.

અગ્નિશામક દળને આગ ઓલવતા અનેક કલાક લાગ્યા હતા. આ આગનું સ્પષ્ટ કારણ મોડી રાત સુધી જાણવા નહોતું મળ્યું.

## ઉત્તર પ્રદેશના વિધાનસભા ભવનની સામે પરિવારે કર્યો આત્મદાહનો પ્રયાસ, પોલીસે બચાવ્યો

લખનઊ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના લખનઊમાં હઝરતગંજમાં આવેલા વિધાનસભા ભવનની સામે નિગોહાંથી આવેલા એક પરિવારે આત્મદાહ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસે પરિવારને બચાવી લીધો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, શુક્રવારે બપોરે વિધાનસભા ભવનની સામે રાજકમલ રાવતે પોતાની સમસ્યાઓને લઇને પોતાની પત્ની અને બાળકો સાથે પોતાની જાતને આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે તેમને આમ કરતા અટકાવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં નિગોહાંના કાંટા ગામના એક યુવક શહંશાહને રાત્રે તેના ઘરની બહાર ગોળી મારી દેવામાં આવી હતી. શહંશાહે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે તેના જ ગામના રાજકમલે તેને ગોળી મારી હતી. આ બંને વચ્ચે જમીનનો વિવાદ ચાલતો હતો.

શહંશાહના નિવેદનના આધારે આરોપી રાજકમલ ( આજે આત્મદાહ કરનાર વ્યક્તિ)ની ધરપકડ કરવામાં આવી હતી અને તેની પાસેથી એક હથિયાર પણ મળી આવ્યું હતું. આ પછી રાજકમલને કોર્ટે જેલમાં મોકલી દીધો હતો.પોલીસના જણાવ્યા અનુસાર રાજકમલ ચાર દિવસ પહેલા જ જેલમાંથી બહાર આવ્યો હતો. તેણે આરોપ લગાવ્યો હતો કે શહંશાહ અને તેના નજીકના સાથીઓએ તેની સામે ખોટો કેસ દાખલ કર્યો હતો જેના કારણે તેને જેલમાં જવું પડ્યું હતું. તેના કહેવા પ્રમાણે, જેલમાંથી બહાર આવ્યા બાદ પણ તેને અને તેના પરિવારને હેરાન કરવામાં આવી રહ્યો છે.

રાજકમલે આરોપ લગાવ્યો હતો કે વિરોધીઓ તેને પરેશાન કરતા હોવાના કારણે તે પરિવાર સાથે આત્મદાહ કરવા માટે અહીં આવ્યો હતો. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

## દિલ્હીની શાળાઓમાં બૉમ્બ ધમકી મામલે ૧૨મા ધોરણના વિદ્યાર્થીની ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે ૧૨મા ધોરણના એક વિદ્યાર્થીની ધરપકડ કરી છે. જેણે છેલ્લા કેટલાક અઠવાડિયામાં રાષ્ટ્રીય રાજધાનીની ૨૩થી વધુ શાળાઓને બોંબની ધમકી મોકલી હતી, કારણ કે તે પરીક્ષા આપવા માગતો ન હતો. આ માહિતી સૂત્રોએ શુક્રવારે આપી હતી. ગુરુવારે લગભગ ૧૦ શૈક્ષણિક સંસ્થાઓને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જે શહેરમાં આવી ઘટનાઓની શ્રેણીમાં નવીનતમ છે. સૂત્રોએ જણાવ્યું કે દક્ષિણ જિલ્લા પોલીસે ગુરુવારે સાંજે ધમકીના સંબંધમાં ધોરણ ૧૨ના એક સગીર વિદ્યાર્થીની ધરપકડ કરી હતી. શરૂઆતમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસ વધુ વિગતો શેર કરવા માટે તેના મુખ્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સ કરશે, પરંતુ પાછળથી તે રદ્દ કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીએ ૨૩ અલગ અલગ શાળાઓમાં બોંબની ધમકી મોકલી હતી, કારણ કે તે શાળાની પરીક્ષા આપવા માગતો ન હતો. તેણે આતંક ફેલાવવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. એક સૂત્રએ જણાવ્યું કે વિદ્યાર્થીને ભૂતકાળની ઘટનાઓમાંથી આ વિચાર આવ્યો અને તેણે વર્ચ્યુઅલ પ્રાઇવેટ નેટવર્ક(વીપીએન)નો ઉપયોગ કરીને પોતાનું આઇપી એડ્રેસ બદલવાની અને વિવિધ શાળાઓને ધમકીભર્યા ઇમેલ મોકલવાની યોજના ઘડી હતી. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## પહેલા પાનાનું ચાલુ

### જળમાર્ગોના વિકાસ

દસ જેટી, દિલ્હીમાં યમુના નદીમાં બે જેટી તેમ જ જમ્મુ અને કાશ્મીરની ઝેલમ નદીમાં સાત જેટી તૈયાર કરવાનો નિર્ણય લેવાયો હતો.

આ બેઠકમાં આસામના મુખ્ય પ્રધાન હિમંત વિશ્વ સરમા, બંદરો, જહાજ અને જળમાર્ગોને લગતા રાજ્ય કક્ષાના પ્રધાન શાંતનુ ઠાકુર અને ગોવાના બંદર ખાતાના પ્રધાન, આસામ, મણિપુર, જમ્મુ અને કાશ્મીર, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન હાજર રહ્યા હતા. (એજન્સી)

### ૧૦,૦૦૦ ઘર બળીને

સુધીમાં પડોશી વેન્ચુરા કાઉન્ટી સુધી ફેલાઇ ગઇ હતી. થોડા કલાકો પહેલા જ અધિકારીઓએ શાંત પવન અને રાજ્ય બહારના અગ્નિશામકોની મદદથી ક્ષેત્રમાં લાગેલી જંગલની આગને કાબૂમાં લેવાના પ્રથમ સંકેતો દેખાયાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આ આગે અત્યાર સુધીમાં ૧૦નો ભોગ લીધો છે.

લોસ એન્જલસના મેયર કરેન બાસે જણાવ્યું કે તેજ પવન ફૂંકાઇ રહ્યો હોવાથી આગ ઝડપથી ફેલાવાની સંભાવના છે. તેમણે આગાહીનું પુનરાવર્તન કરતા કહ્યું કે ગુરુવાર સાંજથી શુક્રવાર સવાર સુધી તેજ પવન ફૂંકાશે. ભારે પવનને કારણે આગ વધુ ભડકતા ગભરાટમાં લોકો સ્થળાંતર કરવા લાગ્યા હતા. જો કે હવામાન આગાહીકારોએ ચેતવણી આપી હતી કે આગનું જોખમ શુક્રવાર સુધી રહેશે. પેસિફિક પેલિસેડ્સ અને અલ્ટાડેનામાં લાગેલી આગ સહિત સમગ્ર પ્રદેશમાં ફેલાયેલી આગને કાબૂમાં લેવા માટે અગ્નિશામકોએ ભારે જહેમત ઉઠાવી હતી, જે ગુરુવાર સાંજ સુધી સળગતી રહી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર અગ્નિશામકોએ પેલિસેડ્સ આગને કંઇક અંશે કાબૂમાં લઇ લીધી છે. મંગળવારે શરૂ થયેલી પેલિસેડ્સ આગમાં લોસ એન્જલસમાં પેસિફિક પેલિસેડ્સના દરિયા કિનારાના વિસ્તાર બળીને રાખ થઇ ગયા હતા. ગુરુવાર સાંજ સુધીમાં તેના પર કાબૂ મેળવી શકાયો ન હતો. આગ ૬ ટકા કાબૂમાં આવી ગઇ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. જિલ્લા અધિક્ષક આલ્બર્ટો કાર્વાલ્હોએ ગુરુવારે સાંજે જણાવ્યું હતું કે આગને કારણે લોસ એન્જલસની તમામ યુનિફાઇડ શાળાઓ અને ઓફિસો શુક્રવારે બંધ રહેશે.

ગવર્નર ગેવિન ન્યેસોમે ગુરુવારે જણાવ્યું કે વેસ્ટ હિલ્સ અને કેલાબાસાસ નજીક ઝડપથી ફેલાતી કેનેથ આગને કાબૂમાં લેવા માટે ૯૦૦ વધારાના અગ્નિશામકો તૈનાત કરવામાં આવી રહ્યા છે. આગ શરૂ થયાના કલાકોમાં જ તેનું કદ વધી ગયું હતું. એક ચોરસ માઇલ(૨.૬ ચોરસ કિલોમીટર)થી વધુનો વિસ્તાર બળી ગયો. આગાહીકારોનું માનવું છે કે આગનું ઊંચું જોખમ શુક્રવાર સુધી રહેશે.

હવામાન અને તેની અસરો અંગે માહિતી પ્રદાન કરતી ખાનગી કંપની એક્યુવેધરે જણાવ્યું કે જંગલની આગથી કુલ નુકસાન ૧૫૦ બિલિયન અમેરિકન ડૉલર સુધી પહોંચી શકે છે. આ ખાનગી કંપનીએ ગુરુવારે નુકસાન અને આર્થિક નુકસાનનો અંદાજ વધારીને ૧૩૫-૧૫૦ બિલિયન અમેરિકન ડૉલર કર્યો હતો. અગાઉ કંપનીએ ૫૭ બિલિયન અમેરિકન ડૉલરનું નુકસાન થયાનું અનુમાન લગાવ્યું હતું.

### ડોનલ્ડ ટ્રમ્પના

કરી હતી. ન્યાયાધીશ જુઆન એમ. મેર્ચેને ટ્રમ્પના ખટલાની સુનાવણી કરી હતી અને તેમને દોષી જાહેર કર્યા હતા, પણ અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખને જેલ કે દંડ વિના છોડી દીધા હતા.

ટ્રમ્પે પોતે અમેરિકાના પ્રમુખ ચૂંટાયા હોવાથી સજામાંથી માફી મળવી જોઇએ એવી દલીલ ન્યાયાધીશે નકારી કાઢી હતી.

ટ્રમ્પને 'બિઝનેસ રેકોર્ડ્સ' સાથે ચેડાં કરવાના અંદાજે ૩૪ કેસમાં મે મહિનામાં દોષી ઠરાવાયા હતા. તેમાં તેમણે પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને ૨૦૧૬માં પોતાની 'ખરાબ વાત' જાહેર નહિ કરવા બદલ લાંચ આપી હોવાના ગુનાનો સમાવેશ થાય છે.

પરણેલા ડોનલ્ડ ટ્રમ્પે આ પોર્ન સ્ટાર સાથે સેક્સ માણ્યું હોવાનો અને બાદમાં પોતાની આ વાત જાહેર નહિ કરવા લાંચ આપી હોવાનો આક્ષેપ છે. અગાઉ, ટ્રમ્પે પાંચ નવેમ્બરની પ્રમુખપદની ચૂંટણી જીતી તે પછી ન્યાયાધીશે તેમની સજા સંભળાવવાની તારીખ પાછળ ઠેલી હતી. (એજન્સી)

# ઉત્તરાયણ દરમિયાન પવનની ગતિ ૧૦-૧૫ કિ.મી. પ્રતિકલાક રહેશેઃ હવામાન વિભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી અઠવાડિયે ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવશે અને તે દરમિયાન હવામાન કેવું રહે છે તેના પર પતંગરસિયાઓની નજર છે. એક તરફ રાજ્યના હવામાનમાં પલટો આવવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે હવામાન વિભાગે મહત્ત્વની આગાહી કરી હતી. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એ.કે. દાસ દ્વારા આજથી ૭ દિવસ માટે રાજ્યનું હવામાન સૂકું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી, એટલે કે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી નથી. આ સાથે જ ઠંડીના જોરમાં પણ ઘટાડો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

એ.કે. દાસે વધુમાં જણાવ્યું હતું કે, આગામી ૭ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવનાઓ છે અને લઘુતમ તાપમાન આગામી ૨૪ કલાકમાં ૨-૩ ડિગ્રી ઊંચું જવાની શક્યતાઓ છે, પરંતુ તે પછી લઘુતમ તાપમાન ૨-૪ ડિગ્રી સેલ્સિયસ ઘટવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે, એટલે કે ઉત્તરાયણ દરમિયાન ઠંડીનો અનુભવ થશે. હાલ પવનની દિશા પૂર્વથી દક્ષિણ-પૂર્વની છે. રાજ્યમાં સૌથી નીચું તાપમાન નલિયામાં નોંધાયું છે, જે ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ છે. જ્યારે અમદાવાદમાં ૧૫.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આકાશ સાફ રહેવાની સંભાવનાઓ છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીની આસાપાસ રહેવાની સંભાવનાઓ છે.

દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પાસે એક સાઈક્લોનિક સર્ક્યુલેશન છે અને પવનની દિશા પૂર્વથી દક્ષિણ પૂર્વની છે જેની અસરથી લઘુતમ તાપમાનમાં વધારો થયો છે. જોકે, આ પછી ફરી રાજ્યના લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાની સંભાવનાઓ છે. ૧૪-૧૫ તારીખ દરમિયાન પવનની ગતિ ૧૦-૧૫ કિલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી હતી. હાલની સંભાવનાઓ પ્રમાણે પવનની દિશા પૂર્વથી દક્ષિણ-પૂર્વની રહી શકે છે. જોકે, ૧૩ તારીખે આ અંગે વધુ માહિતી આપવામાં આવશે.

# ઉત્તરાયણના તહેવાર અગાઉ અમદાવાદ પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઉત્તરાયણ પર્વની સલામતી અને સુરક્ષા હેઠળ ઉજવણી કરવા પોલીસે તૈયરીઓ શરૂ કરી છે. આ દરમિયાન ઉત્તરાયણના તહેવારને પગલે અમદાવાદ શહેર ઇન્ચાર્જ પોલીસ કમિશનર શરદ સિંઘલે જાહેરનામું બહાર પાડ્યું હતું. જે અંતર્ગત જાહેર માર્ગો પર પતંગ ઉડાડવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુસંધાને તા. ૧૦-૦૧-૨૦૨૫ થી ૩૧-૦૧-૨૦૨૫ સુધી કોઈ પણ વ્યક્તિ જાહેરમાર્ગ પર કોઈ પણ વ્યક્તિને ઇજા અથવા ભય પમાડે તેવી રીતે પતંગ ઉડાવી શકશે નહીં કે જાહેર માર્ગ ઉપર દોડી પતંગ પકડી શકશે નહી. જાહેર માર્ગો પર બેફામ રીતે પતંગ ઉડાડવા અંગે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩(૧) (બી), ૧૧૩ અંતર્ગત મળેલી સત્તા મુજબ આગામી ઉત્તરાયણના તહેવાર અનુસંધાને જાહેર માર્ગો ઉપર ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને માર્ગ અકસ્માતો થતાં નિવારવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનારા સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

રાજ્યના પેન્શનરોએ સરકાર સામે બાંયો ચઢાવી

# નવ મુખ્ય પ્રશ્નો નહીં ઉકેલાય તો આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સરકારી પેન્શનરોના નવ જેટલા પડતર પ્રશ્નો મુદ્દે અમદાવાદના પાલડીના ટાગોર હોલમાં અધિવેશન યોજાયું હતું. જેમાં પેન્શનરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના પેન્શનર ફેડરેશનના પ્રતિનિધિઓના અમદાવાદમાં મળેલા મહાઅધિવેશનમાં જૂની પેન્શન યોજના અને પેન્શનરનાં ૬૦ વર્ષ પછી દર પાંચ વર્ષે બેઝિક પેન્શનમાં ૫ ટકા વધારા સહિતના પ્રશ્નો નહીં ઉકેલાય તો સંગઠિત થઈ આંદોલન કરવાની ચીમકી અપાઈ હતી.

પેન્શનર ફેડરેશનના મહામંત્રી આર.એ. પટેલે સરકારને અપાયેલા ૯ પડતર પ્રશ્નો વિશે માહિતી આપતા પ્રશ્નો નહીં ઉકેલાય તો સરકાર સામે લડી લેવા આંદોલન કરાશે તેમ જાહેર કર્યું હતું. મુખ્ય ત્રણ મુદ્દાઓ ૧૦:૨૦:૩૦ના ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જુલાઈ-૨૦૦૮થી ઓક્ટોબર-૨૦૨૨ દરમિયાન નિવૃત્ત થયેલા પેન્શનરોને પણ મૂળ સ્વરૂપે આપવો, જૂની પેન્શન યોજનાનો અમલ ફરી શરૂ કરવો અને પેન્શનરોનાં ૬૦ વર્ષ બાદ દર પાંચ વર્ષે બેઝિક પેન્શનના પાંચ ટકાનો વધારો હોવાનું જણાવ્યું હતું.

અન્ય માગણીઓમાં પેન્શન તફાવત ચુકવણીના લાભ, પેન્શનરના વિધવા, ત્યક્તા કે અપરિણીત પુત્રીને કેન્દ્રના ધોરણે આજીવન ફૅમિલી પેન્શન, ૮મા પગાર પંચની સત્વરે જાહેરાત, તમામને આયુષ્યમાન કાર્ડ અને ૩૦ જૂને નિવૃત્ત થયેલાને એક ઇજાફાનો લાભ આપવા માગ કરાઈ હતી.

કાર્યક્રમમાં ફેડરેશનના અધ્યક્ષ ભરત પટેલે પેન્શનરોને સંગઠિત રહેવા અપીલ કરી હતી. ઑલ ઇન્ડિયા પેન્શનર ફેડરેશનના અધિક મહામંત્રી આર.એચ. પટેલે કેન્દ્ર સરકારમાં રજૂઆત માટે ભલામણ કરાશે તેમ જણાવ્યું હતું. કન્વિનર જે.જે. દરજી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં ઉત્તરાયણના બે દિવસ ફ્લાય ઓવરબ્રિજ પર ટૂ-વ્હિલર ચાલકો પર પ્રતિબંધ

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પતંગના દોરાથી રસ્તા પરથી પસાર થતાં વાહન ચાલકોનાં ગળાં કપાતાં હોવાથી પોલીસ અને મહાનગરપાલિકા દ્વારા એક નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ઉત્તરાયણના બે દિવસ સુધી શહેરના ફલાય ઓવર બ્રિજ પર ટુ વ્હિલર ચાલકો માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉત્તરાયણના બે દિવસ દરમિયાન ફલાય ઓવર બ્રિજ પરથી પસાર થતાં ટુ વ્હીલર વાહન ચાલકોને પતંગના દોરાના કારણે નાના મોટા અકસ્માતો અને ઈજાઓ પહોંચતી હોવાથી શહેર પોલીસ કમિશનર દ્વારા ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન ફલાય ઓવર બ્રિજ પર ટુ વ્હીલર ચાલક માટે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સુરત શહેરમાં ઘણા ફલાય ઓવર બ્રિજ બન્યા છે ફ્લેટના ધાબા અને ઓવરબ્રિજની ઊંચાઈ સરખી હોવાથી પતંગનો દોરો ફલાય ઓવરબ્રિજ પર પડતો હોય છે ત્યારે ટુ-વ્હીલર ચાલકોનાં ગળાં અને શરીરના ભાગે ઈજા થતાં નાના મોટા અકસ્માત થાય છે અને ઘણી વાર જાનહાનિ થતી હોય છે. આવા અકસ્માતને અટકાવવા માટે મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનર દ્વારા સંકલન કરીને આગામી મકરસંક્રાંતિ તહેવાર નિમિત્તે ૧૪મી જાન્યુઆરી અને ૧૫ જાન્યુઆરી બે દિવસ માટે સુરત શહેરના તમામ ફલાય ઓવર બ્રિજ પર ટુ વ્હીલર વાહનચાલક માટે સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. શહેરમાં તમામ ફલાય ઓવર બ્રિજના બંને છેડા પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. પતંગનો દોરો ઓવર બ્રિજ પર અન્ય વાહનચાલકને નડે નહીં તે માટે બ્રિજ પર તાર લગાવવામાં આવ્યા હતા. જેના કારણે અકસ્માત થતાં અટકાવવાનું નવું આયોજન મહાનગરપાલિકાના કમિશનર અને પોલીસ કમિશનર દ્વારા સંયુક્તપણે કરવામાં આવ્યું હતું.

# ભાવનગરમાં નકલી ઈન્વોઈસ અને ક્વોટેશન બનાવી કરોડોની છેતરપિંડી પકડાઈ

અમદાવાદઃ ભાવનગરમાં લઘુ ઉદ્યોગ શરૂ કરવા લઘુ ઉદ્યોગકારોને નાણાકીય સહાય મળે તે માટે સરકારની વિવિધ યોજના, કાર્યક્રમ અંતર્ગત મળતી સબસિડી કે લોનનો બૅન્ક ઑફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચમાં દુરૂપયોગ કરી નકલી ક્વૉટેશન અને ઈન્વોઈસ બિલોની મદદથી છેતરપિંડી કરવામાં આવી હતી.

લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આર્થિક સહાય આપવા કેન્દ્ર સરકાર પીએમ એમ્પલોયમેન્ટ જનરેટિંગ પ્રોગ્રામ, પીએમ મુદ્રા યોજના અને બાજપાઈ બૅંકેબલ યોજના જેવી યોજના હેઠળ લોન આપવામાં આવે છે. આ યોજનાનો દુરૂપયોગ કરી નકલી ક્વૉટેશન અને નકલી ઈનવોઈસ બિલો રજૂ કરી સરકારી યોજનાનો ગેરકાયદેસર લાભ લઈ સરકાર સાથે રૂપિયા ૧૦૧ કરોડથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હતી. છેતરપિંડી કરનારાઓ બૅન્ક ઑફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલીન ક્રેડિટ ઑફિસર, તત્કાલીન બ્રાંચ મૅનેજર અને તેના સાથીઓ સહિત ૨૮ શખસો વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ કરાતાં ખળભળાટ મચી ગયો હતો.

ફરિયાદ મુજબ ૨૦૨૩ નાણાકીય વર્ષમાં બૅન્ક ઑફ બરોડાની બ્રાંચનું ઑડિટ થયું હતું. જેમાં લોન લેનારાઓએ બનાવટી ઈનવોઈસ બિલો રજૂ કરી નાણાકીય સહાય મેળવી હતી. તેમ જ અરજીમાં ધંધાના સ્થળે મશીનરી કે ધંધાનું સ્થળ નહીં મળી આવતાં શંકા ઊભી થઈ હતી. અનુસંધાને ૨૪ જેટલા લાભાર્થીઓને નોટિસ પાઠવવામાં આવી હતી. જેમાંથી ૧૦ લોકોએ નોટિસ આપ્યાથી લોન ભરપાઈ કરી દીધી હતી, પરંતુ અન્ય લાભાર્થીઓએ લોન ભરી નહીં. રૂપિયા ૧,૦૧,૩૫,૩૪૧ની છેતરપિંડી આચરીને મસમોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. સમગ્ર કૌભાંડ બહાર આવ્યા બાદ મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલીન બ્રાંચ મૅનેજર શિવશંકર ઝા અને તત્કાલીન ક્રેડિટ ઑફિસર પ્રદીપ મારૂને સસ્પેન્ડ કરી દેવાયા હતા બાદમાં બૅન્કની ઈન્ટર્નલ ઈન્કવાયરી કરવામાં આવી હતી. ઘટનાને પગલે બૅન્ક ઑફ બરોડાના રિજનલ હેડે ડોક્યુમેન્ટસ સાથે ચેડાં કરી વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરવા બદલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ભાવનગર પોલીસે પુરાવાના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દમણ એક્સાઇઝ વિભાગના દારૂના ગોડાઉનમાંથી જ લાખો રૂપિયાના સરકારી દારૂની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એક્સાઇઝ વિભાગના દારૂના ગોડાઉનમાંથી જ લાખો રૂપિયાનો સરકારી દારૂ ચોરી કરીને ગુજરાતમાં જ વેચી માર્યો હોવાનો ઘટસ્ફોટ થતાં ખળભળાટ મચી ગયો હતો. જોકે દમણ પોલીસે ગણતરીના કલોકોમાં જ સરકારી દારૂ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

એક્સાઇઝ વિભાગને ચોરીની વાત ધ્યાને આવતાં આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. મોટી દમણ વિસ્તારમાં કોટ વિસ્તારમાં એક્સાઇઝ વિભાગનું ગોડાઉન આવેલું છે જ્યાં વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવતા દારૂનો કરોડો રૂપિયાની કિંમતનો દારૂ સંગ્રહ કરવામાં આવ્યો હતો.

આ જપ્ત કરેલા દારૂમાંથી રૂપિયા ૧૪ લાખથી વધુની કિંમતના ૩૭૫થી વધુ વિદેશી દારૂની પેટીઓની ચોરી થઈ હોવાની ફરિયાદ દાખલ કરી હતી. આથી દમણ પોલીસે દારૂ ચોરીનો ભેદ ઉકેલવા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરી અને અન્ય ટેકનિકલ સર્વેલન્સના આધારે દમણ પોલીસે દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. દમણ પોલીસે આ મામલામાં ૯ આરોપીઓની ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સરકારી દારૂ ચોરીની ઘટનામાં પોલીસની તપાસમાં ચોંકાવનારી વાત બહાર આવી હતી. મોટી દમણના વિશાલ હળપતિ અને હિરલ હળપતિ નામના બે માસ્ટરમાઈન્ડે તેમના મિત્રોની એક ગૅંગ બનાવી અને સૌ પ્રથમ એક્સાઇઝ વિભાગના આ દારૂના ગોડાઉનની રેકી કરી હતી. ત્યાર બાદ મોકો મળતાં જ રાત્રે ગોડાઉનની છતનાં પતરાંનાં સ્ક્રૂ ખોલીને પતરાં ખસેડી અને ગોડાઉનમાંથી એક પછી એક ૩૭૫થી વધુ વિદેશી દારૂની પેટીઓની ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા.

# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ૧૭૧ અધિકારીઓની એકસાથે બદલી

અમદાવાદઃ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)માં મોટા પાયે બદલી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા જીપીસીબીના કુલ ૧૭૧ અધિકારીઓની બદલી કરી હતી. જેમાં વૈજ્ઞાનિક અધિકારીઓ, સિનિયર વૈજ્ઞાનિક અધિકારીઓ, નાયબ પર્યાવરણ ઈજનેરો, મદદનીશ પર્યાવરણ ઈજનેરોના અધિકારીઓનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિક અધિકારીઓમાં વર્ગ-૨ના ૬૦ વૈજ્ઞાનિક અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. જ્યારે સિનિયર વૈજ્ઞાનિક અધિકારીઓમાં વર્ગ-૧ના ૧૦ સિનિયર વૈજ્ઞાનિક અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. નાયબ પર્યાવરણ ઈજનેરોમાં વર્ગ-૨ના ૩૪ નાયબ પર્યાવરણ ઈજનેરોની બદલી કરવામાં આવી હતી. મદદનીશ પર્યાવરણ ઈજનેરોમાં વર્ગ-૨ના ૬૭ મદદનીશ પર્યાવરણ ઈજનેરોની બદલી કરવામાં આવી હતી. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા આ બદલીનાં કારણો હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યાં નથી. જોકે, આવા ફેરફારો સામાન્ય રીતે કાર્યક્ષમતા વધારવા માટે કરવામાં આવતા હોય છે. જોકે, બોર્ડમાં નવા ફેરફારથી કામમાં સુધારો થાય તેવી શક્યતાઓ દર્શાવાઈ રહી છે.

# ગુજરાતમાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૩૦૦થી ઓછા વિદ્યાર્થી માટે કેન્દ્ર ફાળવાશેઃ શિક્ષણ બોર્ડની જોગવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની મુખ્ય પરીક્ષા આગામી ૨૭મી ફેબ્રુઆરીથી લેવાશે. આ પરીક્ષા માટે શિક્ષણ બોર્ડ દ્વારા નવી જોગવાઈ કરી હતી. જે મુજબ હવે ૩૦૦થી ઓછા વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવશે. પરીક્ષા કમિટી હવે આગામી સમયમાં ભૌગોલિક પરિસ્થિતિ અને તેનાં પરિબળોના આધારે આ કેન્દ્રોનું મૂલ્યાંકન કરીને મંજૂરી આપશે. તે ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા પણ પરીક્ષા સમિતિની રચનાનો વિસ્તાર કરીને તેમાં સંયુક્ત નિયામક અને નાયબ નિયામકનો સમાવેશ કર્યો હતો. પરીક્ષા સમિતિ દ્વારા વિવિધ પાસાઓની સમીક્ષા કરશે. જેમાં નવા કેન્દ્રોને મંજૂરી આપવા અને નિયમોનું ઉલ્લંઘન કરે તેવાં કેન્દ્રોને રદ કરવા સહિતના મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આગામી ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૩મી માર્ચ સુધી ચાલશે. દર વર્ષે બોર્ડની પરીક્ષા ૧૫ માર્ચથી શરૂ કરવામાં આવે છે, પરંતુ ચાલુ વર્ષે પરીક્ષાનું આયોજન ૧૫ દિવસ વહેલું કરવામાં આવ્યું છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય ૧૦થી ૧.૧૫ સુધીનો રહેશે. જ્યારે ધોરણ ૧૨નો સમય ૩થી ૬.૧૫ સુધીનો રહેશે.

# રાજ્યમાં એચએમપીવી વાઈરસના કેસો નોંધાતા અમદાવાદ સહિતના વિસ્તારોમાં માસ્ક અને સેનિટાઈઝરની ડિમાન્ડ 30 ટકા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચીનમાં ફેલાયેલા હ્યુમન મેટાન્યુમો વાઈરસના ગુજરાતમાં કેસ નોંધાયા બાદ અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આરોગ્ય સંસ્થાઓ અને હૉસ્પિટલોમાં ફેસ માસ્ક અને સેનિટાઈઝરની ડિમાન્ડ ૨૦થી ૩૦ ટકા વધી જવા પામી હતી. આ અંગે આરોગ્ય વિભાગના અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં હ્યુમન મેટાન્યુમો વાઈરસના કેસ અંગે કોઈને પણ ગભરાવાની જરૂર નથી. આરોગ્ય સંસ્થાઓ અને હૉસ્પિટલો દ્વારા સુરક્ષાની અગમચેતીને કારણે માસ્ક અને સેનિટાઈઝરનો સ્ટોક કરવામાં આવતાં રીટેલ માર્કેટમાં તેની ડિમાન્ડ વધી હોઈ શકે છે.

ગુજરાત રાજ્યના કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ ઍસોસીએશનના ચૅરમૅન અલ્પેશ પટેલે જણાવ્યું હતું કે, સરકારી અને ખાનગી હૉસ્પિટલો, સરકારી કચેરીઓ અને કૉર્પોરેટ હાઉસમાં માસ્ક અને સેનિટાઈઝરની ડિમાન્ડ વધવાથી રાજ્યમાં ૨૦થી ૩૦ ટકાનું વેચાણ વધ્યું છે. અમદાવાદમાં પણ થોડું વેચાણ વધ્યું છે. જેથી ૩૦ ટકાનો વધારો નોર્મલ કહી શકાય.

નિક્શી મલ્ટિપ્રોડક્ટ લિ.ના એમડી ચિરાગ કાબરાએ કહ્યું હતું કે, અમે સામાન્ય રીતે ૬૦ લાખ યુનિટ માસ્કનું ઉત્પાદન કરીએ છીએ. પરંતુ તાજેતરમાં એચએમપીવી વાઈરસનું સંક્રમણ દેખાતાં માસ્કનું ઉત્પાદન આ સિઝનમાં વધુ ૬ લાખ વધી ગયું હતું. સાંનિધ્ય મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલના ડાયરેક્ટર ડૉ. પારસ શાહે કહ્યું હતું કે, એચએમપીવી વાઈરસનો કોઈ ડર રાખવાની જરૂર નથી. અમે પ્રિકોશનને ધ્યાનમાં રાખીને માસ્ક અને સેનિટાઈઝરની ડિમાન્ડમાં ૨૦ ટકા જેટલો વધારો કર્યો છે.

# અમદાવાદ મનપામાં ટેક્નિકલ સુપરવાઈઝરના ભરતી કૌભાંડમાં વધુ ત્રણ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનની સહાયક ટેકનિકલ સુપરવાઈઝરની ભરતીમાં પોલીસે આ કેસમાં વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. મુખ્ય આરોપી પુલકિત સથવારાએ જણાવ્યું હતું કે, તેણે નળસરોવર ખાતે ફીશીંગના ધંધાની ભાગીદારી કરી હતી, જેમાં તેને રૂપિયા ૯૦ લાખ જેટલું નુકસાન થયું હતું. જે નુકસાન ભરપાઈ કરવા માટે તેણે આ કૌભાંડ આચર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની સહાયક ટેકનિકલ સુપરવાઈઝરની ભરતીમાં કેટલાક ઉમેદવારોના માર્ક્સમાં ચેડા કરીને કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ કારંજ પોલીસને મળી હતી. જે મામલે કારંજ પોલીસે મનપાના હેડ ક્લાર્ક પુલકિત સથવારાની ધરપકડ કરી હતી. આરોપી પુલકિત સથવારાએ વધુ એક ઉમેદવારના માર્ક્સમાં છેડછાડ કરીને નોકરી અપાવી હોવાનું બહાર આવ્યું હતું. સહાયક ટેકનિકલ સુપરવાઈઝર (લાઈટ)ની ભરતીમાં તેણે મૃગેશ નામની વ્યક્તિના માર્ક્સમાં છેડછાડ કરીને નોકરી અપાવી હતી. આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેણે જય અને મોનલ નામના ઉમેદવાર પાસેથી પાંચ લાખ જ્યારે તમન્ના અને મૃગેશ પાસેથી રૂપિયા સાત-સાત લાખ લેવાનું નક્કી કર્યું હતું. જેમાંથી તેને અગાઉ ૧૦ લાખ જેટલી રકમ પણ ચૂકવી દેવામાં આવી હતી. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા મોનલ લીંબાચિયા, જય પટેલ અને અશોક પટેલ નામના વધુ ત્રણ આરોપીની પણ ધરપકડ કરી હતી.

પોલીસને પુલકિત સથવારાના મહિન્દ્રા કોટક બૅન્ક, બૅન્ક ઑફ ઈન્ડિયા સહિત અન્ય કેટલીક બૅન્કોમાં એકાઉન્ટ મળી આવ્યાં છે. જે એકાઉન્ટ પણ પોલીસ દ્વારા સીઝ કરવામાં આવ્યાં છે. પોલીસે આરોપીને સાથે રાખીને જ્યારે મનપા ઑફિસમાં સર્ચ કર્યું ત્યારે છ નંગ હાર્ડ ડિસ્ક, માર્ક સ્ટેટમેન્ટ વગેરના ડેટાવાળી ત્રણ નંગ ડીવીડી મળી આવી હતી. જે તપાસ અર્થે એફએસએલ ખાતે પણ મોકલી આપવામાં આવી હતી.

# અમદાવાદમાં ફ્લાવર શોની એન્ટ્રી ટિકિટો ચોરાઈઃ લોકો પ્રિન્ટ કરેલી ટિકિટો લઈને આવતાં ઘટસ્ફોટ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં રિવરફ્રન્ટ પર શરૂ થયેલો ફ્લાવર શો હવે ૨૪ જાન્યુઆરી સુધી ચાલવાનો છે. આ ઉપરાંત હવે પ્રી વેડિંગ શૂટ અને ફિલ્મનું શૂટિંગ કરવાની પણ મંજૂરી આપવામાં આવી હતી. બીજી તરફ પ્રવાસીઓ પાસેથી તંત્ર દ્વારા પ્રવેશ માટે ઑનલાઈન ટિકિટો લેવાનો આગ્રહ રાખવા વચ્ચે પ્રિન્ટ કરેલી ટિકિટો ચોરાઈ જવાની ઘટના પ્રકાશમાં આવી હતી. લોકો પ્રિન્ટ કરેલી ટિકિટો લઈને આવતાં સમગ્ર કૌભાંડનો ઘટસ્ફોટ થયો હતો. અમદાવાદના ફ્લાવર શોમાં ઑનલાઇન ટિકિટ ખરીદીનું સર્વર ડાઉન થાય તો જ પ્રિન્ટ કરેલી ટિકિટોનો ઉપયોગ કરવો તેવી સૂચના આપવામાં આવી હતી, પરંતુ ગુરુવારે ઑનલાઇન સર્વર ચાલુ હોવા છતાં લોકો પ્રિન્ટ થયેલી ટિકિટો લઈને પહોંચતાં ટિકિટોની ચોરી થઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. અમદાવાદ મહાનગરપાલિકાએ જે કંપનીને ટિકિટ પ્રિન્ટ કરવાનો કૉન્ટ્રાક્ટ આપ્યો હતો. ત્યાંથી જ કોઈ કર્મચારીએ ટિકિટો ચોરી લીધી હોવાની શંકા ઉદ્ભવતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો.

આ મામલે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ ખાતે જનરલ મૅનેજર તરીકે ફરજ બજાવતા દીપક પટેલે સાબરમતિ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસો સામે વિશ્વાસઘાત અને બોગસ દસ્તાવેજો તૈયાર કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. થલતેજ ખાતે આવેલી કંપનીને ફ્લાવર શોની ટિકિટ પ્રિન્ટ કરવાની કામગીરી સોંપાઈ હતી. અમદાવાદ મહાનગરપાલિકાએ ૬.૫૦ લાખ ટિકિટો પ્રિન્ટ કરાવી હતી જેનો ઉપયોગ જરૂરિયાત પ્રમાણે કરવાનો હતો. ૧૮ ક્રિએશન કંપનીએ ટિકિટો પ્રિન્ટ કરીને તેને સીલબંધ બૉક્સમાં મહાનગરપાલિકાને સોંપી હતી. ગુરુવારે ફ્લાવર શોના એન્ટ્રી ગેટ નંબર ૪ પાસે કેટલાક લોકો પ્રિન્ટિંગ કરેલી ટિકિટ લઈને આવ્યા હતા. ફ્લાવર શોમાં તહેનાત કર્મીઓએ તરત જ જાણ કરી દેતાં દીપક પટેલ તેમની ટીમ સાથે ગેટ નંબર ૪ ઉપર પહોંચી ગયા હતા. ગેટ પર પહોંચ્યા બાદ ૭૦ રૂપિયાના દરની ૨૭ ટિકિટો અને ૧૦૦ રૂપિયાના દરની ૨૫ ટિકિટો બાવન લોકો પાસે મળી હતી. ત્યાર બાદ તેમણે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં પહોંચી પોલીસને સમગ્ર હકીકત જણાવી હતી.

# રાજ્ય સરકારે નવો પરિપત્ર જાહેર કરી ટાઉન પ્લાનિંગ સ્કીમ ફાઈનલ થયા બાદ અનામત પ્લોટ માટે ફેરફાર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યનાં મોટાં શહેરોમાં ટાઉન પ્લાનિંગ સ્કિમ ફાઈનલ થઈ ગયા બાદ અનામત પ્લોટના હેતુફેર સામે સરકાર દ્વારા નવા નિયમોને અમલમાં મૂકવામાં આવ્યા છે. મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળોને અનામત જગ્યામાંથી વધુ જમીનના વેચાણની છૂટ આપી હેતુફેર પર મર્યાદા જાહેર કરી હતી. ગુજરાતના શહેરી વિકાસ અને આવાસ વિભાગ દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ટીપી સ્કીમના અનામત પ્લોટમાં ઉમેરા અને બાદબાકી માટે ૨૫ ટકાની મર્યાદા જાહેર કરી હતી. પરિપત્ર પ્રમાણે શહેરી વિસ્તારોમાં બગીચા, મેદાન, પાર્કિંગ, સ્કૂલ જેવા હેતુસર અનામત રાખવામાં આવતા પ્લોટમાં ટીપી સ્કીમ ફાઈનલ થાય અથવા તો તેની પ્રાથમિક મંજૂરી મળ્યા બાદ તેને હેતુફેર કરી દેવામાં આવે છે. અધિકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે મોટાં શહેરોની દરેક ટાઉન પ્લાનિંગ સ્કીમમાં જમીન માલિકો પાસેથી ૪૦ ટકા જમીન સરકાર દ્વારા સંપાદિત કરાય છે. જેમાં ૧૫ ટકા રસ્તા માટે અને બાકીની ગાર્ડન, શહેરી, ગરીબો માટે આવાસ પાર્કિંગ, સ્કૂલ, મેદાન જેવી સામાજિક-કલ્યાણકારી સુવિધાઓ માટે અનામત રાખવામાં આવતા હોય છે. હવે સરકાર દ્વારા અમલી કરવામાં આવેલા નવા નિયમ મુજબ અનામત જમીનનાં મોટા ભાગનો ઉપયોગ નિશ્ચિત હેતુ માટે જ કરવો પડશે. સુધારા માટે સરકારને વારંવાર દરખાસ્ત થતી હોવાથી નવો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં નવા નિયમોમાં સરકારે મહત્ત્વનો ફેરફાર કર્યો હતો. કૉર્પોરેશન-સત્તામંડળો અનામતની વધુ જમીન વેચાણ કરી શકશે હવે ૧૦ને બદલે ૧૫ ટકા જમીન વેચી શકાશે.

# ધનંજય મુંડે મળ્યા છગન ભુજબળને

## અન્ન નાગરી પુરવઠા ખાતાનો અનુભવ હોવાથી માર્ગદર્શન અને આશીર્વાદ લેવા મળ્યો: ધનંજય મુંડે

મુંબઈ: બીડના સરપંચની હત્યાના મુદ્દે અત્યારે વિવાદમાં રહેલા મહારાષ્ટ્રના પ્રધાન ધનંજય મુંડે શુક્રવારે પોતાની પાર્ટીના નેતા અને એનસીપીના સિનિયર નેતા છગન ભુજબળને મળ્યા હતા.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને મુંડેએ કહ્યું હતું કે તેમણે અન્ન અને નાગરી પુરવઠા ખાતાનો પદભાર સ્વીકાર્યો હતો અને આ ખાતું પહેલાં કેટલાક વર્ષો સુધી સંભાળી ચૂકેલા ભુજબળના આશીર્વાદ અને માર્ગદર્શન મેળવવા માગતો હતો.

અહીં ઉલ્લેખનીય છે કે વિપક્ષ મુંડેનું રાજીનામું માગી રહ્યો છે. મુંડેના નજીકના સાથી વાલ્મિક કરાડની મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસ સાથે સંબંધિત ખંડણીના કેસમાં ધરપકડ થયા બાદ માગણી તીવ્ર બની છે.

અહીં ઉલ્લેખનીય છે કે ભુજબળ રાજ્યના પ્રભાવશાળી ઓબીસી નેતા છે અને બીડના પ્રકરણને હવે મરાઠા વિરુદ્ધ ઓબીસીનો રંગ લાગ્યો છે. મુંડે પોતે ઓબીસી છે. આવી સ્થિતિમાં ઓબીસી નેતા તરીકે ભુજબળ તેમની પડખે ઊભા રહે એવી અપેક્ષા હોઈ શકે છે.

અત્યારે છગન ભુજબળ પ્રધાનમંડળમાં સ્થાન ન મળવાને કારણે નારાજ છે અને બીજી તરફ ધનંજય મુંડેને કેબિનેટમાંથી પડતા મુકવા માટે જે આંદોલન ચાલી રહ્યું છે તેને કારણે એવી અટકળો વહેતી થઈ છે કે મુંડેનું રાજીનામું લઈને ભુજબળને પ્રધાનપદ આપવામાં આવી શકે છે.

આ મુદ્દે જોકે આ પહેલાં ભુજબળે એવો ખુલાસો કરી નાખ્યો છે કે તેઓ આવી રીતે પ્રધાનપદ મેળવવાના મતના નથી, પરંતુ આ બંનેની મુલાકાત પાછળ આ કારણ હોવાની શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

# મીઠ ચોકીના પુલ મુદ્દે રાજકરણ ટાળવા એને બારોબાર ખુલ્લો મુકાશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડ (પશ્ચિમ)માં મીઠ ચોકીમાં ટી શેપના ફ્લાયઓવરનો દક્ષિણ તરફનો ભાગ ટૂંક સમયમાં વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. જોકે રાજકીય ઘર્ષણ ટાળવા માટે પાલિકાના અધિકારીઓએ હવે કોઈ પણ ઉદ્ઘાટન સમારોહનું આયોજન નહીં કરતા મીઠ ચોકી પુલ બારોબાર ખુલ્લો મૂકવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. ફ્લાયઓવરના પહેલા તબક્કાનું ઉદ્ઘાટન ઑક્ટોબર, ૨૦૨૪ ઉત્તર મુંબઈના સાંસદ પીયૂષ ગોયલ દ્વારા કરવામાં આવ્યું હતું. જોકે આ ઘટનાથી કૉંગ્રેસ અને ભાજપના સભ્યો વચ્ચે આ પુલનું શ્રેય લેવા માટે મોટા પાયા પર રાજકીય ઘર્ષણ ફાટી નીકળી ગયું હતું.

મીઠ ચોકી ફ્લાયઓવરને બે મુખ્ય માર્ગ સાથે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેથી ટ્રાફિક મુવમેન્ટ સરળતાથી રહે અને મલાડમાં કનેક્ટિવીટી સુધારી શકાય. હાલ પૂર્વ તરફનો માર્ગ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે, જે ગિરધર પાર્ક બ્રિજ નજીકથી જે મલાડ ક્રિક પરથી પસાર થાય છે.

બ્રિજનો પશ્ચિમ તરફનો રોડ સેન્ટ જોસેફ સ્કૂલ નજીક ઊતરે છે. ફ્લાયઓવરનું કામ અંતિમ તબક્કામાં છે, જેમાં રોડની સાઈડને રંગવાનું ટ્રાફિક બીમ અને લાઈટ્સનું કામ ચાલી રહ્યું છે, જે આગામી બે-ત્રણ દિવસમાં પૂરું થશે. આ ફ્લાયઓવરને કોઈ પણ ઉદ્ઘાટન વગર ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

# લાંચ કેસમાં ઈડીના અધિકારીની ધરપકડમાં અનેક 'ભૂલો': અદાલત

મુંબઈ: મુંબઈની એક વિશેષ અદાલતે લાંચના આરોપસર ઇડીના અધિકારીની ધરપકડમાં 'કેટલીક ગંભીર મૂળભૂત ખામીઓ' તરફ ધ્યાન દોર્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ના શિમલા એકમના સહાયક નિયામક વિશાલ દીપના ટ્રાન્ઝિટ રિમાન્ડ માટેની સીબીઆઈની અરજીને નકારી કાઢતાં વિશેષ ન્યાયાધીશ બી. વાય. ફડએ જણાવ્યું છે કે તેમની સામેના આરોપનો આધાર બરાબર નથી. સી.બી.આઈ.ના ચંડીગઢ એકમે હિમાલયન જૂથની વ્યાવસાયિક સંસ્થાઓ સામે ઇડીની તપાસના આધારે ભ્રષ્ટાચારના આરોપોમાં મંગળવારે દીપની મુંબઇથી ધરપકડ કરી હતી. સીબીઆઈએ દાવો કર્યો હતો કે ઇડી દ્વારા તપાસ કરવામાં આવી રહેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ ન થાય એ માટે વિશાલ દીપએ હિમાલયના જૂથના અધ્યક્ષ રજનીશ બંસલ પાસેથી ૧.૧ કરોડ રૂપિયાની લાંચ માંગી હતી. અદાલતે બુધવારે દીપને રાહત આપી હતી અને ત્યારબાદ આદેશની વિગતવાર નકલ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. (પીટીઆઈ)

# સંસ્થા સમાચાર

## રાજકોટમાં ધીરગુરુદેવના અનુગ્રહથી ૧૫ કરોડના ખર્ચે નિર્મિત વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલની ઉદ્ઘાટન વિધિ



રાજકોટમાં છગનલાલ શામજી વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ૧૫ કરોડના ખર્ચે ૬૫ હજાર સ્કેવર ફીટમાં સંકુલ નિર્માણમાં કુમાર અને કન્યા છાત્રાલય, અન્નપૂર્ણા ગૃહ, પ્રાયમરી અને હાઈસ્કૂલ, ઓડિટોરિયમ, વોકેશનલ સેન્ટર તથા ૬૦ રૂમનું નવનિર્માણ કરવામાં આવેલ છે. ૨૬૦ દીકરા-દીકરીઓ અભ્યાસ કરે છે. ૧૩૦ જેટલા હોસ્ટેલમાં રહે છે. આધુનિકતા સભર દિવ્યાંગ મૂક-બધિર બાળકોને સ્માર્ટ કલાસ, લેપટોપ, મનગમતી સ્ટડી બેંચ, અષ્ટકોણ કલાસરૂમ વગેરે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. નિર્માણ અને નિભાવ માટે પાંચ કરોડના ફંડની આવશ્યકતા છે. તા. ૧૨-૦૧-૨૫ ને રવિવારે સવારે દેશ-વિદેશના અને દાતા પરિવારના હસ્તે ઉદ્ઘાટન વિધિનું યુ-ટ્યૂબમાં ધીર પ્રવચન ધારા ચેનલમાં લાઈવ પ્રસારણ કરાશે. તા. ૧૫ ને બુધવારે પૂ. ગુરુદેવની નિશ્રામાં લાલપુરમાં ૫૧ લાખના ખર્ચે નિર્મિત નવલબેન વીરચંદ મહેતા ઉપાશ્રયનો ઉદ્ઘાટન ઉત્સવ યોજાશે. તા. ૧૬ના પૂ. ગુરુદેવની જન્મભૂમિ જશાપરમાં ધુંવાડાબંધ ગામ જમણ અને પ્રાથમિક શાળામાં સ્માર્ટ બોર્ડ અર્પણ વિધિ અમેરિકાના જગદીશ રેણુ મહેતા, જયંત-રંજના કામદારના હસ્તે કરાશે. તા. ૧૮ના ધોરાજીમાં ભોજનાલય, ડાઈનિંગ કક્ષ તક્તી અનાવરણ, સંઘ જમણ યોજાયેલ છે.

# આમંત્રણ પત્રના અંતે નામ, મુનગંટીવાર નારાજ?

## અંગત કારણોસર મુંબઈ હોવાથી હાજર નથી: ફડણવીસનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને ચંદ્રપુરના ભૂતપૂર્વ પાલક પ્રધાન સુધીર મુનગંટીવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં આયોજિત ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સ્વ. મારોતરાવ કન્નમવારના શતાબ્દોત્તર રજત જયંતિ સમારોહમાં હાજરી આપી નહોતી, એવી ચર્ચા થઈ રહી છે કે આમંત્રણ પત્રના અંતે તેમનું નામ લખીને તેમનું અપમાન કરવામાં આવ્યું હોવાથી તેઓ નારાજ હતા. રસપ્રદ વાત એ છે કે, સમારોહના મુખ્ય મહેમાન ચંદ્રપુરના ભાજપ વિધાનસભ્ય કિશોર જોરગેવાર હતા. આ કાર્યક્રમ શુક્રવારે સુધીર મુનંગટીવારની ગેરહાજરીમાં યોજાઈ ગયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે મુનગંટીવારે કાર્યક્રમના આમંત્રણપત્રના અંતે સુધીર મુનગંટીવારનું નામ મૂકીને કરવામાં આવેલા અપમાન બદલ નારાજી વ્યક્ત કરીને કાર્યક્રમ છોડી દીધો હતો. દરમિયાન, આ કાર્યક્રમ પછી મીડિયા સાથે વાત કરતા દેવેન્દ્ર ફડણવીસે એવી સ્પષ્ટતા કરી હતી કે, વિપક્ષનું કામ ટીકા કરવાનું છે, અને તેઓ તે કરતા રહે છે. સુધીર મુનગંટીવારે પોતે મને ફોન કર્યો હતો, તેઓ અંગત કારણોસર કાર્યક્રમમાં હાજર નહોતા.

ચંદ્રપુરના પ્રિયદર્શિની ઇન્દિરા ગાંધી સાંસ્કૃતિક હોલમાં વિધાનસભ્ય કિશોર જોરગેવારે સ્વ. મારોતરાવ કન્નમવારના શતાબ્દોત્તર રજત જયંતિ સમારોહનું આયોજન કર્યું હતું.

**દેવેન્દ્ર ફડણવીસનો ખુલાસો**

દરમિયાન કાર્યક્રમમાં બોલતા ફડણવીસે કહ્યું કે દાદાસાહેબે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લીધો હતો. હું આ કાર્યક્રમમાં એટલા માટે આવ્યો છું કે સમાજ આવા મહાન માણસને ભૂલી ન જાય. ચંદ્રપુર વાઘ અને નવારથનો જિલ્લો છે. મુનગંટીવાર અમારા નેતા છે. અમે દરેક નવારથનો આદર કરીએ છીએ કારણ કે અમે હેડગેવારના અનુયાયી છીએ. મેં સુધીર મુનગંટીવાર સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ગઈકાલે તેને જોરગેવારનો ફોન આવ્યો હતો. જોકે, તેઓ આજે આ કાર્યક્રમમાં હાજરી આપી શકશે નહીં કારણ કે તેઓ કેટલાક અંગત કારણોસર મુંબઈમાં છે.

# કૉલ્ડપ્લે જેવી ઈવેન્ટ્સમાં ટિકિટોના કાળા બજાર: માર્ગદર્શિકા માટેની અરજી ફગાવાઈ

મુંબઈ: નવી મુંબઈમાં આ મહિને યોજાનારા બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લેના કોન્સર્ટ માટે ટિકિટ વેચાણ પ્રક્રિયામાં કથિત ગેરરીતિની પૃષ્ઠભૂમિમાં મોટી ઈવેન્ટ્સમાં ટિકિટોના કાળાબજારને રોકવા માટેની માર્ગદર્શિકાની માગણી કરતી અરજીને મુંબઈ હાઈ કોર્ટે શુક્રવારે ફગાવી દીધી હતી.

ચીફ જસ્ટિસ ડી. કે. ઉપાધ્યાય અને જસ્ટિસ અમિત બોરકરની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે પિટિશનમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ કાયદાકીય છે, અને તેથી, કોર્ટ તેમાં દખલ કરી શકે નહીં. ખંડપીઠે જણાવ્યું હતું કે અરજીમાં માગવામાં આવેલી રાહતોને ફરજિયાત કરવા માટે વૈધાનિક સ્પષ્ટતા નથી, તે કાયદાને ઘડવામાં અથવા કાયદામાં ચોક્કસ રીતે સુધારો કરવા માટે નિર્દેશિત કરી શકતી નથી.

અરજદાર, એડવોકેટ અમિત વ્યાસે દાવો કર્યો હતો કે આઇપીએલ મેચો, ૨૦૨૩માં ક્રિકેટ વર્લ્ડ કપ મેચો અને ગાયક ટેલર સ્વિફ્ટ અને દિલજીત દોસાંઝના કોન્સર્ટ દરમિયાન આવા ગેરકાયદેસર માધ્યમો પ્રચલિત હતા. વ્યાસે અરજીમાં એવો પણ આક્ષેપ કર્યો હતો કે ઓનલાઈન પ્લેટફોર્મ બુકમાયશો પર કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટ માટે આવી અનિયમિતતા અને ગેરકાયદેસરતા જોવા મળી હતી. આ અરજીમાં આવી મોટી ઈવેન્ટ્સ માટે ઓનલાઈન ટિકિટના કાળાબજારને રોકવા માટે કડક માર્ગદર્શિકા જારી કરવા કોર્ટને માગ કરવામાં આવી હતી. ગયા વર્ષે પણ વ્યાસે આ અંગે શહેર પોલીસની આર્થિક ગુના શાખામાં ફરિયાદ નોંધાવી હતી જેની તપાસ ચાલી રહી છે.

અરજદારે આરોપ લગાવ્યો હતો કે આયોજકો અને ટિકિટિંગ પાર્ટનર્સ સેકન્ડરી વેબસાઈટ પર ટિકિટોની વધુ કિંમત લગાડીને ચાહકોનું શોષણ કરે છે. વકીલે કહ્યું

## વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર થતા ટ્રાફિકથી કદાચ મળી શકે છુટકારો

# પાલિકા ગોરેગાંવના ટ્રાફિકને હળવો કરવા રસ્તો પહોળો કરશે

મુંબઈ: શહેરના બે એક્સપ્રેસ હાઈવેને પોતાના કબજામાં લીધાનાં બે વર્ષ પછી પાલિકા સૌપ્રથમ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના એક ટ્રાફિક પોઈન્ટ ચોકને હળવો કરશે. ગોરેગાંવના મોહન ગોખલે રોડ પરથી આરે ચેકનાકા સુધીના ૩૦૦-૪૦૦ મીટરના પટને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેના એક ભાગને અવરોધતા ચાની દુકાન, ગેરેજ અને શોરૂમ સહિત લગભગ ૩૦૦ ગેરકાયદે બાંધકામને દૂર કરીને રસ્તાને ૪૫થી ૬૧ મીટર સુધી પહોળો કરશે. રસ્તાને પહોળો કર્યા બાદ દૂધ સાગર સોસાયટી રોડ સર્વિસ રોડ તરીકે ચાલુ રહેશે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

પાલિકાની રિમુવલ ઓફ બોટનેક નીતિ હેઠળ અતિક્રમણોને દૂર કરવામાં આવશે. પાલિકાએ ગોરેગાંવથી કાંદિવલી સુધીના એસવી રોડને પહોળો કરવા માટે આ નીતિનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. અસરગ્રસ્ત રહેવાસીઓને વળતર આપવામાં આવશે, એવું અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. ૧૫ વર્ષથી ચાલતો આ પ્રોજેક્ટ હવે ત્રણ મહિનામાં આરે ચેકનાકા પરના ટ્રાફિક જૅમના પ્રશ્નોને ઉકેલવા માટે તૈયાર છે.

# મૃત વ્યક્તિ વિરુદ્ધ રોકાણકારો સાથે ૮૨.૫ લાખની છેતરપિંડીનો ગુનો

થાણે: રોકાણકારો સાથે ૮૨.૫ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ થાણે પોલીસે મૃત વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે રોકાણકારોએ થાણે પોલીસની આર્થિક ગુના શાખામાં ફરિયાદ નોંધાવી હતી. જોકે તે પહેલાં ચોથી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આરોપીનું નિધન થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર ઑગસ્ટ, ૨૦૧૯થી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન કથિત છેતરપિંડી આચરાઈ હતી. ફરિયાદને આધારે નૌપાડા પોલીસે બુધવારે એફઆઈઆર દાખલ કર્યો હતો. આરોપીએ નવ રોકાણકાર પાસેથી ૮૨.૫ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આકર્ષક વળતરની ખાતરી આપી આરોપીએ રોકાણકારોને વિવિધ સ્કીમ્સમાં રોકાણ કરવા લલચાવ્યા હતા. રૂપિયા લીધા પછી આરોપીએ વળતર તો ઠીક, મુદ્દલ રકમ પણ આપી નહોતી. (પીટીઆઈ)

# વસઈમાં મહિલા ડૉક્ટરે કરી આત્મહત્યા: પતિ વિરુદ્ધ ગુનો

પાલઘર: પાલઘર જિલ્લાના વસઇમાં ૩૯ વર્ષની મહિલા ડૉક્ટરને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપસર તેના પતિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ડૉક્ટરનો ૪૨ વર્ષનો પતિ કાર્ગો શિપ પર કામ કરતો હતો અને જ્યારે પણ તે ફરજ પર ન હોય ત્યારે વસઇના તેના ઘરમાં પત્ની સાથે રહેતો નહોતો.

દરમિયાન ડૉક્ટરને જાણવા મળ્યું હતું કે તેના પતિના અન્ય મહિલા સાથે અનૈતિક સંબંધ છે. આથી તાજેતરમાં તેણે પતિને આ અંગે પૂછ્યું હતું. જોકે ત્યાર બાદ પતિએ તેને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ ત્રાસથી કંટાળીને ડૉક્ટરે ૬ જાન્યુઆરીએ પોતાના ઘરમાં છત સાથે ગળાફાંસો ખાધો હતો. ડૉક્ટરને તેના પતિએ અંતિમ પગલું ભરવા માટે દબાણ કર્યું હોવાના દાવાને સમર્થન આપવા માટે પરિવારજનોએ ચોક્કસ દસ્તાવેજો રજૂ કર્યા હતા.

# થાણેમાં સેક્સ રેકેટનો પર્દાફાશ: એકની ધરપકડ

થાણે: થાણેની લોજમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ કરીને પોલીસે એક જણની ધરપકડ કરી હતી, જ્યારે ચાર મહિલાનો છુટકારો કરાવ્યો હતો. મહિલાઓને દેહવ્યાપારમાં ધકેલવા બદલ ગાર્બેજ ઓપરેટર રંજિત વૈશ્ણવ (૪૨)ની ધરપકડ કરાઇ હતી, જ્યારે લોજનો માલિક અશોક શેટ્ટી ફરાર છે.

કાસારવડવલી પોલીસે બુધવારે મળેલી માહિતીને આધારે લોજમાં રેઇડ પાડી હતી અને ત્યાંથી ચાર મહિલાનો છુટકારો કરાવ્યો હતો. પોલીસે આ પ્રકરણે વૈશ્ણવ અને શેટ્ટી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૪૩ અને ઇમ્મોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

# થાણેમાં સરકારી જમીન પરથી પાણી, પથ્થરો ચોરાયાં: ગુનો દાખલ

થાણે: થાણે જિલ્લામાં સરકારી જમીન પરથી અજાણ્યા શખસોએ પાણી અને પથ્થરો ચોર્યાં હતાં, જેને પગલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ ઘન કચરા પર પ્રકિયા માટે ભિવંડીના અટકોલી ખાતે ૩૪ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ પ્લોટ પરથી આશરે ૫,૪૧૦ પથ્થરો ખોદીને કાઢવામાં આવ્યા હતા અને ત્યાંના કુદરતી પાણીનાં સ્રોતોમાંથી દરરોજ ૧૦થી ૧૫ ટેન્કર પાણી ચોરવામાં આવી રહ્યું હતું.

પાલિકાના અધિકારીઓએ ગયા સપ્તાહે પ્લોટનું નિરીક્ષણ કર્યું ત્યારે જાણવા મળ્યું હતું કે પ્લોટ તરફના બંધ રસ્તાઓ ગેરકાયદે ફરીથી ખોલવામાં આવ્યા હતા અને અનધિકૃત પથ્થર ખોદવાનું કામ ચાલુ હતું.

પાલિકાના સત્તાવાળાઓએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# વેટલૅન્ડ્સના જતન માટેની અરજી દાખલ કરી હાઈ કોર્ટે

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે મહારાષ્ટ્રમાં વેટલેન્ડ્સના સંરક્ષણ અને જાળવણી માટે જાહેર હિતની અરજીની આપમેળે નોંધ લઈને તેને દાખલ કરી હતી.

ચીફ જસ્ટિસ ડી. કે. ઉપાધ્યાય અને જસ્ટિસ અમિત બોરકરની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે તે સુપ્રીમ કોર્ટના ડિસેમ્બર ૨૦૨૪ ના આદેશના આધારે અરજી કરી છે જેમાં તમામ હાઇકોર્ટને દેશભરમાં રામસર કન્વેન્શન સાઇટ્સ તરીકે ઓળખાતી વેટલેન્ડ્સના રક્ષણ માટે કાર્યવાહી શરૂ કરવા જણાવ્યું હતું. હાઇ કોર્ટે કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય, મહારાષ્ટ્ર સરકાર અને મહારાષ્ટ્ર વેટલેન્ડ ઓથોરિટીને નોટિસ પાઠવી છે. તેણે કોર્ટને મદદ કરવા માટે વરિષ્ઠ વકીલ જનક દ્વારકાદાસને એમિકસ ક્યુરી તરીકે પણ નિયુક્ત કર્યા છે. ખંડપીઠે આ મામલાની સુનાવણી ૨૫ ફેબ્રુઆરીના રોજ રાખી છે.

રામસર આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી ભીની જમીન છે. ભારતમાં આવી ૮૫ સાઇટ્સ છે, જેમાંથી ત્રણ મહારાષ્ટ્રમાં છે. બુલઢાણા જિલ્લાનું લોણાર તળાવ, નાસિક જિલ્લામાં નાંદુર માધમેશ્વર અને થાણે ક્રીક.

તેનું નામ ઈરાનના રામસર શહેર પરથી રાખવામાં આવ્યું છે, જ્યાં ૧૯૭૧ માં સંમેલન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ડિસેમ્બર ૨૦૨૪ માં, સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા મુજબ, ભારતમાં ૨૦૧૭ પહેલા ૨.૨૫ હેક્ટરથી વધુ વિસ્તાર સાથે ૨,૦૧,૫૦૩ વેટલેન્ડ્સ હતા. ઈસરો મુજબ, ૨૦૨૧માં વેટલેન્ડ્સની સંખ્યા વધીને ૨,૩૧,૧૯૫ થઈ. જો કે, સુપ્રીમકોર્ટે સૂચન કર્યું કે આ આંકડાઓ ''જમીની સ્તરે તપાસવા જોઈએ.'' સર્વોચ્ચ અદાલતે કહ્યું કે વેટલેન્ડ્સ (સંરક્ષણ અને વ્યવસ્થાપન) નિયમો, ૨૦૧૭ અને તેના હેઠળ જારી કરાયેલ માર્ગદર્શિકા 'ગ્રાઉન્ડ ટ્રુથિંગ' સૂચવે છે, જે વાસ્તવિક નિરીક્ષણ દ્વારા વેટલેન્ડ્સની ઓળખ છે. (પીટીઆઈ)

# જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ ઘાટકોપર સ્વ.હીરાબેન મનસુખલાલ નાનજીભાઈ શાહ (ઠીંસાણી)ના સુપુત્ર જયંતભાઈ (ઉં. વ. ૭૦) તે વર્ષાબેનના પતિ. સ્વ.ધાર્મિક તથા જીજ્ઞેશના પિતાશ્રી. અ.સૌ.પૂજાના સસરાજી. હર્ષદભાઈ, સ્વ.અશ્વિનભાઇ, ભદ્રાબેન જસવંતરાય અવલાણી, નયનાબેન મહેન્દ્રભાઈ દોશી, હેમાબેન નિલેશભાઈ કામદારના ભાઈ. સ્વ.રતિલાલ માણેકચંદ દોશીના જમાઈ તા.૯/૧/૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

સિંગાપૂર નિવાસી હાલ મુંબઈ સ્વ.દિનેશભાઇ ગોવિંદજી શાહના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૮૨) તે રાકેશભાઈ, શર્મિલાબેનના માતુશ્રી. વિપુલભાઈ ગોસલીયા તથા રિતિકાબેનના સાસુ. રાજકોટ નિવાસી સ્વ.વિનોદરાય કિરચંદ શેઠના દીકરી. આલોક તથા કરિશ્માના નાની, પ્રિશાના દાદી. ૯/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ દેશલપર (કંઠી) હાલ મુલુંડ નિવાસી બીનાબેન મહેતા (ઉં. વ. ૬૩) ગુરુવાર તા.૯-૦૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મુકેશભાઈના ધર્મપત્ની. ચંદનબેન રવિલાલ મહેતાના પુત્રવધૂ. માલતીબેન મગનલાલ મહેતાના દીકરી. અર્ચના ચિરાગ શાહ અને કિજલ અનમ ઢીલાના માતુશ્રી. રેયાંશ અને નિવાનના નાની. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહના ભાભી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર (કંઠી)ના કેસરબેન શાંતીલાલ શેઠીયા (ઉં. વ. ૮૯) ૭-૧ના ૧૩ દિવસનાં અનશને દેશમાં સમાધિમરણ પામેલ છે. નાનબાઇ પદમશીના પુત્રવધૂ. શાંતીલાલના પત્ની. દેશલપુર ઉમરબાઇ કુંવરજીના પુત્રી. ફોરમ, ધર્મીન,રશ્મીના માતા. વશનજી, લખમશી, કપાયા સાકરબેન/લીલાવંતી રમણીકના બેન. ગુણાનુવાદ નથી. નિ. લક્ષ્મીબેન વીરા, દેશલપુર (કંઠી), ૩૭૦૪૦૫.

મોટા આસંબીયાના કીર્તી હેમરાજ ગાલા (ઉં. વ. ૭૧) તા. ૪-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. પાનબાઇ હેમરાજ ગાલાના સુપુત્ર. મીના (પુષ્પા)ના પતિ. કેવલ, મોક્ષેશના પિતાશ્રી. ગીરીશ, અનિલ, કૌશિક, વર્ષાના મોટા ભાઇ. ગામ: છસરાના માતુશ્રી દેવકાંબેન ભવાનજી મેરગના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કીર્તી ગાલા, ૨૦૧, આકાશ ગંગા, શિવપુરી કોમ્પ્લેક્ષ, હરીનગર, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૦૭.

નાના આસંબીયાના ખીમજી વેલજી છેડા (ઉં. વ. ૮૬) તા. ૯-૧-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પ્રભાબેનના પતિ. માતુશ્રી મેઘબાઇ વેલજી કરમશીના પુત્ર. સચીન, સ્વ. પ્રીતીના પિતાશ્રી. દેવજી (કાકુભાઇ) કલ્યાણજીના ભાઇ. બિદડાના લક્ષ્મીબેન જેવત જીવરાજ દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે બાર નવકાર ગણવા. નિવાસ : ખીમજી વેલજી છેડા, ૬૦૧, લક્ષ્મી કેલીસ્ટા, પ્લોટ નં. ૨૮૩, રોડ નં. ૩, જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૪.

મોથારાના મમતા મહેન્દ્ર સાવલા (ઉં. વ. ૫૮) તા. ૯-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મણીબેન વીરજીના પુત્રવધૂ. મહેન્દ્રના ધર્મપત્ની. નેહાના માતુશ્રી. રત્નાગીરીના સીતાબાઇ રામચંદ્ર શિંદેના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિવાસ : મહેન્દ્ર સાવલા, ઇ-બીલ્ડીંગ, માધવવાડી, રૂમ નં. ૧, એમ.એમ.જી.એસ. માર્ગ, દાદર (ઇસ્ટ), મું.નં. ૧૪.

વાંકીના કિશોર કુંવરજી છેડા (ઉં. વ.૬૬) તા.૯-૧ના અવસાન પામેલ છે. પ્રભાવતી કુંવરજીના પુત્ર. જ્યોતિના પતિ. ભાવિક, મોનિકાના પિતા. નિર્મળા, સંજય, ભારતી (જીગ્ના), ભાવનાના ભાઈ. જેતબાઈ વિશનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવિક છેડા, ૧, વેદાંત કોમ્પ્લેક્ષ-૩, પી.એન.ટી. કોલોની, ડોંબીવલી (ઈ.), ૪૨૧૨૦૧.

દેશલપુરના નિર્મળાબેન જાદવજી ગાંગજી વીરા (ઉં. વ. ૭૬) તા. ૮/૧/૨૫ના અવસાન પામેલ છે. વેજબાઈ ગાંગજીના પુત્રવધુ. જાદવજીના ધર્મપત્ની. દીનાના માતુશ્રી. પ્રતાપુર મમીબાઈ ખીમજી તલકશી ગાલાના પુત્રી. મુલચંદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉત્તમ શેઠિયા - ૫૦૩, અવનીશ સ્કેપ, નટવર નગર રોડ નં. ૧, ભારત ગેસ ની બાજુમાં, જોગેશ્વરી (ઇસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૦.

કુંદરોડીના મુકેશ ચુનીલાલ વિશનજી દેઢિયા(ઉં. વ. ૫૮) ૮-૧-૨૫ના અવસાન પામેલ છે. હેમકુંવરબેન ચુનીલાલના પુત્ર. ગીતાના પતિ. જીનેશ, પંકતીના પિતા. ભાવેશ, હર્ષાના ભાઈ. ઝવેરબેન પ્રેમજીના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦. નિવાસ : મુકેશ દેઢિયા. ૧૯૦૭, કે.ડી. હાઈટસ બિલ્ડીંગ નં.૩, રાણીસતી માર્ગ, કાઠિયાવાડી ચોક, મલાડ (પૂ), મું - ૯૭.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મધુકાંતા પ્રતાપરાય મહેતાના પૌત્રવધૂ રીમાબેન (ઉં.વ. ૩૭) પુનિતના પત્ની. મીનાબેન સતીષભાઈ મહેતાના પુત્રવધૂ. ચિ. મિશાના મમ્મી. ભાવનાબેન પંકજભાઈ વસંતલાલ કાનાણીના સુપુત્રી. ચિ. હાર્દિકના મોટાબેન. ચિ. પૂજનના ભાભી. તા. ૧૦-૧-૨૫, શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૧-૨૫ના શનિવારે ૪થી ૫.૩૦ કલાકે રાખેલ છે. સ્થળ: પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચારણીયા નિવાસી હાલ મુંબઈ સ્વ. ત્રિવેણીબેન દલસુખભાઈ કામદારના સુપુત્ર ભરતભાઈ (ઉં.વ. ૮૨) તે સ્વ. સરલાબેનના પતિ. અનિશ તથા મનોજભાઈના પિતાશ્રી. અ.સૌ. વંદના, અ.સૌ. કેતકીના સસરા. રોહિતભાઈ, કિશોરભાઈ, મિનાક્ષી શશીકાંત શાહ તથા હર્ષા હરિશભાઈ શાહના વડિલ બંધુ. અ.સૌ. ડોલીયશ કામદાર, હર્ષ મનસ્વી, વીરના દાદાજી. લાઠી નિવાસી સ્વ. જેઠાલાલભાઈ હેમચંદ તુરખીયાના જમાઈ તા. ૧૦-૧-૨૫ને શુક્રવારે અરિહંતશરણ થયેલ છે. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૨-૧-૨૫, રવિવારે ૫.૦૦થી ૭.૦૦. સનવીલે બેન્કવેટ, ૯, એનિબેસેન્ટ રોડ, સિદ્ધાર્થ નગર, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.

# પારસી મરણ

શીરીન હોશંગ હોમાવઝીર તે હોશંગ બેજનજી હોમાવઝીરના ધણીયાની. તે મરહુમો બાનુ તથા મીનોચેરના દીકરી. તે આબાન ને ઝરીરના મમ્મી. તે રોહિન્ટન ને દિલશાદના સાસુજી. તે કેકોબાદ, વિરા માલકમ એન્જિનિયર તથા મરહુમો અરદેશર ને ગવેરના બહેન. તે મનશની ને બહેરામના મમયજી. (ઉં. વ.૭૯) રે. ઠે.: ૭૩૮ શીરીન વિલા, ૧લે માળે, રૂમ નં. ૫, ડૉ. ઘંટી માર્ગ, દાદર પૂર્વ, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયા: તા. ૧૨-૧-૨૦૨૫ને બપોરે ૩.૪૦ કલાકે, મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં. ૧માં.

અરની માનેકશાહ ખારાશ તે મરહુમો પીરોજા તથા માનેકશા ખારાશના દીકરી. તે મરહુમો મની, હોમાય, વિલુ, નરી, અસ્પી ને એરચના બહેન. તે આબાન ખુશરૂ કોટવાલ, કૈઝાદ ખુશરૂ કોટવાલ, સાઝનીન ખુશરૂ કોટવાલ, આઝમીનના માસી. તે ખુશરૂ ગુસ્તાદ કોટવાલના માસીસાસુ. (ઉં. વ. ૮૬) રે. ઠે.: સર રતન તાતા કોલોની, બિલ્ડિંગ નં. ૧, રૂમ નં. ૫, તારદેવ રોડ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૧-૧-૨૦૨૫ને બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધ્યે શેઠના અગિયારીમાં.

# હિન્દુ મરણ

**પાટણ વિશા શ્રીમાળી**

પાટણ નિવાસી ફોફલિયા વાડો (પોળની શેરી) હાલ મુંબઇ સ્વ.તારાબેન અમૃતલાલ શાહના સુપુત્ર અશ્વિનભાઈ શાહ (ઉં. વ. ૭૭) રેણુકાબેનના પતિ. ભાવેશ તથા દીપાના પિતા. મિહિરકુમાર તથા ભક્તિના સસરા. સ્વ.ચંદ્રકાંતભાઈ, સ્વ.શાંતિભાઈ, સ્વ.ભગવાનભાઈ અને હસુબેનના ભાઈ. સ્વ.રસવંતીબેન સેવંતીલાલ શાહના જમાઈ. તા. ૯/૧/૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

વરતેજવાળા હાલ બોરીવલી મમતા શૈલેષભાઈ જગડની સુપુત્રી જૈનાબેન (ઉં. વ. ૨૩) તા.૨૪-૧૨-૨૪ના બેંગલોર મુકામે અવસાન થયેલ છે. તે સ્વ.ચંપકલાલ હરીલાલ જગડની પૌત્રી. દિલીપ અને અલ્કેશની ભત્રીજી. મિતેશ જગડની બહેન. સુરેન્દ્રનગરવાળા સ્વ.મનસુખલાલ પ્રેમજીભાઈ મણિયારની દોહિત્રી. ભજન તા.૧૨-૧-૨૫ના રવિવાર ૪ થી ૫.૩૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલા માળે, એસ વી રોડ, શંકરભગવાનના મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**

ગામ લાઠી નિવાસી હાલ બોરીવલીના સ્વ.શારદાબેન જમનાદાસ સોનીના પુત્રવધૂ તથા સ્વ.કિશોરભાઈના ધર્મપત્ની ગં.સ્વ.દિનાબેન સોનીહિરાણી (ઉં. વ. ૬૬) ૮/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રશાંત તથા ઝૈનિતના માતુશ્રી. સ્વ.જયાબેન તથા સ્વ.રામજીભાઈ રણછોડભાઈ સાગર દેરડી કુંભાજીના દીકરી. ગીરીશભાઈ, પુષ્પાબેન દિલીપભાઈ થડેશ્વરના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

**ગોરવાલ બ્રાહ્મણ**

સનવાડા નિવાસી હાલ બોરીવલી પન્નાલાલ જમનાલાલજી ત્રિવેદી (ઉં. વ. ૮૩) ૭/૧/૨૫ના દેવલોક પામેલા છે. તે સ્વ.કાશીબેન (કમલાબેન)ના પતિ. સ્વ.ભીખાલાલજી લક્ષ્મીરામજી ધારાવતના જમાઇ. લાલિત, વિજય, અંજુ, અને રીમાના પિતાશ્રી. સુરેશ શાંતિલાલ કર્માવત, શૈલેશ દુર્ગાશંકરજી દવે, રાજેશ્રી. નીશાના સસરા. મિહિર તથા અક્ષતના દાદા. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર ૧૧/૧/૨૦૨૫ના ૫ થી ૭. શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, રતન નગર, સેંટ ઝેવિયર્સ સ્કૂલની બાજુમાં, દહિસર પૂર્વ, લૌકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

કિરણભાઈ ધકાણ (ઉં. વ. ૫૮) ગઢડાવાળા સ્વ.જમનાદાસ આત્મારામભાઈ ધકાણ તથા સ્વ.ચંપાબેન ધકાણના સુપુત્ર, શોભનાબેનના પતિ. તે કમલેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ, મહેન્દ્રભાઈ, દિનેશભાઈ, મહેશભાઈ, ભાનુબેન કાંતિલાલ, હસુબેન શાંતિલાલ, હંસાબેન હિંમતલાલ, લતાબેન દિગમ્બર ભારતી, નૈનાબેન ભાસ્કરકુમારના ભાઈ. રાજ, ઉર્વિબેન રાકેશકુમાર, રિદ્ધીબેન હિરેનકુમારના પિતાશ્રી. સ્વ.હીરાભાઈ પરમાનંદભાઈ ધધડા નવાગામવાળાના જમાઈ. તા.૮/૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૧/૧/૨૫ના ૧૦.૩૦ થી ૧૨.૦૦. વર્ધમાન સ્થનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકિસ સામે, એલ.ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા હાલ વસઈરોડ સ્વ. કાંતિલાલ વેલચંદ શાહના પત્ની વીણાબેન શાહ (ઉં. વ. ૬૫) તે સ્વ. અમૃતલાલ ભૂદરદાસ સોની તથા ગં. સ્વ. વિમળાબેન અમૃતલાલ સોનીની દીકરી (ટીંટોઈ), તે દિપ્તી તથા મેઘાના માતુશ્રી. ધર્મેશકુમાર, આશિષકુમારના સાસુ. જશ અને હર્ષના નાની. સ્વ. રમણીકલાલ, સ્વ. અમૃતલાલ તથા મનસુખભાઈના ભાભી તા. ૭-૧-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે: કૌશિક નિવાસ, રૂમ નં. ૨૭, એલ. એન. રોડ, માટુંગા (સે. રે.).

**કચ્છી લોહાણા**

અ. સૌ. રાજશ્રી દિનેશ ઠક્કર (પોપટ) (ઉં. વ. ૭૧) તે સ્વ. ઝવેરબેન કાંતિલાલ ભુજવાળાના પુત્રવધૂ. તે સ્વ. લાલજી પરષોત્તમ મોદીની સુપુત્રી. તે શીતલ રીષીકુમાર રોહરા. કૃણાલના માતુશ્રી. જાન્વીના સાસુમા. ચિ. દર્શ અને દીયાના દાદીમા. ચિ. સનાયા અને મર્જીયાના નાનીમા તથા શોભના મુકેશ, ભારતી મહેશ, રોશની બીપીન, જ્યોતિ ભરતભાઈ દલાલના ભાભી. તા. ૯-૧-૨૫ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના તા. ૧૧-૧-૨૫ના શનિવારે ૫.૩૦ થી ૭.૩૦. ઠે: સ્કાય વીસ્ટા બિલ્ડિંગ, એસ. ફલોર, ભાઈ ભગત માર્ગ, ડી.એન. નગર, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

સ્વ. નીતિનભાઈ વાલજીભાઈ સીમરિયાના પત્ની નલિનીબેન સીમરિયા (ઉં.વ. ૭૫) તા. ૯-૧-૨૫, ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. ધ્રુવ અને દેવાંશીના માતા. મેહુલ વર્મા અને શ્વેતા સીમરિયાના સાસુ. વિજયલક્ષ્મી વ્રજદાસ કોટકના પુત્રી. પ્રાર્થનાસભા શનિવારે ૫થી ૬. સ્થળ: જલારામ ભવન, બેંગ્લોર ખાતે બન્ને પક્ષે રાખેલ છે.

**કંઠી ભાટિયા**

પૃથ્વીરાજ પ્રભુદાસ વેદ (ઉં.વ. ૭૬) તે રેણુકાના પતિ. જાન્હવી અને યશના પિતા. હેતા અને ચેતનના સસરા. સાયશાના દાદા. સ્વ. ખટાઉ વલ્લભદાસ નેગાંધીના જમાઈ. સ્વ. શામજી, દિલીપ, નવીન, સ્વ. પ્રવિણ, સ્વ. તારા, સ્વ. નીમા, પદ્મા, ભારતી અને ચંદાના ભાઈ તા. ૮-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૧-૧-૨૫ના ૪થી ૬. સ્થળ: લાયન્સ કમ્યુનિટિ હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીક એન્ડ



ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## પિસ્તોલ શાર્પશૂટર મનુ ભાકર

# આખરે ધાર્યાં નિશાન પાડ્યાં છે આ મોહક માનુનીએ...!



**નાહકના સરકારી વાદ વિવાદ પછી હોબાળો થતાં અગાઉ દેશ-વિદેશના ૧૦૬ જેટલાં મેડલ્સ જીત્યા બાદ ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકસમાં શૂટિંગમાં બે બ્રોન્ઝ ચન્દ્રક હાંસલ કરનારી સૌથી યુવા મનુ ભાકરને આ ૧૭ જાન્યુઆરીના દેશના રાષ્ટ્ર પ્રમુખના હસ્તે રમતગમતનો સર્વ શ્રેષ્ઠ ‘ખેલરત્ન’ અવૉર્ડ એનાયત થશે... આ અવસરે જાણી લઈએ મનુ ભાકરની કેટલીક અ-જાણી વાતોની ઝલક...**

થોડા વર્ષ પહેલાં આપણી ગુજરાતી રંગભૂમિના મહારથી એવા નિર્માતા- દિગ્દર્શક -અદાકાર કાન્તિ મડિયાને દિલ્હીની પ્રતિષ્ઠિત ‘સંગીત નાટક એકેડેમી’ તરફથી કહેવામાં આવ્યું કે ‘ગુજરાતી રંગભૂમિ પર આપના અનન્ય પ્રદાન માટે એકેડેમી અવૉર્ડ આપવા ઈચ્છે છે તો એક અરજી પત્રકમાં આપની વિગતો ભરીને મોકલશો..’

આ જાણતાં જ કાન્તિભાઈ ભડક્યા : ‘મને અવૉર્ડ આપવા માગતા હો તો તમને મારા પ્રદાનની વિગતો ખબર હોવી જોઈએ...હું શા માટે અવૉર્ડ માટે અરજી કરું?!’

એક કલાકારને છાજે એવા સ્વાભિમાન સાથે કાન્તિભાઈએ વળતો જવાબ આપીને એ પ્રતિષ્ઠિત પારિતોષિક નકાર્યું હતું.

કંઈક આ જ પ્રકારનો વિવાદ તાજેતરમાં થયો. ૨૦૨૪- પેરિસ ઓલિમ્પિક્સ વખતે ભારતીય વિજયોત્સવનો આરંભ કર્યો માત્ર ૨૨ વર્ષની હરિયાણવી છોરી મનુ ભાકરે.

ભારતની મહિલા શૂટર મનુ ભાકરે એર પિસ્તોલ ગેમમાં એક પછી એક એમ બે બ્રોન્ઝ મેડલ જીતીને બધાને અવાક કરી દીધા હતા. આમ એક જ ઓલિમ્પિક્સમાં એક સાથે બબ્બે મેડલ જીતનારી એ સર્વપ્રથમ ભારતીય શૂટર-ખેલાડીનો વિક્રમ સરજીને બહુમાન મેળવી ગઈ. ત્રીજો ચંદ્રક જીતીને એ હેટટ્રિક ન કરી શકી, છતાં રાતોરાત એ મોહક માનૂની પર પરદેશ આખો ફિદા થઈ ગયો હતો !



સહેજે છે કે આવી સિદ્ધિ મેળવવા માટે મનુનું નામ રમતગમના સર્વોચ્ચ રાષ્ટ્રીય પારિતોષિક ‘ ખેલરત્ન’માં નામ બોલાય, પણ એવું ન થયું. સંભવિત ખેલાડીનાં નામની વિચારણા થઈ એમાં મનુ ભાકરના નામની ઉપેક્ષા થઈ. આ અવૉર્ડનાં નામાંકનને લઈને એવો વિવાદ ખડો થયો કે મનુ ભાકરના પિતા રામ કિશોર અને મનુના કોચ જશપાલ રાણા બરાબરના ઉકળ્યા. એ બન્ને કહે:

‘અત્યાર સુધીમાં દેશ-વિદેશની વિભિન્ન સ્પર્ધામાં ૧૦૬થી વધુ મેડલ્સ જીતી અને હવે પેરિસ ઓલિમ્પિક્સમાં અનન્ય કહી શકાય એવા બે ચન્દ્રકની સિદ્ધિ મેળવી, છતાં જો એમ કહેવામાં આવે કે મનુએ ‘ખેલરત્ન’ માટે અરજી કરવી જોઈએ તો આવા પુરસ્કાર માટે આવી ભીખ માગવી પડે એનો શું અર્થ?!’

મનુના પિતાએ તો ત્યાં સુધી કહ્યું કે છેલ્લાં પાંચ વર્ષમાં આ અવૉર્ડ જેને મળ્યાં છે એમણે પણ અપ્લાઈ નહોતું કર્યું તો મનુ પાસે એવી અપેક્ષા શા માટે?!

રમતગમતના ચાહકો અને અન્ય જાણીતા પૂર્વ ખેલાડીઓએ પણ આને લઈને ઊહાપોહ જગાડ્યો પછી આખરે હમણાં શૂટર મનુ ભાકરનું નામ પણ ‘ખેલરત્ન’ પારિતોષિક માટે જાહેર થયું ખરું. મનુ ઉપરાંત આ સર્વોચ્ચ સન્માન માટે અન્ય ત્રણ ખેલાડીમાં સૌથી ઓછી વયના ચેસ ચેમ્પિયન ડી. ગુકેશ-ઓલિમ્પિક્સમાં હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત અને પેરાલિમ્પિકના ખેલાડી પ્રવીણ કુમારની પણ વરણી થઈ છે.

આમ આખરે, ચીઝના ઠામમાં ચીઝ પડ્યું,પણ અગાઉ ૬ વર્ષમાં મળેલાં ૧૦૬ અવૉર્ડની રોકડ રકમ માટે અરજી કરવા છતાં હજુ સુધી ન મળી હોવાથી શરૂઆતમાં અકળાઈ ગયેલી મનુ ભાકરે અત્યારના તાજા વિવાદ પર એમ કહીને પડદો પાડ્યો છે કે ‘એક ખેલાડી તરીકે દેશ માટે રમીને ઉત્તમ પ્રદશન કરવું એ મારું કામ છે કોઈ અવૉર્ડ -સન્માન જરૂર પ્રોત્સાહિત કરે,પણ મારું લક્ષ એ માત્ર નથી દેશ માટે શ્રેષ્ઠ રમવું એ છે, જે હું ભવિષ્યમાં પણ કરતી રહીશ.’

મુક્કાબાજી અને કુસ્તીના ચેમ્પિયન્સ તૈયાર કરવામાં માહેર છે એવા હરિયાણા રાજ્યમાંથી ‘અખિયોં સે ગોલી મારે’ એવી આ ફૂટડી શૂટર મનુ ભાકર ભલે અવનવા વિક્રમો સરજીને આજે ‘ખેલરત્ન’ જેવો પ્રતિષ્ઠિત પારિતોષિક માટે પસંદગી પામી,પણ આજ શાર્પ શૂટર સાથે કુદરત ૨૦૨૦ની ટોકિયો ઓલિમ્પિક્સમાં કપટ ખેલી ગઈ હતી. મનુ ૧૦ મીટરની શૂટિંગ ગેમમાં વધુ ને વધુ ગેમ્સ પોઈન્ટ્સ જીતીને ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી ગયેલી ત્યાં જ એની એર પિસ્તોલે દગો દીધી. એ ખરી મિનિટે ખોટવાઈ ગઈ ને મનુએ ફાઈનલ છોડી દેવી પડી હતી. આનો આંચકો મનુને બહુ વસમો લાગ્યો હતો. એ નિરાશામાં સરકી ગઈ ત્યારે સંસ્કૃતની શિક્ષિકા એવી એની મમ્મી સુમેધાએ એને શ્રીમદ ભાગવત ગીતાના પાઠ સમજાવ્યા પછી એ ટોકિયોના વસવસામાંથી બહાર આવી આને ક્રમશઃ એ ડગલે અને પગલે એવી ગીતામય બની ગઈ છે કે ગીતાના પ્રત્યેક સંસ્કૃત શ્લોક એને કંઠસ્થ છે અને ગીતા પરની આસ્થાએ મનુને વિભિન્ન આંતરરાષ્ટ્રીય શૂટિંગ સ્પર્ધાઓમાં ગોલ્ડ -સિલ્વર મેડલ્સ પણ મળ્યાં છે. જોકે, આ પેરિસ ઓલિમ્પિક્સમાં એ ત્રીજો મેડલ જીતી ન શકી, પણ ઉપરાછાપરી મળેલાં બે કાંસ્ય ચન્દ્રકોનું મહત્ત્વ મનુને મન અતિ મહત્ત્વનું રહ્યું

આ સિદ્ધિ -પ્રસિદ્ધિ પછી મનુને ધન ધનાધન સમૃદ્ધિપણ મળવા માંડી છે. સોશિયલ મીડિયાની લાડકી એવી આ મનુને સોગાત અને તગડી રકમ સાથે દેશભરમાંથી આમંત્રણ સાથે માન -સન્માન મળી રહ્યાં છે. સહેજે છે કે આવી નામના પછી મનુ ભાકરની જાહેરખબરની દુનિયામાં અણધારી ભરતી આવે. જાણીતી કંપનીઓ પોતાની બ્રાન્ડસને મનુના નામ સાથે સાંકળવા તત્પર છે. આવી ૪૦થી વધુ જેટલી બ્રાન્ડ્સની ઓફર આવી છે. અગાઉ એને એક ઍડ દીઠ સરેરાશ રૂપિયા ૨૦થી ૨૫ લાખ મળતા હતા એ આજે રૂપિયા દોઢેક કરોડનો આંક વટાવી ચૂક્યો છે !

-અને આ બધા વચ્ચે, ‘ખેલરત્ન’ મેડલ સાથે પ્રશસ્તિપત્ર અને ‘સોને પે સુહાગા’ની જેમ મનુને હવે મળશે રૂપિયા વધારાની ૨૫ લાખ રોકડની ધનરાશિ !

આ તો બધી સિદ્ધિ પછીની રિદ્ધિ-સમૃદ્ધિની વાત છે, પરંતુ એની સાથે મનુ ભાકરની અનન્ય પ્રસિદ્ધિ પણ કોઈને અચંભિત કરે એવી છે.

પેરિસ ઓલિમ્પિક્સમાં વિજય મળ્યા પછી ઠેર ઠેરથી માન-સન્માન મળે એ સમજી શકાય, પણ જબરા લોકપ્રિય ટીવી શો ‘કોન બનેગા કરોડપતિ’ માં હાજર રહેવાનું આમંત્રણ મળ્યું પછી KBC ની રાતે શાર્પ શૂટર મનુ ભાકરે એના મોહક ચહેરા અને લોભામણા સ્મિત સાથેના વિવિધ અંદાજે ‘મહાનાયક’ અમિતાભ બચ્ચન સહિત લાખો ટીવી દર્શકો અને સોશિયલ મીડિયાને વીંધી નાખ્યા હતા!



સામાન્ય રીતે ગ્રાઉન્ડ પર શૂટિંગ સ્પોર્ટસ ડ્રેસમાં જોવા મળતી આ હરિયાણી છોરી એ શોમાં છ-વારની આઈવરી (હાથીદાંત) શેડની ડિઝાઈનર સાડીમાં સજ્જ થઈને આવી એટલું જ નહીં, એક શાર્પ શૂટરની ચીલઝડપે જવાબ આપ્યા અને એમાંય અમિતજીની ફિલ્મ ‘મહોબ્બતે’ નો એક યાદગાર સંવાદ (પરંપરા-પ્રતિષ્ઠા-અનુશસન) જે રીતે એણે રજૂ કર્યો એનાથી તો ખુદ ‘મહાનાયક’ પણ ઘાયલ થઈ ગયા હતા !

માત્ર આ જ નહીં, તાજેતરમાં પાટનગર દિલ્હીના એક જાણીતા ફેશન -શોમાં મનુ મોડલ બનીને મનમોહક લેધર ડ્રેસમાં ઊતરી અને રેમ્પ વોક વખતે શૂટરની અદામાં સ્માઈલ સાથે જે રીતે ‘ફાયરિંગ ’પોઝ આપ્યા એના પર તો દર્શકો ફિદા..ફિદા થઈ ગયા.

આમ આપણને શૂટિંગ કોન્ટેસ્ટ વખતે ટીવી સ્ક્રિન પર સાવ ધીર ગંભીર લાગતી આ ૨૨ વર્ષી યુવા એની આયુ મુજબ મોજિલી છે. ઘણું પામવાના મનોરથ અને સપનાં એ સાકાર કરવા ઈચ્છે છે અને એના માટે સતત પ્રયત્નશીલ પણ રહે છે.

પેરિસની સિદ્ધિ -પ્રસિદ્ધિ પછી છ એક મહિનાનો બ્રેક લેનારી મનુ હાલમાં દેશ -વિદેશની કોઈ પણ શૂટિંગ સ્પર્ધામાં અત્યારે એ ભાગ નથી લઈ રહી.

આમ છ્તાં મનુ ભાકર સાવ નવરી ધૂપ બેસી નથી રહી. પોલિટિકલ સાયન્સના સ્નાતકની ડિગ્રી ધરાવતી મનુ હવે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટરની ડિગ્રી માટેના અભ્યાસની અત્યારે તૈયારી કરી રહી છે.

આ ઉપરાંત શૂટર મનુ અત્યાર સુધીમાં શું શું જાણે છે, શું શું શીખી છે અને કેમાં કેમાં પારંગત છે એ પણ તમે જાણી લો, જેમકે નિશાનબાજી- ઘોડેસ્વારી-કરાટે-સ્કેટિંગ - યોગાસન - ભારતનાટ્યમ-સ્કૂબા અને સ્કાઈ ડાઈવિંગ!

આ ઉપરાંત એ અચ્છી વાયોલિન વાદક પણ છે. એના ભાઈ અખિલે એને જે વાયોલિન ભેટ આપેલું એના પર જ મનુએ પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતીય રાષ્ટ્રગીતની ધૂન વગાડીને બધાને ચકિત કરી દીધા હતા!

આ બધા વચ્ચે, પેરિસ ઓલિમ્પિક્સ વખતે સોહામણા ભાલાફેંક સુપરસ્ટાર ખેલાડી નીરજ ચોપરા અને મનુ ભાકર સાથે દેખાય પછી ‘અબ મનુ ઔર નીરજ કા રિશ્તા પક્કા !’ એવી જબરી અફવા સોશિયલ મીડિયામાં ઊડી હતી. ત્યારે મનુના મમ્મી-પપ્પાએ એ વાત નકારતાં કહ્યું હતું : ‘અમારી દીકરી તો હજુ બહુ નાની છે..હમણાં એના મેરેજનો કોઈ વિચાર નથી કર્યો’ તો મનુને કોઈ પત્રકારે પૂછયું તો મનુએ મોહક સ્મિત ફરકાવી સહેજ શરમાઈને કહ્યું હતું :

‘મેરજ? અરે, એવો કયાં ટાઈમ છે મારી પાસે?! ’ ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ગ્રાન કનેરિયા - ખડકો પર કોતરાયેલાં શહેરોમાં...





એક જ વર્ષમાં બે વાર કેનેરી આયલેન્ડ થોડું જવાય? એ વાત પર અમારું પ્લાનિંગ ચાલુ થયેલું. હવે કેનેરી આયલેન્ડ તો કુલ સાત છે. તેમાંથી અમે માત્ર ફુઅર્ટેવેન્ટુરા અને ટેનેરિફે સારી રીતે ગયેલાં. બાકી હજી લાન્ઝારોટે, લા પાલ્મા, અને ગ્રાન કનેરિયાની વિગતે મુલાકાત બાકી જ હતી. યુરોપમાં રહેવું અને ઠંડીમાં રજાઓ પ્લાન કરવાનું કામ સાથે આવે એટલે કેનેરી ટાપુઓ પહેલાં યાદ આવે. હજી સ્પ્રિંગમાં ફુઅર્ટેવેન્ટુરામાં વધુપડતી હાઇક કરીને પાછાં આવેલાં એટલે ડિસેમ્બરમાં ફરી એક અઠવાડિયું જરા બ્રેકની વાત થઈ તો પહેલાં મૈડેરા, ગ્રીસનો કોઈ ટાપુ કે ઇજિપ્ત જ પહોંચી જવાની ચર્ચા થઈ. પછી થયું કે હજી પાંચ ટાપુઓ બાકી જ હોય તો વેધર અને લાઇટ બંને ગ્રાન કનેરિયાનાં માફક આવે તેમ છે. એક સમયે તો હું ફુઅર્ટેવેન્ટુરા પાછી જવા તૈયાર થઈ ગઈ હતી, ત્યારે લાગ્યું કે એક જ સ્થળે વારંવાર વેકેશન પર જવાની જર્મન આદત હવે નજીક આવી ચૂકી છે. અંતે જ્યારે ગ્રાન કનેરિયાનું બુકિંગ થયું ત્યારે પહેલી શાંતિ એ હતી કે ડિસેમ્બરમાં જર્મનીની ત્રણ-ચાર ડિગ્રીમાંથી ગ્રાન કનેરિયાની પચ્ચીસ-ત્રીસ ડિગ્રીમાં જવા મળશે. એક અઠવાડિયું તો નક્કી હૂંફાળું બની જશે.

એક કલાકનો ટાઇમ ડિફરન્સ અને સાડા ચાર કલાકની ફ્લાઇટ અમને નોર્થ આફ્રિકાની પેરેલલ એટલાન્ટિકમાં ગોઠવાયેલા આ ટાપુઓ પાસે લઈ આવી. લેન્ડ થતાંની સાથે જ હૂડિઝમાં ગરમી થવા લાગી હતી. કાર રેન્ટ કરી અને અમારી ચાર જણાની નાનકડી પાર્ટી એક સ્થાનિક એસયુવીમાં અમારા એપાર્ટમેન્ટ તરફ નીકળી પડી. રસ્તામાં ખડકો, વેજિટેશન, નાનકડો દરિયાકિનારાનો રનવે, બધી વાતો થઈ. રોડ્સ એટલા મજેદાર હતા કે એક વાત તો નક્કી લાગી, કેનેરી આયલેન્ડ ટૂરિઝમની કમાણી પર રિચ જરૂર બની ગયા છે, બાકી ગ્રાન કનેરિયા તો એવી રીતે ખડકોથી લદાયેલો ટાપુ છે કે ત્યાં જે પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે તે ખડકો અને પહાડોને કોતરીને બનાવવામાં આવેલું છે. એવા જ રસ્તાઓ પર ગબડતી ગાડીમાં રસ્તામાં પોકેટ્સમાં આવતાં હોટલ અને રિસોર્ટ દેખાયાં. વચ્ચે એક આખો વિસ્તાર હોલીડે હોમ્સનો આવ્યો. ત્યાં જ ઘણી સુપરમાર્કેટો પણ હતી. ત્યાં રોકાઈને થોડો નાસ્તો અને થોડા દિવસ ચાલે એટલું પીવાનું પાણી લીધું. વેકેશન મોડ એકદમ હાઇ પર હતો.

આમ તો બધા કેનેરી ટાપુઓ સ્પેનનો ભાગ છે અને દરેક ટાપુ પર પોતાનાં અલગ રિજન




અને શહેરો છે. ગ્રાન કનેરિયાની મ્યુનસિપાલીટીઓને વિગતે સમજવાનો મોકો તો નહોતો મળ્યો, પણ અમે તે સમયે ગ્રાન કનેરિયાના પુર્ટો રિકો નામના ગામમાં એક અપાર્ટમેન્ટમાં રોકાયેલાં. ત્યાં રિસોર્ટ માટેનું સૌથી લોકપ્રિય ગામ છે માસપાલોમાસ. ત્યાંની ટૂરિસ્ટી ભીડથી અમે થોડું દૂર રહેવાનું પસંદકરેલું. જોકે ઓનલાઈન ફોટા પર દેખાતો હતો એટલો જ આકર્ષક એપાર્ટમેન્ટ ખુદ હવે એક ટૂરિસ્ટી એરિયામાં જ હતો. બધી તરફ નજર પડે ત્યાં સુધી કાં તો દરિયો હતો કાં તો બીચ રિસોર્ટ અથવા હોલીડે એપાર્ટમેન્ટ્સ. મજાની વાત એ છે કે રિટાયર્ડ યુરોપિયનો અને બ્રિટિશરો તો અહીં મહિનાઓ સુધી પડ્યાં રહે છે. એટલે અહીં જે પણ નવું બાંધકામ થાય છે તે ટૂરિઝમ સંબંધિત જ છે. આ ટૂરિસ્ટી વિસ્તારોને બાદ કરતાં થોડાં શહેરોમાં સ્થાનિક લોકોનાં ઘરો પણ છે જ. જોકે અહીં જે પણ લોકલ રહે છે તે કોઈ ને કોઈ રીતે ટૂરિઝમ ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલાં લાગે છે.

યુરોપની જ લોકપ્રિય માર્કેટ ચેઇન સ્ટોર સ્પાર, આલ્ડી વગેરે અહીં પણ હતાં જ, પણ તેમનું પણ સ્થાનિક સ્વરૂપ હંમેશાં જોવા જેવું હોય જ છે. ખાસ તો અહીં લોકલ ફ્રૂટ્સ, ડ્રિંક્સ અને નાસ્તામાં હંમેશાં કંઇનું કંઇ અલગ મળી જ આવતું. આ વખતે અમે એપાર્ટમેન્ટ પસંદ એટલે કરેલો કે હોટલના ફિક્સ્ડ બ્રેકફાસ્ટ, ઓલ ઇન્ક્લુસિવ મીલ્સ અને ડ્રિંક્સમાં તબિયત અને ફિટનેસનો દાટ વળી જતો. સેલ્ફ કેટરિંગ વધુ મોંઘું પડે અને સતત હવે ક્યાં ખાઇશું અને શું કરીશુંના પ્રશ્નો પણ રહે, પણ અંતે તેની પણ અલગ મજા હોય છે. અમે આ વખતે તે મજા પણ લઈ જોઈ. અંતે તો ઘણી સ્થાનિક રેસ્ટોરાં ટ્રાય કરવા પણ મળી જ. રોજ એક જ પ્રકારનાં બૂફેથી આ વખતે બ્રેક મળ્યો તે પણ સારું રહ્યું.

પુર્ટોરિકો એવા ખડક કે પછી ટેકરી પર બનેલું હતું જેને ધીરે ધીરે અલગ અલગ સ્ટેજ પર સમતળ બનાવીને રહેવાલાયક બનાવવામાં આવ્યું હતું. ત્યાં દરેક રોડથી દરિયો તો દેખાતો જ, સાથે દરેક બાંધકામ એ રીતે થતું કે બધું જ સી-ફેસિંગ બને. અહીં સી-ફેસિંગ ન હોવા માટે સાવ ટોચ પર જઈને ઊંધી દિશા પકડવી પડે તેવું હતું. પહાડ પર લગભગ ટોચ પાસે સી-ફેસિંગ એપાર્ટમેન્ટ તો મજેદાર રહ્યો, ત્યાં સાત દિવસ સુધી રોજ પાર્કિંગ કરવામાં ખાસ કસોટી થઈ ગઈ. અહીં બીજી એક કસોટી હતી સ્પેનિશ બોલવાની. મોટાભાગે હોટલ કે એપાર્ટમેન્ટના રિસેપ્શન સિવાય કોઈ ભાગ્યે જ અંગ્રેજી બોલતું. રેસ્ટોરાંનાં વેઇટરો પણ ભાગ્યે જ અંગ્રેજી બોલતા. જોકે તેનાથી કોઈ દિવસ કામ અટક્યું નહિ. રેગ્યુલર સ્પેનિશ બોલતા દેશોમાં જવાનું થાય ત્યારે સ્પેનિશ શીખવાની ઇચ્છા થઈ આવે તે પણ સ્વાભાવિક છે. તે પણ બકેટ લિસ્ટ પર છે જ.

ગ્રાન કનેરિયામાં આવીને પડ્યા રહેવાનું પણ શક્ય છે જ. ક્યારેક પૂલ પાસે પડ્યા રહો, ક્યારેક બીચ પર, ક્યારેક બાલકનીમાં, પણ ભારતીય પ્રવાસીઓ માત્ર પડ્યાં રહે તે ઘણું મુશ્કેલ લાગે. આવનારા દિવસોમાં બનાના પ્લાન્ટેશન, ડ્યુન્સ, સ્થાનિક મર્કાડો, એક્વેરિયમ, બર્ડ પાર્ક અને ડોલ્ફિન શોના પ્લાન બની ચૂક્યા હતા. ટાપુ ભલે નાનો રહ્યો, અમે ત્યાંનું વૈવિધ્ય ચૂકવાનાં ન હતાં. ■


ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com


# ‘ગેડ્સબી’

## લેખકને આવી નવલકથા લખવાની ધૂન કેમ ચડી?

**તમે** વાર્તા શા માટે લખો છો? આ પ્રશ્નના જેટલી વ્યક્તિ એટલા ઉત્તર હોઈ શકે. નીવડેલા સર્જકો માને છે કે જ્યાંસુધી તમારી પાસે પૂરતું કન્ટેન્ટ અને વિષયવસ્તુનો જરૂરી અભ્યાસ ન હોય ત્યાં સુધી વાર્તા લખવાનું જોખમ લેવા જેવું નથી. એનો અર્થ એવો જરાય નથી કે વાર્તાલેખકે નવી ભૂમિ પર ખેડાણ ન કરવું કે પ્રયોગો ન કરવા. ઘણા નીવડેલા



સર્જકોએ અદ્ભુત પ્રયોગો કર્યા છે, જેમ કે અર્નેસ્ટ હેમિંગ્વેએ માત્ર છ શબ્દમાં ‘બેબી શૂઝ’ નામની વાર્તા લખીને માઈક્રોફિક્શનનો નવો પ્રકાર આપ્યો. આવા પ્રયોગ ભારે જહેમત માગી લે છે. એનું પ્રખ્યાત ઉદાહરણ એટલે અર્નેસ્ટ વિન્સેન્ટ રાઈટ નામના અમેરિકન લેખક અને એમની નવલકથા ‘ગેડ્સબી’ (Gadsby).




ગેડ્સબીનું કથાવસ્તુ કંઈ બહુ મહાન નહોતું. લેખક અહીં બ્રાન્ટન હિલ્સ નામના કાલ્પનિક શહેરની વાત કરી છે. જહોન ગેડ્સબી નામના સજ્જન આ શહેરના મેયર છે અને નવલકથાનો નાયક પણ એ જ છે. કથાનો એક વાક્યમાં

ટૂંકસાર એવો છે કે તકલીફો વચ્ચે ઘેરાયેલા શહેરના ઉત્થાન માટે-ઉત્કૃષ માટે મેયર સાહેબ શહેરના યુવાવર્ગને તૈયાર કરે છે, પણ જે વાત આ નવલકથાને ચર્ચાસ્પદ બનાવે છે એ છે અંગ્રેજી મૂળાક્ષર ‘ઊ’. જાણીને આશ્ચર્ય થશે કે ૫૦,૦૦૦ શબ્દોમાં લખાયેલી આખી નવલકથામાં ક્યાંય ‘ય’ અક્ષર આવતો નથી! અંગ્રેજીમાં આ પ્રકારના લખાણને ‘લીપોગ્રામ’ (lipogram) કહે છે.

લીપોગ્રામ શબ્દ મૂળે પ્રાચીન ગ્રીક ભાષામાંથી ઊતરી આવ્યો, જે એક પ્રકારની શબ્દ રમત માટે વપરાય છે. તમે તમારા લખાણમાં કોઈ એક અક્ષર કે નિયત અક્ષરોનો સમૂહ વાપરો જ નહિ તો એને લીપોગ્રામ કહેવાય.

ગેડ્સબી નવ્વલ એના લીપોગ્રાફિક લખાણને કારણે જબરી પ્રસિદ્ધિ પામી. લીપોગ્રાફિક કન્ટેન્ટ લખવું, એટલે કોઈ એક વસ્તુની બાધા લેવા જેવું થાય. જો કશુંક ખાવાની બાધા લેવાની હોય તો ચાલાક માણસો એવી જ વાનગી પસંદ કરે જે એમને બહુ ભાવતી ન હોય!

લીપોગ્રાફનો ઉપયોગ કરનારા પણ મોટે ભાગે એવું જ કરતા હોય છે. એ લોકો ણ, ઉં, ચ અથવા ડ જેવા પ્રમાણમાં ઓછા વપરાતા મૂળાક્ષરોની ‘બાધા’ લઇ લે, જેથી મોટા ભાગના શબ્દો ઝાઝી મગજમારી વિના લખી શકાય.

જોકે, અર્નેસ્ટ વિન્સેન્ટ રાઈટ નોખી માટીનો માણસ હતો. એણે તો સૌથી વધારે વપરાતા અક્ષરમાં જેની ગણના થાય, એવા ‘ય’ની જ બાધા લીધી! (વાંચવામાં સરળતા રહે એ ખાતર હવે પછી આ લેખમાં અંગ્રેજી મૂળાક્ષર ‘ય’ ને બદલે આપણે મોટે ભાગે ‘ઈ’ લખીશું.)

અંગ્રેજી ભાષામાં અનેક ક્રિયાપદોનું ભૂતકાળનું સ્વરૂપ (past tense verbs) દર્શાવવા માટે મૂળ ક્રિયાપદનીપાછળ ‘યમ’ લાગે છે. (દાખલા તરીકે ‘walk’નું ભૂતકાળનું સ્વરૂપ થાય ‘walked’) હવે જો ‘ઈ’ વાપર્યા વિના જ લખવાનું હોય તો કેવડી મોટી તકલીફ પડી જાય! અર્નેસ્ટ રાઈટ માટે સૌથી મોટી સમસ્યા આ જ હતી. રાઈટે કેટલાય શબ્દો વિના ચલાવી લેવું પડ્યું. એ ઉપરાંત ‘ઈ’ ની અવેજીમાં વાપરવા પડેલા વૈકલ્પિક શબ્દોને કારણે અનેક વાક્ય પ્રમાણમાં અઘરા બની ગયા, જેમકે ‘wedding’ જેવા સીધાસાદા શબ્દને બદલે રાઈટે ‘grand church ritual’ શબ્દપ્રયોગ કરવો પડ્યો! એક અંદાજ મુજબ રાઈટે આ નવલકથા લખતી વખતે અંગ્રેજી ભાષામાં સૌથી વધુ વપરાતા ૫૦૦ પૈકીના ૨૫૦ શબ્દો વિના ચલાવી લેવું પડ્યું! વળી રાઈટે નિયમો એટલા ચુસ્તપણે પાળ્યા કે જેમાં ‘ઈ’ આવતો હોય એવા કોઈ શબ્દનું ટૂંકું સ્વરૂપ પણ ન વાપર્યું... જેમ કે ‘ડોક્ટર’ના સ્પેલિંગ ક્યાંય ‘ઈ’ નથી આવતો એટલે એનું ટૂંકું સ્વરૂપ ‘Dr.’ વાપરી શકાય, પણ ‘મિસ્ટર’ શબ્દમાં ‘ઈ’ આવે માટે એનું ટૂંકું સ્વરૂપ ન વપરાય!

હવે વિચારો કે આટલી ચુસ્તતા સાથે આ માણસે કઈ રીતે અડધો લાખ શબ્દોની નવલકથા લખી હશે? અંગ્રેજી લેખકો પણ અમુક વાત અસરકારક રીતે કહેવા માટે કહેવતો અને કાવ્યપંક્તિઓનો છૂટથી ઉપયોગ કરે છે. રાઈટે એમાંય જ્યાં ‘ઈ’ની હાજરી હોય એ કહેવતો-પંક્તિઓ નવેસરથી લખીને વાપરી છે. રોમાન્ટિક રચનાઓ માટે પ્રખ્યાત જહોન કિટ્સની પંક્તિઓ ‘thing of beauty is a joy forever’ ને બદલીને ‘a charming thing is a joy always’ તરીકે વાપરવામાં આવી. કહેવતો અને પંક્તિઓ સુધી તો સમજ્યા, પણ નવલકથા જેના વિના અધૂરી ગણાય, એવા વર્ણનોનું શું કરવું? નવલકથામાં એક સ્થળે ઘોડાઓ વડે ખેંચાતા ફાયર એન્જીનનું વર્ણન આવે છે. હવે મજાની વાત એ છે કે

horse, fire અને engine આ ત્રણેય શબ્દોમાં ‘ઈ’ હાજર છે તો પછી ‘horse drawn fire engine’નું વર્ણન લખવું શી રીતે? આખરે લેખકે આ ત્રણેય શબ્દો વાપર્યા વિના જ આખા દૃશ્યનું વર્ણન કરી નાખ્યું, બોલો! હવે પ્રશ્ન એ છે કે તમે ગમે એટલું ધ્યાન રાખો, તો પણ ક્યાંક અમુક શબ્દ તો એવો છૂટી જ જાય, જ્યાં પ્રતિબંધિત અક્ષર વપરાઈ ગયો હોય. આવી ભૂલ ન થાય, એ માટે અર્નેસ્ટ રાઈટે પોતાના ટાઈપ રાઈટરમાં ‘ઈ’નું બટન જ દોરી વડે બાંધી દીધું! જેથી ભૂલેચૂકે આંગળી પડી જાય, તો ય એ શબ્દ સરખો છપાય જ નહિ. તેમ છતાં અભ્યાસુઓ કહે છે કે આખી નવલકથામાં કુલ ત્રણ સ્થળે ‘the’ શબ્દ વપરાયો છે. જ્યારે અન્ય એક સ્થળે ‘officer’ શબ્દ પણ સરતચૂકથી વપરાઈ ગયો છે. જો કે પચાસ હજાર શબ્દો સામે ચારનો આંકડો કંઈ બહુ મોટો તો નથી, પરંતુ અર્નેસ્ટ વિન્સેન્ટ રાઈટને આવી રીતે ‘ઈ’નો ઉપયોગ કર્યા વિના નવલકથા લખવાની ધૂન કેમ ચડી?

આ વિશે રાઈટ પોતે નવલકથાની પ્રસ્તાવનામાં ચોખવટ કરતા કહે છે કે મેં કોઈ સાહિત્યિક ઊંચાઈઓ સર કરવા માટે કે મારી મહાનતા સિદ્ધ કરવા માટે આ રીતની લીપોગ્રાફિક નોવેલ નથી લખી. બલકે મારા સ્વભાવને કારણે આ લખાયું છે. લોકોએ જ્યારે દ્રઢતાપૂર્વક કહેવા માંડ્યું કે આ રીતનું લખાણ શક્ય જ નથી ત્યારે લીપોગ્રાફિક નોવેલ લખવાની મારી ચાનક વધતી ગઈ!

આમ તો આ નવલકથા ૧૯૩૬માં લખાઈ ગયેલી, પણ કોઈ પ્રકાશક ન મળતા ઠેઠ ૧૯૩૯માં એ છપાઈ. કમનસીબે એ જ વર્ષે અર્નેસ્ટ રાઈટ મૃત્યુ પામ્યા એટલે વિવેચકો દ્વારા નવલકથાના થયેલા વખાણ ખુદ લેખકને સાંભળવા ન મળ્યા!

એટલું ઓછું હોય તેમ નવલકથા પ્રકટ થયાના થોડા જ સમય બાદ ગોડાઉનમાં આગ લાગી, જેમાં મોટા ભાગની પ્રતો બળી ગઈ! આમ છતાં ‘ગેડ્સબી’ આજે ય લોકોને યાદ છે એ જ એની સૌથી મોટી સફળતા છે. ■

---

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# બદારી રેસિડન્સ - બેંગલુરૂ

## એક વળાંકાકાર દીવાલની મજા

**સ્થાપત્યમાં** જરૂરી નાટકીયતા માટે આ એક સારું ઉદાહરણ છે. આ મકાનની બે ખાસિયત છે એમ કહેવાય. એક, આગળના દેખાવમાં રખાયેલી વળાંકાકાર દીવાલ, તેની સાથે જોડાયેલ લીલોતરી વાળી બાલ્કની અને આ સમગ્ર સ્થાનની બે માળ જેટલી ઊંચાઈ ધ્યાન ખેંચે છે. બીજું, આ આવાસની મધ્યમાં આવેલ દીવાન-ખંડ કે જે એક યા બીજી રીતે આવાસના દરેક અગત્યના સ્થાનને અને દરેક અગત્યની આવન-જાવનને એક સાથે પકડી રાખે છે, જોડી રાખે છે. તે સાથે આ આવાસમાં કુદરતી હવા-ઉજાસને પણ યોગ્ય પ્રાધાન્ય મળ્યું છે. સમગ્ર આવાસ દીવાન-ખંડની રચનાના પ્રકારની કારણે આંતર્ભીમુખ જણાય છે તો સાથે સાથે બહારની પરિસ્થિતિ સાથેના તેના સંવાદને કારણે કંઈક બહિર્મુખતા પણ ઊભી થાય છે. આ સમગ્ર રચનામાં ભોયરા ઉપરાંત ત્રણ માળની ઊંચાઈ હોવા છતાં જે રીતે તેમાં માસીંગ કરવામાં આવ્યું છે તેનાથી તેની વિસ્તૃતતા ઓછી નથી જણાતી. આધુનિક જીવનશૈલી, આધુનિક પસંદગી, આધુનિક ઉપકરણો તથા આધુનિક સ્થાન-વ્યવસ્થાનું આ એક સારું ઉદાહરણ છે.







૨૦૧૯માં બંધાયેલ કાડેન્સ સ્થાપત્ય દ્વારા આશરે ૨૪૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળમાં નિર્ધારિત કરાયેલ આ રચના બીજી બધી રીતે એટલી નોંધનીય નથી. અહીં સ્થાનિક સત્તા મંડળના બાંધકામના કાયદાનું અનુસરણ કરાયું છે, સ્થાનિક આબોહવાને પ્રતિભાવ અપાયો છે, ફિનિશિંગ માટે નવીન અને ભપકાદાર સામગ્રી વપરાઈ છે, અને તે બધા સાથે સ્થપતિએ પોતાની ક્ષમતા દર્શાવી છે. આ બધાનો વ્યવસ્થિત સમન્વય કરી, સમગ્રતામાં, એક રસપ્રદ રચના અસ્તિત્વમાં આવી છે.

આ સમગ્ર રચનામાં જે તે સ્થાનની ગોપનીયતા જળવાય છે તો સાથે સાથે કૌટુંબિક સમીકરણો દ્રઢ બને તે માટેના પ્રયત્ન થયાં છે. અહીં ઉપયોગિતા પ્રમાણે સીધી દીવાલો છે તો સાથે સાથે રસ જાગ્રત કરવા માટે વળાંકોનો પણ અસરકારક ઉપયોગ થયો છે. અહીં ભૌમિતિક સાદગી પણ છે અને ક્યાંક વળાંકની મજા પણ છે. અહીં મહત્ત્વની દિશા નિર્ધારિત પણ થાય છે અને સાથે સાથે એક પ્રકારની સ્થિરતા પણ સ્થપાય છે. અહીં માનવીય પ્રમાણમાપને અનુકૂળ સ્થાન પણ છે અને ભવ્યતા અનુભવી શકાય તે માટે વિશાળતા પણ છે. અહીં દરેક સપાટી પોતાની દ્રઢતા રજૂ કરે છે અને સાથે સાથે કેટલાક કુદરતી તત્ત્વો સાથે સંવાદ પણ સ્થપાય છે. અહીં ફિનિશિંગની પેલેટને જેટલું મહત્વ અપાયું છે એટલું જ મહત્ત્વ વોલ્યુમને પણ અપાયું હોય તેમ જણાય છે. આમ પણ સ્થાપત્ય એ વોલ્યુમની રમત છે. જો વોલ્યુમ વ્યવસ્થિત હોય તો બાકીની બધી વસ્તુઓ આપમેળે ગોઠવાતી જાય. જો વોલ્યુમ વ્યવસ્થિત હોય તો ઉપયોગિતામાં પણ સરળતા રહે. સ્થાપત્યની અનુભૂતિ પણ ત્રિપરિમાણીય - વોલ્યુમેટ્રિક હોય છે.

આવાસના પ્રવેશ બાદ, નીચેના માળ પર બે માળની ઊંચાઈવાળો મકાનના હૃદય સમાન દીવાન-ખંડ છે. અહીંથી દાદરા પણ શરૂ થાય છે અને લિફ્ટ પણ. આ દીવાન-ખંડ સાથે રસોઈ, ભોજન કક્ષ, બહારની બેઠક જેવાં કૌટુંબિક તથા સામાજિક સ્થાનો સંકળાયેલા છે. ઉપરના માળની સીટિંગ તેમજ લિફ્ટ તેમ જ દાદરનો માર્ગ પણ અહીં ખુલે છે. આનાથી બે માળ વચ્ચેની ઊંચાઈનો ભેદ જાણે લુપ્ત થઈ જાય છે. અહીં બાજુમાં બહારથી જ સીધા નીચે ભોયરામાં જવા માટે દાદરા અપાયા છે.

અહીં પહેલા માળે બેડરૂમ છે અને એક બેડરૂમ સાથે સંકળાયેલું, નીચેના ભાગમાં ઓવર-લુક કરતું, વ્યક્તિગત સીટિંગ છે. આ સીટિંગથી નીચેના માળ સાથેનો દૃશ્ય-સંપર્ક જળવાઈ રહે છે. અહીંના બધા બેડરૂમ એટેચ વૉર્ડરોબ તથા ટોયલેટ સાથે હોય તે સ્વાભાવિક છે. અમુક કિસ્સામાં તો બેડરૂમનું ક્ષેત્રફળ અને આ સંરચનાનું ક્ષેત્રફળ એક સમાન થઈ જાય છે. આ જે તે કુટુંબની જીવનશૈલીનું પ્રતિબિંબ છે. મકાનની જે અનુભૂતિ માટે અગત્યની વળાંકાકાર દિવાલ છે તે આ ટોયલેટની બહારની દીવાલ છે. અહીં બીજા માળે વધુ અંગત કહી શકાય તેવું એક બેડરૂમ છે અને એક હોમ-થિયેટર સાથેનો ફેમિલી-રૂમ છે. તે ઉપરાંત અગાસીમાં જકુજી માટેનો હોજ, થોડીક લીલોતરી, મુક્ત રીતે બેસવાની જગ્યાઓ પણ છે, જે શહેરની રઘવાટ ભરેલી જિંદગીમાં થોડો વિરામ આપી શકે.

અગત્યની વાત એ છે કે આ મકાનમાં ક્યાંય દંભ નથી. અહીં દેખાડો કરવાની ચેષ્ટા નથી. એક પ્રકારની રેખાકીય સ્પષ્ટતા અહીં જોવા મળે છે જેની સાથે ક્યાંક નાટકીયતા પણ ઊભરે છે. ફિનિશિંગમાં કીમતી સામગ્રી વપરાયા છતાં અહીં એક પ્રકારની સરળતાથી જોવા મળે છે. આ એક નમ્ર મકાન છે જેમાં નમ્રતા દ્રઢતાથી વ્યક્ત થઈ છે. માલિકને ગૌરવ અપાવી શકે તેવી આ રચના છે. જોકે આ મકાનમાં જે પ્રકારનો વળાંક પ્રયોજાયો છે તેમાં થોડી શુદ્ધતાની જરૂર હતી. સાથે સાથે એમ પણ કહી શકાય કે આ વળાંક મકાનના અન્ય ભાગો સાથે કોઈ પણ પ્રકારનો સંવાદ સ્થાપિત નથી કરતો - તે એક આકસ્મિક અને અલાયદી ઘટના બની રહે છે.


સ્થાપત્યમાં નીતનવા ઘણાં પ્રયોગો થતાં રહે છે. કેટલાકને સ્વીકૃતિ મળે છે અને કેટલાક બાજુમાં ધકેલાઈ જાય છે. કેટલાક નવી વિચારધારા સ્થાપવામાં સફળ બને છે તો કેટલાક તેમાં નિષ્ફળ જાય છે. સ્થાપત્યને નિર્ધારિત કરતા પરિબળો સંખ્યામાં એટલા વધારે છે અને ગુણવત્તામાં એટલા જટિલ છે કે તેમાંના એક પરિબળ પર પણ જો, પૂરે પૂરી નિષ્ઠાથી કામ કરવામાં આવે તો પણ પ્રશંસનીય સર્જન થઈ શકે. આ વાત આ મકાનના સ્થપતિ બરાબર સમજ્યાં હશે. ■

---

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# વાયરસનું નામ ગોખવું કે એને સમજવો?



આ લેખ લખતાં પહેલાં ૨૪ કલાક તો વાયરસનું નામ ગોખતાં થયા... ‘હ્યુમન મેટા ન્યુમો’ વાયરસ... બરાબરને?

હું તો થોડો ભણેલો છું એટલે ઘરવાળીએ ભૂખ્યો રાખી અને ગોખાવી દીધું, પરંતુ અમુક લોકોની હાલત તો એવી છે કે નામ ગોખશે ત્યાં વાયરસની અસર દેશમાં પૂરી થઈ ગઈ હશે. અમુકને તો શું આવ્યું અને શું ગયું? તે ખબર જ નહીં પડે તેના માટે ચીનથી આવતા વાયરસ બધા સરખા.

દર વખતે નવો વાયરસ આવે ત્યારે સૌથી પહેલું સોસાયટીના નાકે આવેલી ચાની ટપરી કે પાનના ગલ્લે તેની અસર અને આડઅસર વિશે ગોળમેજી પરિષદ યોજાય.

સિગારેટનો કસ મારી અને ધુમાડાની સાથે સલાહ ફેંકતા ચુનિયાએ ‘આ વખતનો વાયરસ ધ્યાન નહીં રાખો તો તકલીફ કરશે’ તેવું વિધાન કરે અને સામે ઊભેલા, ધુમાડો ગળતા લોકો એને પ્રેમથી સાંભળે પણ ખરા.

નવા વાયરસની ઉત્પત્તિ ચામાચીડિયાના સુપમાંથી ચાલુ થાય અને છેલ્લે લેબોરેટરીમાં બને.

જુદા-જુદા સમુદાયોની પ્રતિક્રિયા પણ જુદી જુદી.

જુદી જુદી જાતના લોકો દ્વારા વાયરસનો સામનો કેવી રીતે કરવો તેની સૂચનાઓ વહેતી થશે. ચાલો, નજર નાખીએ તો...

**ગુજરાતીઓઃ**

ફાફડા-જલેબી, ભજિયા બનાવવાની સામગ્રી, ખાખરા અને ફાકી, માવા, પાન-મસાલા, મુખવાસનો સ્ટોક ભરી લેવો

**પંજાબીઓઃ**

પીવાનું, ખાવાનું પૂરતા સ્ટોકમાં રાખવું, ખાસ લસ્સી. ‘લસ્સીથી કોરોનાને ડર લાગે છે.’ સવાર-બપોર-સાંજ ૩ ટાઈમ લસ્સીનું સેવન કરવાથી તબિયત સારી રહે છે.

**દક્ષિણ ભારતીયોઃ**

‘રસમ ગાર્ગલ’ એક નવો ઉપાય બજારમાં મૂકશે. દરેક સ્વરૂપમાં ચોખાનો સ્ટોક ખૂટવો ના જોઈએ.

ઘરગથ્થુ ઉપાયોની રેસીપીઓ ઓટલા પરિષદ, Whatsapp મહાવિદ્યાલય, facebook અને ઇન્સ્ટામાં વાયરસ કરતાં વધારે ઝડપે ફેલાશે.

‘તુલસી, આદુ, નીમ અને શહદ મિક્સ કરીને દવા બનાવે ત્યાં સુધી વાંધો નથી, પરંતુ પછી કંઈક એવું ઉમેરે કે તે પોતે પણ ન પીએ.’

‘સરસવ તેલથી આંગળી બોળી અને નાકમાં ઘસીને શાંતિથી બેસો. અરે ભાઈ ચિંધાડતાં પહેલાં એક વાર તમે તો પ્રયોગ કરો. સરસવ તેલની ગરમી અને સુગંધ વાયરસ ભૂલવાડી દે તે વાત સાચી, પરંતુ આ નુસખો ચિંધાડનાર આખી જિંદગી યાદ રહે.

આમ પણ ગુજરાતીઓ એટલા બધા ઘરેલુ નુસખા અજમાવે કે શાંતિ ન મળવાને કારણે તમામ વાયરસ ભાગી જાય!

વાયરસ શબ્દ સાંભળતાં જ સલાહ ચાલુ થઈ જાય, જેમ કે ‘ગરમ પાણી પીવો, વાયરસને ગરમીથી ડર લાગે છે.’

‘પાંચ મિનિટ માઇક્રોવેવમાં બેસી જાવ તો નામો-નિશાન નહિ રહે.’ (કોનું?)

આવી બધી સલાહો વચ્ચે મારી તો તમને સૌને સલાહ છે કે કોઈની સલાહ માનશો નહીં. વાયરસની ગંભીરતા સમજતા નથી ને લોકો નાહકની ફિલોસોફી જાડે, જેમકે...

‘આ વાયરસ ટુરિસ્ટ જેવા છે, સફરના શોખીન.’

‘એ તમારાં એક્સ બોયફ્રેન્ડ/ગર્લફ્રેન્ડ જેવો છે જાય જ નહિ.’

‘હા, આ વાયરસથી લૉકડાઉન આવશે કે નહીં તે ચર્ચા હજી શરૂ થઈ નથી, પરંતુ આગોતરાં પગલાં સ્વરૂપે મને જાણવા મળ્યું છે કે કોણે શું કર્યું.

સામાન્ય રીતે પુરુષો ઘરનો ખોરાક ખાવા માટે વધારે ટેવાયેલા હોય છે, પરંતુ આ વખતે ગયા લૉકડાઉનમાં એક કાવતરાનો ભોગ બની અને ઘરઘાટી તથા રસોયાનું કાર્ય કરવું પડેલું તે ન કરવું પડે એટલે પહેલેથી જ ડિસ્પોઝિબલ પ્લેટ અને ત્રણ મહિના ચાલે તેટલી મેગીનો સ્ટોક કરશે.

જે બાળકો ઑનલાઈન અભ્યાસ કરતાં હતાં તેમને ઓછો પ્રોબ્લેમ થયો છે, પરંતુ જે બાળકોએ ઘરે માતા-પિતા પાસે ગણિતનું શિક્ષણ લીધું છે તે ચાર વર્ષે પણ શીખેલું ભૂલી શકતાં નથી ને સાચું ગણિત ગણી શકતાં નથી.

હજુ તો લેખ લખતો હતો ત્યાં ચુનિયાની એન્ટ્રી થઈ. હાથમાં રહેલી કંકોત્રીનો ઘા કર્યો મને કહેઃ ‘નહીં જીવવા દે...’

મેં પૂછ્યુંઃ ‘શું થયું.’ તો મને કહેઃ ‘આ વાઇરસ...’ હું તરત જ ઊભો થઈ ગયો અને બે ફૂટ છેટો ઊભો રહીને એને કહ્યુંઃ ‘નાકે રૂમાલ રાખ..’

જોકે પછી મને યાદ આવ્યું કે આ વાયરસ બાળકો માટે ખતરા રૂપ વધારે છે- બાળક બુદ્ધિ માટે નહીં અને વાયરસ વાયરસને ન વળગે, છતાં સાવચેતી રૂપે હું બે ફૂટ છેટો થઈ ગયો.

ચુનિયાને હાડોહાડ લાગી આવ્યું મને કહેઃ

‘હવે તમે પણ મને નહીં સમજી શકો એમ ને? વાયરસ નથી થયો, પરંતુ વાયરસના વાંકે મારે જે સહન કરવું પડે છે તે કહેવા આવ્યો છું. લગ્નની આ સિઝનમાં માંડ એકાદ જગ્યાએથી જમણવારનું આમંત્રણ આવ્યું ત્યાં આ વાયરસનું બહાનું કાઢી અને આજે ફોન પર મેસેજ આવ્યો કે ‘આપ સૌ સ્વજનો વાયરસનો ભોગ ન બનો, માંદા ના પડો, તે માટે થઈ અને જમણવાર કૅન્સલ કરવામાં આવ્યો છે. ચાંદલો મોકલી આપશો...’ મને તો એકવાર મન પણ થઈ ગયું કે સામો મેસેજ કરું કે ‘ભલે માંદો પડું. હું તો જમવાનો જ...!’ મિલનભાઈ, આને વાયરસે બચાવી લીધો બાકી બે દિવસ અગાઉથી ભૂખ્યો રહીને પણ જમવા જવાનો હતો.’

અચાનક મારા કાન પાસે આવીને કહ્યું કે ‘આ એક ખાનગી વાત છે... બીજા કોઈને ન કહેશો, પરંતુ જાણવા મળ્યું છે કે ચીનથી કંડલા પોર્ટ ઉપર બે કન્ટેનર ભરીને વાયરસ કોઈએ મગાવ્યા છે, તેનું પગેરું આપણી સોસાયટીમાં જ નીકળશે તેવું લાગે છે.’

મેં કહ્યુંઃ હા, સાચી વાત છે બે કન્ટેનર ભરીને મગાવ્યા છે અને ત્રીજી લાઈનમાં રહેતા ઑટોમોબાઈલના વેપારી હસમુખભાઈએ મગાવ્યા છે, પરંતુ તારા જાસૂસને કહેજે કે એ વાયરસ નહીં, પરંતુ વાઈસર છે. સ્કૂટરના સાઇલેન્સરના વાઈસર. ચીનમાં સસ્તાં પડે છે...!

હવે તમે ઘરના જ છો તો એક ખાનગી વાત તમને કહી દઉં કે ચીન આવા વાયરસ ભારતમાં શું કામ મોકલે છે? જીન પીંગે બે પેગ મારી એક વાર બકી માર્યું હતું કે જ્યાં સુધી તમે ચાઈનીઝ ભેળ બનાવવાનું બંધ નહીં કરો ત્યાં સુધી અમે વાયરસ બનાવીશું...!

આવું તો ઘણું છે, ભાઈ.. કેટલું લખવું? ■

**વિચારવાયુઃ**

*મોમઃ (સેનીટાઈઝરનો યુઝ) નો ચિન્ટુ,*
*ધીસ ટાઇમ ઓન્લી પિચુક..*
*આપણે ઘરે છીએ, નેઇબરનાં ઘરે કે મોલમાં નહીં.*
*સો ઓન્લી પિચુક...*
*નોટ પીચુક.. પીચુક... પિચુક...ઓકે? ગુડબોય!*



પ્રકરણઃ ૧૦

# ચહેરા મોહરા

**આ એ જ શિવાની હતી જે તેને દિલોજાનથી ચાહતી હતી. આજે જ્યારે સોહમને તેની હૂંફની જરૂર હતી ત્યારે જ શિવાનીએ તેની સાથે છેડો ફાડી નાખ્યો હતો...**





**પ્રફુલ્લ કાનાબાર**

**સાંજે ઑફિસેથી છૂટ્યા બાદ સોહમ ઘરે જઈ રહ્યો હતો ત્યારે ખૂબ જ ખુશ હતો. આજે જીવનની સૌથી મોટી ઘાતમાંથી તે આબાદ ઊગરી ગયો હતો.**

**દરેક માણસની નિયતિમાં જે નિર્માણ થયું હોય છે તે તરફ જ તે ગતિ કરતો હોય છે, પણ....**

**સોહમની નિયતિમાં પણ આજે જ આનાથી પણ વધારે ખરાબ ઘટના લખેલી હતી તેનો અંદેશો સુધ્ધાં સોહમને ક્યાં હતો?**

સોહમ સાંજે ઑફિસેથી આવીને ઘર તરફની ચાલીમાં પ્રવેશ્યા બાદ તેની ગતિ ધીમી પડી ગઈ. ઘરના અધખુલ્લા દરવાજાની બહાર ગઈકાલની જેમ જ સોહમના પગ થંભી ગયા. સોહમે અંદર નજર કરી. બાપુ ગુસ્સામાં હતા.

'રાં...., પૈસા આપે છે કે નહી?' બાપુ હમેશની જેમ જ દારૂ પીવા માટે માના હાથમાંથી પૈસા ઝૂંટવી રહ્યા હતા. મા મુઠ્ઠીમાં દબાવેલી પાંચસોની નોટ કાઢતી નહોતી. બાપુએ આવેશમાં માને જોરથી ધક્કો માર્યો. મા રસોડાના દરવાજા સાથે અથડાઈ. માના કપાળમાંથી લોહી વહેવા લાગ્યું. બેલેન્સ ન રહેતાં મા જમીન પર ફસડાઈ પડી. પોતાની નજર સમક્ષ જ માને ઘાયલ થતી જોઈને સોહમને કાળ ચડ્યો. તે ત્વરિત ગતિએ ઘરમાં પ્રવેશ્યો. સોહમને અચાનક આવેલો જોઈને બાપુ ચમક્યા.



સોહમ બાપુ પર તૂટી પડયો. બાપુનો મા પ્રત્યેનો ગુસ્સો બેવડાયોઃ

'સાલ્લી, તું તારા દીકરાને પણ મારી વિરુદ્ધમાં ભડકાવે છે.'

'ખબરદાર, મારી માને ગાળ દીધી છે તો..' સોહમે ત્રાડ પડી. બાપુનો ક્રોધ પણ સાતમા આસમાને હતો. તેમણે સોહમને ધક્કો માર્યો. સોહમ પાછો પડયો. તેણે બંને હાથ પાછળની બંધ બારી પર ટેકવ્યા. સોહમના હાથમાં અનાયાસે જ બારી પર પડેલું ચપ્પુ આવી ગયું.

બાપુ ફરીથી હુમલો કરવા ગયા, પણ તે પહેલાં તો સોહમે હાથમાં આવેલું ચપ્પુ આવેશમાં સીધું બાપુના પેટમાં ઘુસાડી દીધું. બાપુના પેટમાંથી લોહીનો ફુવારો ઊડ્યો. બાપુ જમીન પર પછડાયા..

આ આખી ઘટના આંખના પલકારામાં બની ગઈ. ચીસ પાડતી મા બાપુના તરફડિયા મારતા દેહ તરફ દોડી. સોહમ ખુદ તરફડિયા ખાતા બાપુને તાકી રહ્યો.. સોહમની લાલ થઈ ગયેલી આંખોમાંથી હજુ પણ અંગારા વરસી રહ્યા હતા. સોહમના મનમાં બાળપણથી જ બાપુ પ્રત્યેનો જે આક્રોશ લાવા બનીને ઊકળી રહ્યો હતો તે આજે જ્વાળામુખી બનીને ફાટ્યો હતો!

બાપુ બેઠા થવા ગયા, પણ સોહમ મગજ પરથી કાબૂ ગુમાવી બેઠો હતો. તેણે બાપુના પેટમાં જોરથી લાત ફટકારી ને તીવ્ર ચિત્કાર સાથે ક્ષણોમાં જ બાપુનો તરફડિયા ખાતો દેહ શાંત થઈ ગયો.

ક્ષણિક આવેશનું પરિણામ હંમેશા ઘાતક હોય છે. થોડી ક્ષણો બાદ સોહમને ખ્યાલ આવ્યો કે તેના હાથે એક જીવતા જાગતા માણસની - એના કહેવાતા બાપની નિર્મમ હત્યા થઈ ગઈ હતી.

રૂમમાં સન્નાટો વ્યાપી ગયો હતો. મા - દીકરાની વચ્ચે બાપુની લાશ પડી હતી. સોહમ કાંઈ બોલે તે પહેલાં મા સ્વસ્થ થઈ ગઈ.

તેણે ઊભા થઈને ઘરનો દરવાજો બંધ કરી દીધો. બાપુનું કાંડું પકડીને ખાતરી કરી કે બાપુના શરીરમાં જીવ બચ્યો નથી.

'બેટા, આને હૉસ્પિટલે લઈ જવાનો કોઈ અર્થ નથી. તું જલદી હાથ ધોઈને કપડાં બદલી લે. આ ખૂન મેં કર્યું છે તેમ પોલીસ પાસે હું કબૂલી લઈશ.'

'પણ કેમ?' સોહમે માની આંખમાં જોઈને પૂછયું.

'કારણ કે હું તારી જનેતા છું... મારે તો હવે કેટલા દા'ડા કાઢવાના છે? જેલમાં કાઢી લઈશ. તારી પાસે તો આખી જિંદગી પડી છે. કોઈ આવે તે પહેલાં તું જલદીથી હાથ ધોઈને કપડાં બદલી લે.'

'ના મા, આ ખૂન મેં કર્યું છે.. જેલમાં પણ હું જ જઈશ.' સોહમે મક્કમતાથી કહ્યું.

'દીકરા, જીદ ન કર. તારી આ અભાગણી માની આટલી વાત માની લે..' બોલતાં બોલતાં મા રડવા માંડીઃ

'દીકરા, સમાજ કહેશે કે એક દીકરાએ બાપને મારી નાખ્યો.'

'ભાડમાં જાય સમાજ.. આમ પણ એ ક્યાં મારો સગો બાપ હતો? અને ધારો કે હોત તોપણ જે પુરુષ પોતાના પરિવારની જવાબદારી લેવા તૈયાર ન હોય અને એક નિર્દોષ સ્ત્રી પર અત્યાચાર કરે એવા પુરુષને હું બાપ માનવા જ તૈયાર નથી.' સોહમે એક એક શબ્દ પર ભાર મૂકતાં કહ્યું હતું.

છેલ્લા ચોવીસ કલાકમાં સોહમના જીવનમાં તેને હચમચાવી નાખતી આ બીજી દુર્ઘટના બની હતી. આંગડિયા લૂંટ કેસમાં પોલીસના ત્રાસથી બચવાનો આનંદ હજુ તો સોહમ માણે તે પહેલાં આ અણધારી આફત ત્રાટકી હતી. સોહમનો ઈરાદો આજે મા પાસેથી ખુદના સાચા બાપનું નામ જાણવાનો હતો, પરંતુ હવે....

સોહમ એક પણ શબ્દ બોલ્યા વગર ઘરની બહાર નીકળીને નજીકના પોલીસ સ્ટેશને હાજર થઈ ગયો હતો.

બીજા દિવસના દરેક અખબારમાં હેડલાઈન હતીઃ

'એક દીકરાએ ગૃહકલેશને કારણે પિતાને મોતને ઘાટ ઉતાર્યો.'

કોર્ટમાં કેસ ચાલ્યો અને સમય જતાં ચુકાદો આવ્યો એમાં સોહમને જન્મટીપની સજા થઈ હતી.

એકદમ સીધો સાદો દેખાતો સોહમ જન્મટીપની સજા ભોગવવા જેલમાં આવ્યો ત્યારે તમામ કેદીની આંખમાં વિસ્મય હતું. સોહમનો નિર્દોષ ચહેરો તેની આંખોમાં વ્યાપેલો ખાલીપો, વિષાદ અને શૂન્યતાને જોઈને તેના વિષે કોઈ પણ વ્યક્તિ માની જ ન શકે કે આ માણસે તેના બાપને મોતને ઘાટ ઉતાર્યો હશે. જેલમાં અન્ય પણ ખૂનના ગુના હેઠળ સજા ભોગવી રહેલા મોટી આંખોવાળા અને મોટી મૂછોવાળા ખૂનખાર કેદીઓ હતા. સોહામણો અને અતિશય ગંભીર દેખાતો સોહમ આ બધામાં અલગ જ તરી આવતો હતો.

થોડા દિવસ બાદ સોહમને જેલમાં શિવાનીનો પત્ર મળ્યો હતો. સોહમે પત્ર વાંચવાનો શરૂ કર્યો..

**સોહમ,**

આખરે તેં એ જ કરી બતાવ્યું જે તું એક વાર મારી પાસે બોલ્યો હતો... યાદ છે? આપણે રીવરફ્રન્ટની પાળે બેઠાં હતાં ત્યારે પણ મેં તને સમજાવ્યો હતો... બદલો લેવામાં બહાદુરી નથી, પણ માફ કરી દેવામાં બહાદુરી છે. કહેવાય છે કે નામ વગરનો સંબંધ હંમેશા બદનામ હોય છે. સદ્‌નસીબે આપણો સંબંધ બદનામ નહોતો કારણકે બાળપણથી લઈને યુવાની સુધીના પ્રેમના અંકુરો તેમાં રોપાયેલા હતા! કમનસીબે તારા આ એક જ પગલાએ આપણા નામ વગરના આ સંબંધનો પણ આજે અંત લાવી દીધો છે. જેના કપાળ પર પિતાના ખૂનનું કલંક હોય તેવા માણસને હું પતિ તરીકે ક્યારેય સ્વીકારી ન શકું....

**-શિવાની**

શિવાનીનો પત્ર વાંચતી વખતે સોહમની આંખો ઝીલમિલાઈ. તે મનમાં જ બોલ્યોઃ શિવાની, મારે તને કઈ રીતે સમજાવવું કે એ મારો સગો બાપ નહોતો. મારી માને પરેશાન કરનાર એ એક મવાલી હતો. કમનસીબે એ અમારી સાથે એક જ છત નીચે રહેતો હતો.... રહી વાત ખૂનના કલંકની. રામ ભગવાને પણ જ્યારે માનવ અવતાર ધારણ કર્યો હતો ત્યારે અસૂરોનો સંહાર કર્યો જ હતો ને? વળી આ કોઈ પ્લાન કરીને કરેલું ખૂન નહોતું. બસ, આવેશમાં જ બધું બની ગયું....

જેલની બેરેકમાં સોહમ ક્યાંય સુધી હાથમાં એ પત્ર સાથે બેસી રહ્યો. તેની આંખમાંથી વહેતાં આંસુ એ કાગળને ભીંજવી રહ્યાં. જીવનમાં આઘાતની કેટલીક ક્ષણો એવી આવતી હોય છે કે માણસ અંદરથી તૂટી જતો હોય છે.. અનેક ટુકડાઓમાં વિખેરાઈ જતો હોય છે, ખાસ કરીને અંગત વ્યક્તિ જ્યારે દુખના સમયે સાથ છોડી દેતી હોય છે ત્યારે... બહુ અઘરું હોય છે, એ ટુકડાઓને સમેટીને ભેગા કરીને ઊભા થવાનું... આ એજ શિવાની હતી જે તેને દિલોજાનથી ચાહતી હતી. આજે જ્યારે સોહમને તેની હૂંફની જરૂર હતી ત્યારે જ શિવાનીએ તેની સાથે છેડો ફાડી નાખ્યો હતો.

સોહમ બંને હાથ વડે એ કાગળના ટુકડા કરતાં કરતાં સ્વગત બોલ્યોઃ

'માણસ પર જ્યારે અણધારી આપત્તિ આવી પડે છે ત્યારે તેનો પડછાયો પણ સાથ છોડી દેતો હોય છે. અત્યારે તારો કોઈ જ વાંક નથી, શિવાની.. વાંક મારી કિસ્મતનો છે. કાશ, મેં તને ચાહવાની ભૂલ ન કરી હોત તો આજે આટલી પીડા ભોગવવાનો વારો આવ્યો ન હોત!'

સોહમના મ્લાન ચહેરા પર દુનિયાભરની નફરત આવીને બેસી ગઈ હતી. એ દિવસથી સોહમ હસવાનું બિલકુલ ભૂલી ગયો હતો. શિવાનીએ આપેલા આઘાતના આંચકામાંથી સોહમ હજુ તો બહાર આવે તે પહેલાં તેના દિલને વધુ એક ધક્કો લાગે તેવા આઘાતજનક સમાચાર તેને મળ્યા હતા...

(ક્રમશઃ)



---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તુલા | ઈચ્છા |
| તોડ | પિતા |
| તૃષ્ણા | નુકસાન |
| તોટો | નિકાલ |
| તાત | ત્રાજવું |

### ઓળખાણ પડી?



આપણા દેશના વિવિધ શહેર વિવિધ ઉપનામથી ઓળખાય છે. કયું શહેર 'સિટી ઓફ નવાબ નવાબના શહેર' તરીકે ઓળખાય છે એ કહેશો?

અ) ચંદીગઢ બ) લખનઊ ક) અમૃતસર ડ) ઝાંસી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ૨ હ | સ્ય | મ | ૩ ય | | ૪ શાં | તિ | ૫ પ | દ |
| ૬ ચ | ર | | | ૭ સ | ૮ પૂ | ત | | ર્વ | |
| ૯ ના | સ | ૧૦ પ | ૧૧ તિ | | ર | | ૧૨ ક | | ૧૩ શુ |
| ત્મ | | ૧૪ દ | ર | ૧૫ વા | જો | | ૧૬ સ | ૧૭ મૃ | દ્ધિ |
| ૧૮ ક | ૧૯ ન | ક | | ૨૦ દ | શ | ૨૧ મી | | ૨૨ ત | ક |
| | વ | | ૨૩ કો | ળાં | | ણ | | ૨૪ દે | ર |
| ૨૫ સ | જા | ૨૬ વ | ટ | | ૨૭ યો | | ૨૮ ગ્ર | હ | ણ |
| ૨૯ મુ | ત | ર | ડી | | ગ | | હ | | |
| દા | | દા | | ૩૦ ન | દા | ર | દ | | ૩૧ અ |
| ૩૨ ય | મ | ન | | ૩૩ ત | ન | | ૩૪ શા | ર | દા |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ | |
| ૭ | | | | ૮ | | | | ૯ | ૧૦ |
| ૧૧ | | | ૧૨ | | | | ૧૩ | | |
| | ૧૪ | | | | ૧૫ | ૧૬ | | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | | | | | |
| ૨૦ | | ૨૧ | | | ૨૨ | | ૨૩ | | ૨૪ |
| | | ૨૫ | | | | | ૨૬ | | |
| | | | | ૨૭ | | | | | |
| ૨૮ | ૨૯ | | ૩૦ | | | ૩૧ | | | ૩૨ |
| | ૩૩ | | | | ૩૪ | | | | |

**આડી ચાવી**

૧. ખાત્રી, જામીનગીરી (૪)
૪. ચલાવવું-વ્યવસ્થા કરવી તે (૪)
૭. પવન ફૂંકવાનું સાધન (૩)
૮. બાહુમૂલ (૩)
૯. કમર (૨)
૧૧. જંગલ (૨)
૧૨. ઈચ્છે (૨)
૧૩. અજ્ઞેય, બ્રહ્મ (૩)
૧૪. કરારનામું, કબૂલાતનો લેખ (૬)
૧૭. સમય, મોત (૨)
૧૮. તુંકારભર્યું પુરુષવાચક સંબોધન (૨)
૧૯. જાદુ, કાર્ય કુનેહ (૪)
૨૦. માળામાં --- પરોવો (૩)
૨૨. સ્ત્રી માટે વપરાતો શબ્દ (૩)
૨૫. એક નાનું માપ (૨)
૨૬. તમા, કાળજી, ચિંતા (૩)
૨૭. મોંઘવારીનો --- મધ્યવર્ગને પડે (૨)
૨૮. ધનુષબાણ (૫)
૩૧. જમીનમાં દાટેલું (૪)
૩૩. ભોજન સમારંભ (૩)
૩૪. મૂળ રહીશ (૩)

**ઊભી ચાવી**

૧. આપણા ઘડવૈયા --- આપણે (૩)
૨. બે રાગ મળીને બનતો એક રાગ (૬)
૩. ગાયોનું ટોળું (૨)
૪. સાથે (૨)
૫. શતરંજમાં ઘોડાની --- અઢી ડગલાં હોય (૨)
૬. નકલ કરનાર (૫)
૮. વધુ સારું (૪)
૧૦. મજાક, મશ્કરી (૩)
૧૨. ચબરાક, હોંશિયાર (૩)
૧૫. જ્ઞાતિનો બહિષ્કાર (૫)
૧૬. દેશની આર્થિક રાજધાની (૩)
૧૮. ઈંદ્રની નગરી (૫)
૨૧. કોતરણી કરવી તે (૫)
૨૩. સૌંદર્યવતી સ્ત્રી (૫)
૨૪. પરિચય, આદત, મહાવરો (૨)
૨૭. --- લાગવું એટલે ખરાબ લાગવું (૨)
૨૯. અમે તો તમારા ચરણોની --- (૨)
૩૦. વીસ કિલોનું માપ (૨)
૩૧. વીતી ગયેલો સમય (૨)
૩૨. સાધના (૨)

### ગુજરાત મોરી મોરી રે

ખગોળ વિજ્ઞાન સંબંધિત 'ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જિયોઈન્ફોર્મેટિક્સ' ગુજરાતના કયા શહેરમાં છે એ જણાવો.

અ) બોટાદ બ) પેટલાદ ક) આણંદ ડ) ગાંધીનગર

### જાણવા જેવું

ઊંઘ એટલે મનુષ્ય અને પશુને સમયે આવતી આરામ અને શાંતિની અવસ્થા. એમાં શરીર ગારા જેવું થઈ જાય અને ઇન્દ્રિયો મંદ પડી જાય. પશુઓમાં કોઈક વાર એ સ્થિતિ લાંબો વખત ચાલે છે. ઊંઘથી શરીરની રેષા તાજી થવાથી શરીર અને મનનો થાક ઊતરી આરામ મળે અને તેથી તાજા અને શક્તિમાન થવાય. જિંદગી અને તંદુરસ્તી માટે દરેક પ્રાણીને ઊંઘની જરૂર છે.

### સુડોકુ-૭૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૯ | | ૧ | | | |
| ૩ | | | | | | ૫ | | ૨ |
| | | | | ૪ | ૨ | | | |
| ૯ | | | | | | | ૧ | |
| | | ૩ | ૨ | | ૮ | ૭ | | |
| | ૭ | | | | | | | ૪ |
| | | | ૬ | ૭ | | | | |
| ૬ | | ૪ | | | | | | ૧ |
| | | | ૫ | | ૯ | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૬ | ૩ | ૫ | ૭ | ૮ | ૪ | ૯ |
| ૩ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૨ | ૫ |
| ૯ | ૫ | ૭ | ૪ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૧ | ૭ | ૯ | ૨ | ૩ | ૬ | ૫ | ૮ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૪ | ૬ | ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૯ | ૨ |
| ૬ | ૪ | ૧ | ૫ | ૮ | ૯ | ૨ | ૭ | ૩ |
| ૮ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૭ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૮ |

### ચતુર આપો જવાબ

**માથું ખંજવાળો**

ભારતીય રેલવેના વિશાળ નેટવર્કમાં કઈ ટ્રેન ૧૨ રાજ્યમાંથી પસાર થઈ ૭૩ કલાક મુસાફરી કરે છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) દિબ્રુગઢ એક્સપ્રેસ
બ) હિમસાગર એક્સપ્રેસ
ક) પંચવટી એક્સપ્રેસ
ડ) ઉદય એક્સપ્રેસ

### નોંધી રાખો

માણસને મળેલું વરદાન યાદશક્તિ પણ ગજબનાક હોય છે. કોઈ કહે તો યાદ નથી રહેતું અને જો કોઈ કહી જાય તો ભુલાતું નથી!

### માઈન્ડ ગેમ

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૪૦ કરતા વધુ સેન્ચુરી ફટકારવામાં સચિન તેંડુલકર પછી બીજા ક્રમે કયો ખેલાડી આવે છે એ જણાવો.

અ) બ્રાયન લારા બ) જેક કાલિસ
ક) જૉ રુટ ડ) કુમાર સંગકારા

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચકોર | ચાલાક |
| ચક્ષુ | આંખ |
| ચટકો | ડંખ |
| ચરખો | રેંટિયો |
| ચરણ | પગ |

ગુજરાત મોરી મોરી રે: પંચમહાલ

ઓળખાણ પડી: ભુવનેશ્વર

માઈન્ડ ગેમ: સુરેશ રૈના

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: દુરંતો એક્સપ્રેસ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) વિભા મહેશ્વરી (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મુલરાજ કપૂર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) નીતા મુલરાજ કપૂર (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) નૂતન વિપીન (૧૯) મીનળ કાપડિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ભાવના કર્વે (૨૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૫) કલ્પના આશર (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેશ દોશી (૨૮) પ્રવીણ વોરા (૨૯) અંજુ ટોલિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભારતી બુચ (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) રમેશ દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અમીશી બંગાળી (૪૧) નિખિલ બંગાળી (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) મહેશ સંઘવી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) હેમા હરીશ ભટ્ટ (૪૬) રસિક જુથાણી - કેનેડા

સ્પોર્ટ્સ મૅન
સાશા શર્મા
feedback@bombaysamachar.com

# ઑસ્ટ્રેલિયામાં ભારત હાર્યું, પણ અમદાવાદી બુમરાહનું નામ હજીયે ગૂંજે છે

**નાનપણથી બૅટર્સની ઊંઘ ઉડાડનાર આ વર્લ્ડ નંબર-વન બોલર સફળતાની સીડી કેવી રીતે ચડતો ગયો એ એના સ્કૂલના કોચના જ શબ્દોમાં જાણો...**



ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસકર ટ્રૉફીમાં ભારત ૧-૩થી હારી ગયું, પણ વર્લ્ડ નંબર-વન ટેસ્ટ બોલર જસપ્રીત બુમરાહ આખી સિરીઝમાં છવાઈ ગયો, તેની જ બોલબાલા હતી અને છેવટે મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર પણ તેને જ આપવામાં આવ્યો. આ લેખમાં આપણે આ 'ટૉક ઑફ ધ ટાઉન' ફાસ્ટ બોલરના અંગત બૅકગ્રાઉન્ડની ચર્ચા કરીશું, પરંતુ એ પહેલાં ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં તેણે જે સિદ્ધિઓ મેળવી એના પર એક નજર કરીએ.

ભારત સિરીઝ હારી ગયું અને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલની રેસની બહાર થઈ ગયું એમ છતાં બુમરાહની બોલબાલા છે. ક્રિકેટ-નિષ્ણાતો અને ક્રિકેટપ્રેમીઓ શ્રેણીમાં સૌથી વધુ ૩૨ વિકેટ લેનાર બુમરાહની પ્રશંસા કરતા થાકતા નથી. એ તો ભારતીય ટીમનું દુર્ભાગ્ય હતું કે પાંચમી ટેસ્ટમાં તે માંડ ૧૦ ઓવર બોલિંગ કરી શક્યો હતો. પીઠના દુખાવાને લીધે તે વધુ બોલિંગ નહોતો કરી શક્યો અને છેવટે ભારત હારી ગયું હતું. જોકે તેને આ ઈજા ન નડી હોત તો મૅચનું પરિણામ કદાચ જુદું જ હોત.

બુમરાહની ૩૨ વિકેટ ઑસ્ટ્રેલિયામાં રમી ચૂકેલા ભારતીય બોલર્સમાંથી એક સિરીઝમાં લીધેલી વિકેટોમાં હાઈએસ્ટ છે. તેણે બિશનસિંહ બેદીનો ૪૬ વર્ષ જૂનો ભારતીય વિક્રમ તોડ્યો હતો. બેદીએ ૧૯૭૮ની સાલમાં ઑસ્ટ્રેલિયામાં એક શ્રેણીમાં ૩૧ વિકેટ લીધી હતી. એટલું જ નહીં, બુમરાહે આ શ્રેણીમાં ૨૦૦મી ટેસ્ટ-વિકેટ પણ લીધી હતી. તેણે ૪૪મી ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી અને ભારતીય બોલર્સમાં તેની આગળ એકમાત્ર રવિચન્દ્રન અશ્વિન છે જેણે ૩૭મી ટેસ્ટમાં ૨૦૦મો શિકાર કર્યો હતો. બુમરાહની જેમ રવીન્દ્ર જાડેજાએ પણ ૪૪મી ટેસ્ટમાં ૨૦૦મી વિકેટ લીધી હતી.

ઑસ્ટ્રેલિયાની તાજેતરની ટૂરમાં ભારત એક જ ટેસ્ટ જીત્યું અને એ વિજય બુમરાહની કૅપ્ટન્સીમાં મળ્યો હતો. એ જ ટેસ્ટમાં બુમરાહ બોલિંગમાં પણ છવાઈ ગયો હતો. પહેલા દાવમાં તેણે પાંચ અને બીજા દાવમાં ત્રણ વિકેટ લીધી હતી અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો. રોહિત શર્માએ બીજી ટેસ્ટથી કૅપ્ટન્સી સંભાળી લીધી હતી, પરંતુ સિડનીની અંતિમ ટેસ્ટમાં તે ન રમ્યો હોવાથી ફરી નેતૃત્વની જવાબદારી બુમરાહ પર આવી હતી. જો તેને પીઠની ઈજા ન થઈ હોત તો ભારતે સિરીઝ ૨-૨થી સમકક્ષ કરાવી લીધી હોત અને બોર્ડર-ગાવસકર ટ્રૉફી જાળવી રાખી હોત.

ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઇરફાન પઠાણે બુમરાહ વિશે બહુ સારું કહ્યું છે. તેણે કૉમેન્ટરી દરમ્યાન કહ્યું, 'બુમરાહે ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં પોતાની સર્વશ્રેષ્ઠ ક્ષમતાથી પર્ફોર્મ કર્યું. તેના પ્રયાસોની પ્રશંસા ન થાય તો એ ઠીક નહીં કહેવાય.'

વસીમ જાફરના મતે આ સિરીઝમાં છેલ્લા દિવસ સુધી ભારતે જીતવાની જે પ્રતિબદ્ધતા બતાવી એનો સંપૂર્ણ શ્રેય જસપ્રીત બુમરાહને જ આપ્યો છે. તેમણે 'એક્સ' પર લખ્યું, 'આ સિરીઝમાં બુમરાહ જ્યારે જ્યારે સર્વોત્તમ ફૉર્મમાં રહ્યો ત્યારે ત્યારે ઑસ્ટ્રેલિયાના બૅટર્સે શ્વાસ રોકી લીધો તેના પ્રત્યેક બૉલને સુરક્ષિત રીતે રમ્યા પછી જ રાહતનો દમ લીધો હતો. કોઈ ખેલાડીને ઑસ્ટ્રેલિયાના પ્લેયર્સ પર આટલો બધો હાવી થતો ભાગ્યે જ જોવા મળ્યો છે.'

૧૯૯૩ની છઠ્ઠી ડિસેમ્બરે અમદાવાદમાં વસતા શીખ પરિવારમાં જન્મેલો બુમરાહ જ્યારે સાત વર્ષનો હતો ત્યારે તેના પિતા જસબીર સિંહનું દેહાંત થયું હતું. ત્યાર બાદ તેના મમ્મી દલજીત પર ઘર સંભાળવાની તેમ જ બન્ને સંતાનો (જસપ્રીત અને તેની બહેન જુહિકા)ને ઉછેરવાની જવાબદારી આવી પડી હતી. અમદાવાદના વસ્ત્રાપુર નામના વ્યસ્ત વિસ્તારના એક શાંત સ્થળે નિર્માણ હાઇસ્કૂલ આવેલી છે. આ સ્કૂલનું પ્લે-ગ્રાઉન્ડ બુમરાહ નામના શરમાળ છોકરાથી માંડીને ચૅમ્પિયન બોલર બનવા સુધીની સફરની સાક્ષી છે. આ સ્કૂલના બે કોચ કિશોર ત્રિવેદી તથા કેતુલ પુરોહિતે બુમરાહની ક્ષમતાને બહુ પહેલાથી ઓળખી લીધી હતી. બુમરાહના મમ્મી આ હાઈસ્કૂલના પ્રી-પ્રાઇમરી સેક્શનનાં વાઇસ-પ્રિન્સીપાલ હતાં. એક દિવસ તેમણે કિશોર ત્રિવેદીને તેમની ઍકેડેમીમાં પુત્ર બુમરાહને પ્રવેશ આપવા વિશેની વિનંતી કરી હતી. એ દિવસને યાદ કરતા સ્કૂલ-કોચ ત્રિવેદી એક મુલાકાતમાં કહે છે, 'મેં જ્યારે તેને પહેલી વાર નેટમાં જોયો તો તેનો પર્ફોર્મન્સ જોઈને હું ચોંકી ગયો હતો. મેં જોયું કે ટૂંકા રન-અપ પરથી દોડી આવીને અનોખી બોલિંગ સ્ટાઇલથી ફાસ્ટ બૉલ ફેંકીને બૅટર્સને તે પરેશાન કરી રહ્યો હતો. મેં તેને લગભગ ૧૦ મિનિટ સુધી બોલિંગ કરતો જોયો ત્યારે મને ખાતરી થઈ ગઈ કે અમે આ બોલરને જો યોગ્ય માર્ગદર્શન આપીશું તો તે બહુ આગળ જઈ શકે એટલી કાબેલિયત છે.'

થોડા દિવસ સુધી બન્ને કોચ ત્રિવેદી-પુરોહિતે બુમરાહના દેખાવ પર બારીકાઈથી નજર રાખી હતી કે જેથી તેનો પર્ફોર્મન્સ જરાય ઓસરી ન જાય અને તેની બોલિંગ-ઍક્શન પણ ન બદલાય. ત્રિવેદી જૂની યાદ તાજી કરતા કહે છે, 'મેં એક સ્થાનિક ટૂર્નામેન્ટની ચારેય મૅચમાં બુમરાહને રમાડ્યો હતો અને ચારેયમાં તેણે સચોટ લાઇન અને લેન્થમાં બોલિંગ કરી હતી. તેની બોલિંગની બીજી ખાસિયત એ હતી કે તે સતતપણે કલાકે ૧૪૦ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકતો હતો. તેના આ પર્ફોર્મન્સથી સ્થાનિક ક્રિકેટમાં સનસનાટી મચી ગઈ હતી. નિર્માણ હાઈસ્કૂલની મૅચ જ્યારે પણ રમાતી ત્યારે હરીફ ટીમના બૅટર્સની ઊંઘ ઊડી જતી હતી. જોકે તેના મમ્મીને આનાથી પણ સંતોષ નહોતો. તેમણે એક દિવસ સ્કૂલના કોચને પોતાની કૅબિનમાં બોલાવ્યા અને પૂછ્યું કે શું ખરેખર ક્રિકેટમાં બુમરાહનું ભવિષ્ય છે ખરું?' કોચ ત્રિવેદીએ તેમને કહ્યું, 'જસપ્રીતમાં બહુ સારી ટૅલન્ટ છે અને તે પ્રતિભાશાળી ક્રિકેટર બની શકે એમ છે એમાં કોઈ શંકા નથી. તે જો નિયમિત રીતે મારા કૅમ્પમાં આવે તો હું તેને ઓછામાં ઓછા રાજ્ય-સ્તરીય ક્રિકેટ માટે તૈયાર કરવાની કોશિશ જરૂર કરી શકું.'

પુરોહિતે પણ એ જ વિચાર વ્યક્ત કર્યો હતો અને પછી દલજીતે પુત્ર બુમરાહને ક્રિકેટમાં વધુ આગળ વધવા બે વર્ષનો સમય આપ્યો અને એ બે વર્ષે બુમરાહની જિંદગી બદલી નાખી.

૧૯ વર્ષની ઉંમરે બુમરાહને આઇપીએલમાં એન્ટ્રી કરવાનો મોકો મળ્યો હતો. મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ તેને પસંદ કર્યો હતો. એ વખતે એમઆઈ માટે જૉન રાઇટ સારા બોલર્સને શોધી રહ્યા હતા અને તેમને બુમરાહમાં બહુ સારી ટૅલન્ટ દેખાઈ હતી. જોકે એ પહેલાં બુમરાહે જિલ્લા અન્ડર-૧૯ ટીમમાં પ્રવેશ મેળવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ તેની બોલિંગ-ઍક્શન અપરંપરાગત હોવાથી તેને રિઝર્વમાં રાખવામાં આવ્યો હતો. ત્યારે તેણે ગુજરાત ક્રિકેટ ઍસોસિયેશનના વર્તમાન સેક્રેટરી અનિલ પટેલનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. પટેલ યાદ તાજી કરતા કહે છે, 'શરૂઆતની ત્રણ-ચાર મૅચ બુમરાહને ઇલેવનની બહાર રાખવામાં આવ્યો હતો, પણ જ્યારે તેને પહેલી વાર રમવાનો મોકો મળ્યો ત્યારે તેણે પહેલી જ મૅચમાં સાત વિકેટ લીધી હતી.'

બુમરાહ જ્યારે ગુજરાતની વાઇટ-બૉલ ટીમમાં સામેલ કરાયો ત્યારે પહેલી વાર દેશના ક્રિકેટ-નિષ્ણાતોનું તેના પર ધ્યાન ગયું હતું અને પ્રભાવિત થયા હતા. બુમરાહે ૨૦૧૩માં બેન્ગલૂરુ સામેની મૅચથી આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. બુમરાહે એ મૅચમાં ત્રણ વિકેટ લીધી હતી. આઇપીએલમાં એમઆઇનો મુખ્ય હિસ્સો બનવાની શરૂઆત કર્યા બાદ બુમરાહ રણજી ટ્રૉફીમાં રમ્યો હતો. ત્યારે તે ફક્ત ઇન-સ્વિંગર બૉલ ફેંકતો હતો. જોકે તે જે પણ ટીમ વતી રમતો એનો મુખ્ય વિકેટ-ટેકિંગ બોલર બન્યો હતો. ૨૦૧૫માં વિજય હઝારે ટ્રૉફીમાં એક અમ્પાયરે તેની બોલિંગ-ઍક્શન બાબતમાં વાંધો ઉઠાવ્યો હતો. જોકે ગુજરાત ટીમ મૅનેજમેન્ટના સમર્થન સાથે મામલો ઉકેલાઈ ગયો હતો. મહિના પછી બુમરાહને ઑસ્ટ્રેલિયા જવા મળ્યું અને ૨૦૧૬ની ૨૩મી જાન્યુઆરીએ તેણે ભારત વતી ડેબ્યૂ કર્યું હતું. નવ વર્ષમાં તે ઈજાઓ પર કાબૂ મેળવીને તેમ જ પ્રશિક્ષકોને પ્રભાવિત કરીને આજે ટેસ્ટ જગતના બોલર્સમાં અવ્વલ સ્થાને પહોંચ્યો છે. ■

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# મારા ઘરનાં બે ખૂણાંઃ 'મનીપ્લાંટ' ને 'કેક્ટસ'



આખરે મેં કુંડામાં 'મનીપ્લાંટ'ની ડાળી વાવી. પત્ની ક્યારનીયે કહેતી હતી કે 'ડ્રોઈંગરૂમ'માં 'મનીપ્લાંટ' રાખીએ, લકી હોય, પૈસા આવે! ચલો, ફાઇનલી પત્ની ખુશ! હવે એનાથી મોટું લક શું હોય?

અમે આગળની નાની ઓરડીને 'ડ્રોઈંગરૂમ' કહીએ. અહીં એક પાટ છે, બે ટિપાઇ ને ટેબલ પર પુસ્તકો -છાપાં વેરવિખેર. ક્યારેક એ ઓરડીને સજાવવાનો ઉત્સાહ ઊભરાઇ આવે ત્યારે બધી ચોપડીઓને ગોઠવીએ, ટેબલ વ્યવસ્થિત કરી નાખીએ, જેથી ફરીથી એ 'હતું એવું ને એવું' જ એ લઘરવઘર થઈ શકે!

મિડલક્લાસનો માણસ, ૨ રૂમરસોડાને સંભાળવામાં જ આખી જિંદગી કાઢી નાંખે. જો ડ્રોઈંગરૂમ માટે સોફા ખરીદે, તો રસોડામાં અનાજ ઘટી પડે. પલંગ માટે નવી ચાદર ખરીદીએ તો લાઇટનું બિલ રહી જાય એટલે જ હવે મેં ઘરને ડ્રોઇંગરૂમ, કિચન ને બેડરૂમમાં એમ ૩ ભાગમાં માનવાનું બંધ કર્યું. આખા ઘરને 'ઘર' જ કહેવાનું. દેશમાં ૯૦ % આવું જ કરે છે. જે લોકો તુલસીનો છોડ વાવે છે, એ પાડોશીના ઘરેથી ફૂલો ચોરીને ડેકોરેશન કરે, પેંટને ખીંટી પર ટાંગીને 'ચડ્ડો' પહેરી ફરે ને પછી 'પગારમાં મહિનો કેમ કાઢવો' એમાં ગણિતજ્ઞાન ઘસી નાખે!

આ દેશમાં જે નવરાં લોકો રસ્તા પરનાં અજાણ્યાઓનાં સરઘસને ખૂબ ઉત્સાહથી જુએ, પણ પોતાનાં ઘરનાં જ સગાઓ કે મહેમાનને ટાળે, એવામાંનો હુંયે છું.

આમ તો મનીપ્લાંટ રાખવો મારી મૂર્ખતા છે. તમે જ કહો, મનીપ્લાંટ ઉર્ફ 'પૈસાનો છોડ' મારા ઘરે શું કામ ઊગે ને અહીં પૈસા લાવે? જોકે તોયે હું પાણી તો આપીશ ને એમાં હું કોઇ બંગલાવાળાથી કમ નથી હોં... પણ હા, જો છોડમાં પાણીની બદલે દૂધ આપવાનું હોત તો હું હારી જાત. પછી એક બંગલાવાળા બાળકની સરખામણીએ મધ્યમવર્ગના બાળકની જે દુર્દશા થાય એવી જ આ મનીપ્લાંટની પણ હાલત થઇ હોત. જુઓને, હુંયે પાણી પીપીને ભૂખ્યો રહીને હજી સુધી જીવી ગયોને? તો આ છોડ પણ જીવી જશે! જોકે મનીપ્લાંટમાં 'મની' શબ્દનો જ વટ છે. જેમ આપણે ત્યાં 'મની-ઓર્ડર' આવે તો ચાલીમાં ઇજ્જત વધી જાય એમ! જે હોય તે પણ 'મનીપ્લાંટ' લગાવવાથી મિત્રો સામે થોડી ઇજ્જત તો વધે જ, હોં! જોકે મનીપ્લાંટમાં સુગંધ જરાયે નથી. આમેય 'મની' ઉર્ફ 'પૈસા'માં પણ ક્યાં ખુશ્બુ છે?



પડોશીઓ મનીપ્લાંટની ડાળી લઈ જાય ને પોતાને ત્યાં વાવે. જેમ બેંકની કે કોઈ મોટી કંપનીની બીજી શાખાઓ ખૂલે એમ 'મનીપ્લાંટ'ને જ્યાં વાવો ત્યાં ઊગી નીકળે. જેમ એક શેઠિયા નવો ધંધો શરૂ કરે. પછી પૈસા પાંદડાની જેમ ફૂટે. હવે ધીમેધીમે એ ધંધાની અનેક શાખાઓ બને, જેના પર પૈસા ફૂટે રાખે ને એ બધું જાય શેઠના ખિસ્સામાં. બસ, એક પહેલી ડાળી ખુદની મૂડી કે મહેનતની છે. બાકીની બ્રાંચ કે શાખાઓ તો મજૂરોનાં પરસેવાથી પૈસા કમાવી આપે. એમ..સમજ્યા મની અને મનીપ્લાંટને?.

મનીપ્લાંટની જેમ દેશમાં શેઠિયાઓનાં ધંધાઓમાં પણ નવી કૂંપળો ફૂટે છેઃ જેનું નામ 'બ્લેક મની'. 'ઇન્કમટેક્સ' નહીં ભરવાનો, બોનસ દબાવી દેવાનો, પગારમાં કાપ, નકલી ખાતા, નકલી ખર્ચ, ખોટ બતાડવાની, નકલી 'શેરધારકો' આ બધાંને રાવણના માથાની જેમ વધારવાના. આ બધું જાણે 'મનીપ્લાંટ'ની અનેક શાખાઓ .

વળી આવા 'મનીપ્લાંટ' તો શુદ્ધ શાણાં 'પ્રાઇવેટસેક્ટર' કંપની જેવા છે. સરકારની દયાથી એ ચાલે. વીજળી, પાણી, રસ્તા, એરપોર્ટ બધું પ્રાઇવેટ કંપની નામના મનીપ્લાંટની શાખાઓ. દેશના હવા, પાણી, ખનીજ, જમીન પર એમનો બિંદાસ અધિકાર હોય. પછી દેશની બિચારી પ્રજાને એમાંથી ફળફૂલ મળે કે ના મળે, પણ મનીપ્લાંટનાં પાંદડા ખીલે જ ખીલે. રૂમની સુંદરતા જેમ દેશની સુંદરતા પણ એમાં જ છે. ભલેને ફેક્ટરીઓ અને મશીનો, આસપાસનાં ગંદા ઝૂંપડાઓથી ઘેરાયેલા રહે.

બીજી બાજુ, દેશમાં ગરીબોની સમસ્યાવાળો સમાનતાની જૂઠી વાતોનો સમાજવાદી ઇકોનોમીનો, થોરની પણ ઊભો છે. એના માટે પાણી નથી, કોઇ ટેકો નથી, છતાંયે હજી જીવે છે. માટે જ મેં દીવાનખાનાની બીજી બાજુએ એક કેક્ટસ પણ લાવીને મૂક્યો છે. કેક્ટસ એટલે ગામડાં પાસે આડેધડ ઊગી નીકળતા સુક્કાભઠ્ઠ કાંટાળા થોર. એની નજીક પવન આવે કે ન આવે. કેક્ટસ તો પવનની આશામાં જ જીવી જાય અને આખું જીવન પાણીની રાહ જુવે રાખે.

કોઇએ મને કહ્યુંઃ 'કેક્ટસને વધારે પાણી ન આપો,મૂળિયાં સડી જશે. એની આસપાસ સૂકી રેતી નાખો.' પણ આવી ક્રૂરતા મારાથી નથી થતી, હું તો દરરોજ કેક્ટસનેય પાણી આપું. મનીપ્લાંટની જેમ એય વધી રહ્યો છે. એનીયે શાખાઓ ઝડપથી ખીલે છે. એ લીલું દેખાય છે પણ તોયે રહે છે તો બિચારું કાંટાવાળું જ ગરીબોનાં જીવન જેવું! એની સામે પેલું શાણું 'મનીપ્લાંટ' વેપારી વૃત્તિ ધરાવે છે, જેમાં લચકતા છે, એને આગળપાછળ વળીને પરિસ્થિતિને અનુકૂળ થઇ શકે છે, ઉપરવાળાની જેમ સરકારનો એને આશીર્વાદ છેને?

બિચારા કેક્ટસને પાણી મળતું નથી એટલે એમાં લચકતા નથી. એ અકડથી સીધો ઊભો રહીને કોઈ કૂલીને પૂરી મજૂરી ના મળે તો જે રીતે ગુસ્સાથી ગ્રાહકને ઘુરે, એવી જ રીતે કેક્ટસ પણ ગુસ્સામાં ઘુરતો હોય છે! આ ગુસ્સો, આ ચીડિયાપણું એની ભૂખલાચારી છે.

આ માટે જ છોડ વાવવાનાં મામાલામાં હું આપણાં ગરીબ દેશને અનુસરું છું..એટલે જ મેં ઘરમાં 'મનીપ્લાંટ' ને 'કેક્ટસ' બેઉ રોપ્યા છે. અંદરથી હું ઇચ્છું છું કે આજે જુંડામાં 'મનીપ્લાન્ટ' ખીલ્યો છે તો કાલે ઘરમાં 'મની' પણ આવશે. આવતીકાલે આ છોડ જ કલ્પવૃક્ષમાં ફેરવાઈ જશે. ક્યારેક એમાં લીલા પાંદડાને બદલે, ૫૦૦ રૂપિયાની લીલી નોટ ઊગવા માંડશે, પછી હું એક પાંદડું તોડીને શાકભાજી ખરીદવા જઇશ! હું દરરોજ સવારે આવી આશાઓ સાથે મનીપ્લાંટમાં પાણી રેડે રાખું છું.

-પણ મારી હાલત તો છે..પેલા કેક્ટસ જેવી જ છેઃ સૂક્કીભઠ્ઠ! ■

વિશેષ
રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# સફળ વ્યક્તિઓ એમના ફ્રી-ટાઈમમાં શું કરે છે?



કહે છે કે 'સિદ્ધિ એને જઈ વરે જે પરસેવે નહાય'.

સફળતા વગર મહેનતે નથી મળતી. એને પામવા માટે અથાક પરિશ્રમ કરવો પડે છે ત્યારે એ મહેનતનું ફળ મળે છે ને પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે. સફળતા મળ્યા બાદ સફળ વ્યક્તિઓ પોતાના માટે પણ સમય કાઢે છે.

જાણી લઈએ કે આવા સફળ લોકો ફ્રી ટાઈમમાં શું કરે છે? નવરાશ મળે તો એ શું કરે?

**વ્યક્તિગત વિકાસ માટે વિશેષ વાંચનઃ**

મોટા ભાગની સફળ વ્યક્તિ વાંચનની અગત્યતા સમજે છે. વધુ જ્ઞાન મેળવવા પર ખાસ ધ્યાન આપે છે. વાંચન ન માત્ર જ્ઞાનમાં વધારો કરે છે, પરંતુ યાદશક્તિ અને એકાગ્રતાને પણ મજબૂત કરે છે. સફળ વ્યક્તિ ફ્રી સમયમાં એવાં પુસ્તક વાંચવાનું પસંદ કરે છે, જેથી એનો પર્સનલ અને પ્રોફેશનલ વિકાસ થઈ શકે. એ અન્ય સફળ વ્યક્તિઓની ગાથા, ફિલોસોફી, સાયન્સ અને કાલ્પનિક કથાઓ વાંચવાનું પસંદ કરે છે. એ એવાં પુસ્તક વાંચવાનું પસંદ કરે છે, જે એને વિચારવા માટે વિવશ કરી દે. આમ પુસ્તકનું વાંચન જ્ઞાનમાં વધારો કરવાની સાથે દૃષ્ટિકોણ પણ બદલી દે છે.

**શારીરિક પ્રવૃત્તિઓઃ**

સફળ વ્યક્તિઓ શારીરિક પ્રવૃતિઓ માટે સમય કાઢી લે છે. પછી ભલેને એ ગમે એટલા વ્યસ્ત કેમ ન હોય. એક્સરસાઇઝ કરવાથી શરીર તો સ્વસ્થ રહે જ છે. સાથે માનસિક સ્વાસ્થ્ય પણ સારું રહે છે. સવારના દોડવાનું હોય, યોગાસન હોય કે પછી જિમમાં વર્કઆઉટ કરવાનું હોય... સતત વ્યાયામ કરવાથી મૂડ પણ સારો રહે છે, એનર્જીમાં વધારો થાય છે અને કામમાં પણ સુધારો વર્તાય છે. આ સાથે જ સ્ટ્રેસને મહાત કરવાનો આ સચોટ ઉપાય પણ છે.. આ જ કારણ છે કે સફળ વ્યક્તિઓ આરોગ્ય તરફ દુર્લક્ષ નથી કરતા.

**વર્તમાનમાં જીવવુંઃ**

સફળ વ્યક્તિની એક ખૂબી એ પણ છે કે એ હંમેશા વર્તમાનમાં જીવવામાં માને છે. એ ભૂતકાળ કે ભવિષ્યની ચિંતા કર્યા વગર વર્તમાનમાં જીવે છે. એક રિસર્ચ પ્રમાણે જાણવા મળ્યું છે કે એનાથી સ્ટ્રેસ અને ગભરામણમાં ઘટાડો થાય છે. સાથે જ સંતુષ્ટિની ભાવના સાથે ધ્યાન પણ કેન્દ્રિત થાય છે.

**સંબંધોને સુદૃઢ બનાવવાઃ**

સફળતા માત્ર વ્યવસાયી કે વેપાર પૂરતી સીમિત નથી, સંબંધોમાં પણ સફળ થવું જરૂરી છે. એથી સફળ વ્યક્તિ સંબંધને આવકારે છે અને એને ગંભીરતાથી લે છે.. એથી જ પોતાના પ્રિયજનો સાથે સમય પસાર કરવામાં માને છે. એ પોતાના પરિવાર, મિત્રો અને અન્ય અગત્યના લોકો સાથે સંબંધોને મધુર બનાવવા પર ધ્યાન આપે છે. એ બધા સાથે મળીને મહત્ત્વના મુદ્દા પર ચર્ચા કરે છે અને અનુભવો પણ શૅર કરે છે. મનોચિકિત્સકોના અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે લોકો સાથે હળતાં-મળતાં રહેવાથી આનંદ-ખુશીમાં વધારો થાય છે - તણાવ ઘટે છે અને લાંબું આયુષ્ય ભોગવી શકાય છે.

**મનપસંદ પ્રવૃત્તિઃ**

પોતાની રુચિ અને જે પસંદ હોય એ વસ્તુ પર સફળ વ્યક્તિ વધુ ફોકસ કરે છે. પોતાની પ્રોફેશનલ લાઇફની સાથે પોતાની મનપસંદ ઍક્ટિવિટી-પ્રવૃત્તિ પણ કરે છે. આનાથી રોજબરોજના કામમાંથી બ્રેક મળે છે. એનાથી મન-મગજ હળવાશ અનુભવે છે. આ રીતે વધુ સારી રીતે કામ કરવા માટે તૈયાર થઈ જવાય છે. નવી સ્કિલ્સ શીખવાની સાથે નવા લોકો સાથે પણ પરિચય થાય છે.

**સમાજસેવાઃ**

આવા લોકો હંમેશાં સમાજ માટે કાંઈક કરવાની ઇચ્છા રાખે છે. એમનું એવું માનવું હોય છે કે પોતાને મળેલી સફળતા માટે એ પોતે એકલા જ ભાગીદાર નથી. એની પાછળ લોકોનો સાથ-સહકાર, તક અને સગવડોનો લાભ મળ્યો છે. એથી જ કેટલાક લોકો તો ખાસ સમય ચોરીને પણ સમાજમાં યોગદાન આપવા માટે દોડી જાય છે. સમાજ માટે ઉપયોગી થવાથી પોતાનું જીવન માનવતાની ફોરમથી મહેકી ઊઠશે.

**સ્વનું પ્રતિબિંબઃ**

જીવનની ભાગદોડમાં વ્યક્તિ પોતાની જાતને સમય આપવાનું વિસરી જાય છે. એથી જ્યારે પણ સમય મળે ત્યારે સફળ વ્યક્તિ પોતાની જાતને વધુ નિખારવા પર ભાર આપે છે. એ કાં તો મેડિટેશન-ધ્યાન કરે કે પછી કાં પોતાના વિચારોને એક કાગળ પર ઉતારે છે. આવાં સેલ્ફ-રિફલેક્શનથી પોતાની લાગણીને સમજવાનો, પોતાના ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવાનું અને વધુ પ્રગતિના માર્ગ શોધવાનો પ્રયાસ કરે છે. પોતાની ભૂલોનું વિશ્લેષણ કરીને એને સુધારવાનો આ મોકો હોય છે.

**નિરાંતથી બેસવુંઃ**

કેટલીક વખત એવું પણ બને છે જ્યારે સફળ વ્યક્તિ પોતાના વ્યસ્ત જીવનમાંથી થોડો સમય કાઢીને નિરાંતથી બેસે છે અને કોઈ પ્રવૃત્તિઓ નથી કરતાં. એનો અર્થ એમ નથી કે એ આળસુ બની જાય છે. એ માત્ર પોતાના દિમાગમાં ચાલતા વિચારોના ઘોડાપૂરને દોડવા દે છે. એક સ્ટડી પરથી જાણવા મળ્યું છે કે કોઈ પણ કામ કર્યા વગર માત્ર નિરાંતે બેસી રહેવાથી પણ ક્રિએટિવિટી-સર્જકતાને વેગ મળે છે. એની સાથે એ કોઈ પણ સમસ્યાને સચોટતાથી ઉકેલવામાં પણ મદદ મળે છે. એથી બારી સામે એકીટશે જોઈને નિરાંતે બેસી રહેવું એ કોઈ અપરાધ નથી. એવે વખતે દિમાગ અલગ રીતે કામ કરવા માટે વિચારી રહ્યું હોય છે.

**નવું શીખવુંઃ**

જીવનમાં કાંઈક નવું શીખવા માટે કોઈ સમય કે તકની રાહ ન જોવાની હોય. જ્યારે સમય મળે ત્યારે વિચાર કર્યા વગર શીખી લેવું જોઈએ. વ્યક્તિગત વિકાસ માટે સતત નવું શીખતાં રહેવામાં સફળ વ્યક્તિઓ માને છે. એ વર્કશોપ્સ અટેન્ડ કરે છે, નવા કોર્સ શીખે છે અથવા તો જે વિષય પસંદ હોય એના વિશે વાંચન કરે છે. પર્સનલ ડેવલપમેન્ટથી નવી કળા શીખવાની સાથે જ્ઞાનમાં પણ વધારો થાય છે. નવી ટેક્નોલૉજીથી પરિચય થાય છે. આવી પ્રવૃતિ તમારી સફળતામાં યોગદાન આપવાની સાથે આત્મ-વિશ્વાસમાં પણ વધારો કરે છે.

**આરામઃ**

જીવનમાં ગમે એટલી ભાગદોડ કરીએ, સખત પરિશ્રમ કરીએ, પરંતુ છેવટે તો શરીરને આરામની જરૂર તો હોય જ છે. તન અને મનને પણ આરામ મળવો જોઈએ. નિંદર પૂરી થવી જોઈએ. દિવસ દરમિયાન પણ થોડો આરામ કરી લેવો જોઈએ. સતત કામ કરવાનું ટાળીને શારીરિક-માનસિક ચુસ્તી માટે પણ આરામ કરવો જરૂરી છે. ■

# મહારાષ્ટ્રની ખાલીખમ તિજોરી ભરવા દારૂ મોંઘો કરવાની તૈયારી!

## લાડકી બહેન યોજના સહિતની કલ્યાણકારી સ્કીમ્સને લીધે રાજ્યનું દેવું આઠ લાખ કરોડ રૂપિયાને પારઃ હવે મહેસૂલ વધારવા વિવિધ વિકલ્પો ચકાસવા પાંચ સભ્યની વિશેષ સમિતિ રચાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે લાડકી બહેન યોજના સહિત અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી હતી. આની અસર રાજ્યની તિજોરી પર પડે તે સ્વાભાવિક છે. રાજ્યની તિજોરી પરનો ભાર ઓછો કરવાનો ભાર મહારાષ્ટ્રના દારૂ પ્રેમીઓ પર આવવાની શક્યતા છે. કારણ કે રાજ્ય સરકાર તિજોરી પરનો બોજ ઓછો કરવા માટે કેટલાક માર્ગ શોધી રહી છે. જેના ભાગરૂપે, રાજ્યની મહાયુતિ સરકાર આગામી દિવસોમાં દારૂ અને સિગારેટ પર કરવેરા વધારવાની શક્યતા છે.

રાજ્ય સરકારે મહેસૂલમાં વધારો કરીને રાજ્યની આવક વધારવાના નવા રસ્તાઓ શોધવા માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરી છે, જેની જાહેરાત મુખ્ય પ્રધાને ચંદ્રપુરમાં આયોજિત કાર્યક્રમમાં કરી હતી. આ સમિતિ આવક પેદા કરવાના નવા માર્ગ તરીકે દારૂનું ઉત્પાદન અને વેચાણ કરવા પર વેરા કેવી રીતે લાગુ કરી શકાય તેની શક્યતાનો અભ્યાસ કરશે.

ગૃહ વિભાગના એડિશનલ સેક્રેટરીના નેતૃત્વ હેઠળની આ સમિતિ આવક વધારવા માટે રાજ્યની દારૂ નીતિનો અભ્યાસ કરશે. આ ઉપરાંત, નાણાં અને રાજ્ય આબકારી વિભાગના એડિશનલ સેક્રેટરીઓ, રાજ્યના જીએસટી કમિશનર અને એક્સાઈઝ કમિશનર આ સમિતિના સભ્યો હશે. તેઓ સાથે મળીને દારૂનું ઉત્પાદન, દારૂના વેચાણના લાઇસન્સ, એક્સાઇઝ ડ્યુટી અને અન્ય રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલી મહેસૂલ એકત્ર કરવાની પદ્ધતિઓ અને નીતિઓનો અભ્યાસ કરશે. આ સમિતિ રાજ્યની મહેસૂલી આવક વધારવાના પગલાં અંગે ભલામણો કરે તેવી અપેક્ષા છે. આ સાથે રાજ્ય સરકાર દારૂના ગેરકાયદે વેચાણને રોકવા અને મહત્તમ દારૂ વેચાણ લાઇસન્સ આધારિત વિતરણ કરવાનો ઇરાદો ધરાવે છે.

વિધાનસભા ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષોએ મોટી જાહેરાતો કરી હતી. મહાયુતિએ ચૂંટણી પહેલાં ઘણાં વચનો પણ આપ્યા હતા. લાડકી બહેન અને આવી અન્ય યોજનાઓની પણ જાહેરાત કરવામાં આવી. હવે જ્યારે રાજ્યમાં મહાયુતિની સરકાર બની ગઈ છે, ત્યારે તે વચનો પૂરા કરવા પડશે. લાડકી બહેન યોજનાનું ઉદાહરણ લઈએ તો, આ યોજના માટે દર વર્ષે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાના ભંડોળની જરૂર પડશે. આમાં, રાજ્ય સરકારે લાડકા ભાઈ યોજના હેઠળ આપવામાં આવતી રકમ ૧,૫૦૦ રૂપિયાથી વધારીને ૨,૦૦૦ રૂપિયા કરવા માટે બીજા ૬૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે. આ સાથે, સરકારને મફત વીજળી અને લોન માફી જેવી યોજનાઓ લાગુ કરવા માટે પૈસાની જરૂર છે. રાજ્યનું દેવું ૮ લાખ કરોડ રૂપિયાની નજીક પહોંચી ગયું છે, તેથી રાજ્ય સરકારે આવક વધારવાની જરૂર પડી છે.

રાજ્ય રાજ્ય મહેસૂલી આવક માટે જીએસટી ઉપરાંત પેટ્રોલ અને ડીઝલ પર વેટ, સ્ટેમ્પ ડ્યુટી અને વેહિકલ ટેક્સ પર આધાર રાખે છે. રાજ્ય સરકાર હવે આવક વધારવા માટે દારૂના વિકલ્પનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

# ગુજરાતી મહિલાના મૃત્યુ બાદ ઘાટકોપરના ગાર્ડનને તાળાં




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર (પૂર્વ)માં ગુરુવારે સાંજે બગીચામાં ઈવનિંગ વોક કરી રહેલી ગુજરાતી મહિલા પર ઝાડ તૂટી પડ્યા બાદ તેનું મૃત્યુ થવાની દુર્ઘટના બાદ ગારોડિયા નગરમાં આવેલું ગાર્ડન તાત્પૂરતા સમય માટે બંધ કરી દેવામાં આવ્યું છે. આ દુર્ઘટનામાં એક ગુજરાતી મહિલા જખમી પણ થઈ હતી અને તેની તબિયત હવે સ્થિર છે. પંતનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કેવળેએ જણાવ્યું હતું કે ઘટના બાબતે એડીઆર નોંધવામાં આવ્યો હતો. આ મામલે મૃતક કે જખમીના પરિવારમાંથી કોઈએ ફરિયાદ નોંધાવી નહોતી, તેમ છતાં પોલીસ તપાસ કરી રહી છે.

### પાલિકાનું ઈન્સ્પેક્શન

ગુરુવારની દુર્ઘટના બાદ પાલિકાના ‘એન’વોર્ડના ગાર્ડન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ દ્વારા શુક્રવારે બગીચાને અડીને આવેલી કૈલાશ નિવાસ બિલ્ડિંગનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું, જ્યાંથી ઝાડની ડાળખી તૂટી પડી હતી. એન’વોર્ડના ગાર્ડન ડિપાર્ટમેન્ટના અધિકારીના જણાવ્યા મુજબ પાલિકા દ્વારા સોસાયટીના પરિસરનું ઈન્સ્પેક્શન કર્યા બાદ તાત્કાલિક ધોરણે તેમના પરિસરમાં રહેલા ઝાડોનું ટ્રીમિંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ઘાટકોપર (પૂર્વ)માં વલ્લભબાગ લેનમાં રહેતા ૬૦ વર્ષના મીનાક્ષી કીર્તિલાલ શાહનું ગુરુવારે સાંજે ગારોડિયા નગરમાં જોગર્સ પાર્કમાં ઈવનિંગ વોક દરમિયાન પીપળાની ઝાડની ડાળખી તૂટી પડવાથી મૃત્યુ થયું હતું અને ૫૬ વર્ષના વંદના શાહને માથામાં ઈજા પહોંચી હતી. બગીચાને અડીને આવેલા કૈલાશ નિવાસ બિલ્ડિંગના પરિસરમાં રહેલા પીપળાના ઝાડની ડાળખી તૂટી પડવાને કારણે આ દુર્ઘટના બની હતી ત્યારબાદ ગુરુવારે મોડી સાંજે ઝાડનો અમુક હિસ્સો કાપી નાખવામાં આવ્યા બાદ શુક્રવારે આખું ઝાડ ત્યાંથી હટાવી દેવામાં આવ્યું હતું.

ગુરુવારની દુર્ઘટના બાદ જોકે હાલ આ બગીચાને કામચલાઉ બંધ કરી દેવામાં આવ્યું છે અને બગીચાની બહાર તેને લગતું બોર્ડ પણ લગાવવામાં આવ્યું છે. બગીચામાં રહેલા જોગર્સ પાર્ક પર વર્ષોથી સવાર-સાંજ સ્થાનિક રહેવાસીઓ ચાલવા માટે આવતા રહ્યા છે. જોકે ગુરુવારની દુર્ઘટના બાદ ગાર્ડનને બંધ કરવામાં આવ્યું હોવાની જાણ શુક્રવારે વહેલી સવારના વોક માટે આવ્યા બાદ સ્થાનિકોને થઈ હતી.

બગીચાની સંભાળ રાખનારા વોચમેનના કહેવા મુજબ જ્યાં ઝાડની ડાળખી પડી ત્યાં પાણીની ટાંકી છે અને ગુરુવારે બંને મહિલાઓ બરોબર ડાળખી તૂટી ત્યારે ત્યાં જ હતી અને તેઓ દુર્ઘટનાનો ભોગ બની હતી. આ દરમિયાન ગારોડિયા નગર વેલફેર ફેડરેશન ઓફ હાઉસિંગ સોસાયટીના પદાધિકારીના જણાવ્યા મુજબ બગીચામાં ઝાડની ડાળખી તૂટી પડયા બાદ ત્યાં રહેલી પાણીના ટાંકીના થોડા સમારકામ માટે બગીચો બંધ કરવામાં આવ્યો છે. આ બગીચાનું સંચાલન ગારોડિયા નગર વેલફેર ફેડરેશન ઓફ હાઉસિંગ સોસાયટી દ્વારા કરવામાં આવે છે. આ બગીચો આરજી પ્લોટ પર બનાવવામાં આવ્યો હતો અને બોમ્બે હાઈકોર્ટ દ્વારા ૨૦૧૨માં આ બગીચો પાલિકાના માધ્યમથી ફેડરેશનને સંચાલન માટે આપવામાં આવ્યો હતો.■

# ૪૦૦ કરોડને ખર્ચે ૭૦ હેકટરના કોસ્ટલ રોડને લીલોછમ બનાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડમાં બાન્દ્રા-વરલી સી લિંકથી મરીન ડ્રાઈવ સુધી બંને બાજુએ ખુલ્લી રહેલી ૭૦ હેક્ટર જગ્યાનો વિકાસ એટલે કે તેને ગ્રીન એરિયા બનાવવાનો મુંબઈ મહાનગરપાલિકાએ નિર્ણય લીધો છે, તે માટે પાલિકાએ શુક્રવારે ભાગીદારી સંસ્થાઓ, ખાનગી કંપનીઓ, પબ્લિક લિમિટેડ કંપનીઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) આમંત્રિત કર્યા હતા. પ્રોજેક્ટનો ખર્ચ ૪૦૦ કરોડ રૂપિયાની આસપાસ છે. સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) ફંડ દ્વારા ગ્રીન એરિયાનો વિકાસ કરવાનો પાલિકાએ નિર્ણય લીધો છે.

કોસ્ટલ રોડ એ પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી બાન્દ્રા-વરલી સી લિંકના વરલી છેડા સુધી ૧૦.૫૮ કિલોમીટર લાંબો છે. હાલ આ પ્રોજેક્ટનું ૯૫ ટકા કામ થઈ ગયું છે અને ૨૬ જાન્યુઆરી સુધીમાં આખો કોસ્ટલ રોડ ખુલ્લો મૂકવામાં આવવાનો છે. કોસ્ટલ રોડની બંને બાજુ ૭૦ હેક્ટર ગ્રીન એરિયા બનાવવામાં આવવાનો છે. પાલિકાએ આ ગ્રીન એરિયા વિકસાવવા માટે પ્લાન તૈયાર કર્યો છે. આ પ્લાન લગભગ ત્રણ મહિના પહેલા પાલિકા કમિશનરને મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. આ અંગે અંતિમ નિર્ણય લેવાયો નથી. જૂન અથવા જુલાઈ, ૨૦૨૪ સુધીના આ કામ માટે ટેન્ડરો પણ બહાર પાડવામાં આવવાના હતા, પરંતુ અમુક કારણથી તે અટવાઈ ગયું હતું.

આ પ્રોજેક્ટ પાછળ પાલિકાને ૪૦૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ થવાની શક્યતા છે. જોકે પાલિકા પોતાની તિજોરીને બદલે સીએસઆર ફંડમાંથી કરે તો પૈસા બચી શકે છે. તેથી પાલિકાએ સીએસઆર ફંડમાંથી ગ્રીન એરિયા વિકસાવવાનું નક્કી કર્યું હતું, તેથી ટેન્ડર પ્રક્રિયાને બાજુએ રાખી સીએસઆર માટે રસ ધરાવતી કંપનીઓ સાથે ચર્ચા શરૂ કરી છે. ઉદ્યોગજગતની જાણીતા ત્રણ મોટા ગ્રૂપ સાથે પાલિકાએ ચર્ચા કરી હતી. એ સિવાય પાલિકાએ જાણીતી કંપનીઓ, ભાગીદારી સંસ્થા, ખાનગી કંપનીઓ સાર્વજનિક કંપનીઓ પાસે ઈઓઆઈ મંગાવવાનો નિર્ણય લીધો છે. ગ્રીન એરિયાનો વિકાસ કરતા સમયે લાંબા ગાળા માટે તેની દેખરેખ રાખવાની રહેશે અને તે માટે શુક્રવારે પાલિકાએ ઈઓઆઈ બહાર પાડ્યા હતા.

ગ્રીન એરિયાનો વિકાસ કરતા સમયે તેમાં અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવશે અને તેમાં મિયાવાકી વૃક્ષો, સ્થાનિક પ્રજાતિ સહિત ઈકોલોજિકલ પાર્ક, બટરફ્લાય પાર્ક, યોગા ટ્રેક, ઓપન જિમ, સિનિયર સિટિઝન માટે પાર્ક, ચિલ્ડ્રન પાર્ક, સાઈકલ ટ્રેક જેવી સુવિધાઓ સહિત ઓપન ઓડિટોરિયમ પણ ઊભી કરાશે.■

**ટૉરેસ કૌભાંડ**

# વારંવારની ફરિયાદો તરફ પોલીસે સતત આંખ આડા કાન કર્યા હતા

મુંબઈઃ શિવાજી પાર્ક પોલીસ દ્વારા અગાઉ આપવામાં આવેલી ચેતવણીઓ પર મુંબઈ પોલીસે કાર્યવાહી કરી હોત તો ૧,૦૦૦ કરોડ રૂપિયાના ટોરેસ સ્કેમને અટકાવી શકાયું હોત. જૂન, ૨૦૨૪માં શંકાસ્પદ પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવી હતી અને બાદમાં ઑક્ટોબરમાં નવી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ નોટિસો આપવામાં આવી હોવા છતાં કોઇ પણ કાર્યવાહી કરાઇ નહોતી, જેને કારણે છેતરપિંડી વધતી ગઇ અને છ મહિનામાં હજારો લોકોને છેતરવામાં આવ્યા હતા.શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર (એપીઆઇ) વિનય માનેએ કહ્યું હતું કે તેમણે નિયમિત પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિઓ જોયા બાદ ૨૯ જૂને ટોરેસ કંપનીના ડિરેક્ટરોને નોટિસ ફટકારી હતી.

માનેએ જણાવ્યું હતું કે ‘મેં મારા ઉપરી અધિકારીઓને જાણ કરી હતી અને નોટિસ ફટકારવાનું કહેવામાં આવ્યું હતું. મને ખબર નથી કે ત્યાર બાદ શું થયું.’

નવી મુંબઈ પોલીસે પણ ૨૪ ઑક્ટોબરે ટોરેસ સામે નોટિસ જારી કરી હતી. બાદમાં ૧૪ નવેમ્બરે આવકવેરા વિભાગ દ્વારા બીજી નોટિસ ફટકારાઇ હતી. આ નોટિસોની નકલો વોન્ટેડ આરોપી અને પોતાને વ્હીસલબ્લોઅર ગણાવતા તૌસિફ રિયાઝે મુંબઈના પોલીસ કમિશનર અને સીબીઆઇ સહ અનેક એજન્સીઓને પોતાની ફરિયાદમાં રજૂ કરી હતી.

રિયાઝે આક્ષેપ કર્યો છે કે નિષ્ક્રિયતાને કારણે કૌભાંડ બેફામપણે વધ્યું, જેમાં સંડોવાયેલા ઘણા વિદેશી નાગરિકો દેશ છોડીને ભાગી જવામાં સફળ રહ્યા.

‘અમારા ધ્યાનમાં આવ્યું છે કે તમારી કંપની મોઝેનાઇટ (અમેરિકન ડાયમંડ)માંથી બનેલી જ્વેલરી પર ઊંચા વળતરનું વચન આપી ગ્રાહકોને આકર્ષે છે અને દાવો કરે છે કે તેઓ પરંપરાગત જ્વેલરી કરતાં વધુ નફો આપે છે, એમ નવી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા જારી કરાયેલી નોટિસમાં જણાવવામાં આવ્યું હતું. નોટિસમાં કંપનીને કમિશનર ઓફિસમાં ૨૮ ઑક્ટોબર સુધી વ્યાવસાયિક દસ્તાવેજો રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતું.

રિયાઝે દાવો કર્યો છે કે આ કૌભાંડ ફેબ્રુઆરી, ૨૦૨૩માં શરૂ થયું હતું, જેના સૂત્રધારો યુક્રેનિયન નાગરિકો ઓલેકસેન્ડ્રા ટ્વેર્ડોખ્લીબ, ઓલેકઝેન્ડા બૉવિક, ઓલેના સ્ટેઇન અને ઓલેકઝાંડર ઝાપિચેન્કો હતા, જેમણે અર્મેન નામના સલાહકાર સાથે ભાગીદારી કરી હતી. તેમણે પ્લેટિનમ હર્ન પ્રા. લિ. નામની કંપની શરૂ કરી હતી, જેમાં ભારતીય ડિરેક્ટરોનો ઉપયોગ મોહરા તરીકે કરવામાં આવ્યો હતો. ■

### ભાયંદરમાં ત્રણ જણની ધરપકડ

મુંબઈઃ કરોડો રૂપિયાના ટૉરેસ સ્કૅમ પ્રકરણે ભાયંદરની નવઘર પોલીસે મીરા રોડ બ્રાન્ચ સાથે સંકળાયેલા ત્રણ જણની ધરપકડ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા ત્રણેયની ઓળખ લક્ષ્મી, નીતિન અને કૈસર શેખ તરીકે થઇ હતી. મીરા રોડના રામદેવ પાર્કમાં ઓફિસ માટે જગ્યા લક્ષ્મીએ ભાડે આપી હોવાનું તપાસમાં જણાયું હતું. તો નીતિન અને શેખ ત્યાંના કર્મચારી હોવાનું કહેવાય છે.નવઘર પોલીસે આ કાર્યવાહી દરમિયાન ૨૬.૨૦ લાખ રૂપિયા જપ્ત કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. ત્રણેય આરોપીને કોર્ટે પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આ સ્કૅમમાં અન્ય આરોપી સંડોવાયેલા હોવાની શક્યતાને લઇ પોલીસ તપાસ કરી રહી છે.

નોંધનીય છે કે નવઘર પોલીસે કંપની દ્વારા ૭૬ રોકાણકારો સાથે ૧.૭૦ કરોડની છેતરપિંડી કરવા પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. કંપનીના બે બેન્ક ખાતાંમાં જેમાં ૭.૭૪ કરોડ રૂપિયા હતા તે ફ્રીઝ કરવામાં આવ્યા હતા.

# પાર્કિંગ સ્પેસ બતાડો પછી જ વાહન ખરીદવા મળશે

## દેશમાં આવો કાયદો લાવનાર મહારાષ્ટ્ર પહેલું રાજ્ય બની શકે

મુંબઈઃ હવે તો રાજ્ય સરકારે પણ કબૂલ કર્યું છે કે વાહનો માટે રસ્તાઓ પર જગ્યા દિવસે ને દિવસે ઓછી થતી જાય છે અને હવે વાહનોની સંખ્યાને નિયંત્રિત કરવા માટે કોઇ નક્કર ઉપાયયોજના કરવાની જરૂર છે. આની અંતર્ગત વાહન ખરીદતાં પહેલાં પાર્કિંગ સ્પેસની માહિતી આપવી પડશે.આ માટે રાજ્ય સરકાર એક હાઈબ્રિડ મોડલનો વિચાર કરી રહી છે, જે તેની ૧૦૦ દિવસની યોજનાનો એક ભાગ છે. આ મોડલ જાપાન, સિંગાપોર અને બ્રિટન જેવા દેશોમાં અપનાવવામાં આવેલી પદ્ધતિથી તૈયાર કરવામાં આવી રહ્યું છે. અહીં વાહનોની સંખ્યાને એવા ઉપાયોથી નિયંત્રિત કરવામાં આવી છે.

પરિવહન કમિશનર વિવેક ભીમનવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર વાહનોનાં નિયંત્રણ માટે આવો કાયદો બનાવવાની પહેલ કરનારું પહેલું રાજ્ય હશે. આનાથી રસ્તાઓ પર ભીડ અને પ્રદૂષણને કંટ્રોલ કરવામાં મદદ મળશે.

આટલું જ નહીં આ નાગરિકોના વ્યાપક હિતમાં પણ છે. તેમણે માહિતી આપતાં કહ્યું હતું કે આ વર્ષે મહાનગરને નવી મેટ્રો લાઈન જેવી મજબૂત સાર્વજનિક પરિવહન પ્રણાલી પણ મળી જશે.

વાહન ખરીદતાં પહેલાં પાર્કિંગ સ્પેસથી સંબંધિત માહિતી આપવાની રહેશે. આ મામલે ૯મી જાન્યુઆરીના રોજ રાજ્ય પરિવહન વિભાગે એક કોન્સેપ્ટ પ્લાન સર્ક્યુલેટ કર્યો છે. લાંબા સમયના ઉપાયરૂપે આ પ્રસ્તાવમાં એવું કહેવામાં આવ્યું છે કે વાહન ખરીદનારી ઈચ્છુક વ્યક્તિ પાસે પહેલા પાર્કિંગ સ્થાન ઉપલબ્ધ હોવું જોઇએ. તેના વિના તેને વાહન ખરીદવાની મંજૂરી નહીં મળી શકે. આનો અર્થ એ થયો કે વાહન ખરીદનારો પાર્કિંગ સ્થાનને જાહેર નહીં કરે ત્યાં સુધી તેને વાહન ખરીદવાની મંજૂરી નહીં મળે.

### કુલ વાહનની સંખ્યા છે ૩.૮૦ કરોડ

સત્તાવાર જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ૨૦૨૪માં રાજ્યના તમામ આરટીઓમાં ૨૯ લાખ વાહન રજિસ્ટર્ડ થયાં હતાં. આથી હવે કુલ વાહનોની સંખ્યા ૩.૮૦ કરોડ પર પહોંચી ગઇ છે. ૨૦૩૦ સુધીમાં આ સંખ્યા ૬ કરોડને અને ૨૦૩૫માં ૧૫ કરોડને પણ આંબી જશે.

### નાગરિકો પાસેથી વસૂલવામાં આવશે કન્જેશન ફી

પરિવહન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ જાપાની મોડલ જેવી છે, જેને અહીં અપનાવવાની કોશિશ કરી રહ્યા છીએ. અમે એવું માનીએ છીએ કે દેરક દેશ અને શહેરો પાસે આયોજન કરવાની પોતપોતાની રીત હોય છે. જેને કારણે વાહનોની ભીડ ઓછી થઇ શકે છે. આ માટે જ અમે કન્જેશન ફી અમલમાં મૂકવાનું વિચારી રહ્યા છીએ.

### અનેક દેશોએ અપનાવી છે આ યોજના

આ મહિનાની શરૂઆતમાં અમેરિકા અને ન્યુયોર્ક શહેરમાં પણ એક કંઝેશન ફી અમલમાં મૂકવામાં આવી છે. સિંગાપોર અને લંડનમાં પણ આ ફી અમલમાં મૂકવામાં આવી છે. ટ્રાન્સોપર્ટ ડિપાર્ટમેન્ટે અન્ય મોડલ અંગે પણ અભ્યાસ કર્યો છે.

# વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા હોય તો સંઘ જેવીઃ શરદ પવાર

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના અધ્યક્ષ શરદ પવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આરએસએસની વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે પ્રશંસા કરી પોતાના પક્ષને શાહુ મહારાજ, મહાત્મા ફૂલે, બાબાસાહેબ આંબેડકર અને રાજકીય દિગ્ગજ નેતા યશવંતરાવ ચવાણની પ્રગતિશીલ વિચારો પ્રત્યે નિષ્ઠા દાખવી કાર્યકર્તાઓ તૈયાર કરવાનો અનુરોધ કર્યો છે.

ગુરુવારે દક્ષિણ મુંબઈમાં પક્ષના કાર્યકરોને સંબોધતા પૂર્વ કેન્દ્રીય પ્રધાને નોંધ્યું હતું કે આરએસએસ પાસે નિષ્ઠાવાન કાર્યકર્તાઓની ફોજ છે જેઓ હિન્દુત્વવાદી સંગઠનની વિચારધારા પ્રત્યે અતૂટ વફાદારી દર્શાવે છે અને કોઈ પણ ભોગે તેમના માર્ગથી ચલિત નથી થતા. પવારે જણાવ્યું કે ‘આપણી પાસે પણ એવી સ્વયંસેવકોની ફોજ હોવી જોઈએ જે છત્રપતિ શાહુ મહારાજ, મહાત્મા ફુલે, બાબાસાહેબ આંબેડકર અને યશવંતરાવ ચવ્હાણની વિચારધારા પ્રત્યે નિષ્ઠા ધરાવતા હોય.’

મહારાષ્ટ્રમાં નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના કારમા પરાજય અંગે તેમણે કહ્યું હતું કે ’લોકસભાની ચૂંટણીની સફળતા બાદ અમે નિશ્ચિંત થઈ ગયા હતા, જ્યારે મહાયુતિએ લોકસભા ચૂંટણીમાં ખાધેલી પછડાટને કાબૂમાં રાખવા તાત્કાલિક પગલાં લીધાં હતાં.’

શરદ પવારે મરાઠા આરક્ષણ ચળવળના કેન્દ્ર મરાઠવાડામાં જ્ઞાતિગત વિભાજનનો અંત લાવવા માટે સોશિયલ એન્જિનિયરિંગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. (પીટીઆઈ)■

# મુંબઈ પોલીસને પખવાડિયામાં લેણાં ચૂકવી દઈશુંઃ ક્રિકેટ બોર્ડે કોર્ટને આપી ખાતરી

મુંબઈઃ મુંબઈ, પિંપરી ચિંચવડ અને નવી મુંબઈ ખાતે યોજાયેલી મેચ દરમિયાન પૂરી પાડવામાં આવેલી સિક્યોરિટી પેટે આપવાના નીકળતા પૈસા બે અઠવાડિયાં આપી દેવાની ખાતરી બીસીસીઆઈએ શુક્રવારે હાઈ કોર્ટને આપી હતી. બીસીસીઆઈએ પિંપરી ચિંચવડ પોલીસ સ્ટેશનને ૧.૭ કરોડ, નવી મુંબઈ પોલીસને ૩.૩ કરોડ અને મુંબઈ પોલીસને ૧.૩ કરોડ આપવાના નીકળે છે. એક્ટિવિસ્ટ અનિલ ગલગલીએ કરેલી પિટિશનનો જવાબ આપતાં બીસીસીઆઈએ બાકીની લેણી રકમ બે અઠવાડિયાંમાં આપી દેવાનું સોગંદનામું હાઈ કોર્ટમાં આપ્યું

# નાલાસોપારામાં પરફ્યુમની એક્સપાયરી ડૅટ બદલવાના પ્રયાસ દરમિયાન વિસ્ફોટ

પાલઘરઃ નાલાસોપારામાં પરફ્યુમની બોટલોની એક્સપાયરી ડેટ બદલવાનો પ્રયાસ કરી રહેલા ફ્લેટમાં વિસ્ફોટ થતા બે સગીર સહિત પરિવારના ચાર સભ્યો ઘાયલ થયા હતા.

અધિકારીએ જણાવ્યું કે, મુંબઈના દૂરનાં પરા નાલાસોપારામાં રોશની એપાર્ટમેન્ટના રૂમ નંબર ૧૧૨માં ગુરુવારની રાત્રે આ અકસ્માત થયો હતો.

પોલીસે પીડિતોની ઓળખ મહાવીર વદર (૪૧), સુનીતા વદર (૩૮), કુમાર હર્ષવર્ધન વદર (૯) અને કુમારી હર્ષદા વદર (૧૪) તરીકે કરી છે.

પ્રારંભિક અહેવાલોને ટાંકીને, અધિકારીએ જણાવ્યું હતું કે જ્વલનશીલ પદાર્થોને કારણે પરફ્યુમની બોટલો પર એક્સપાયરી ડેટ બદલવાના પ્રયાસ દરમિયાન વિસ્ફોટ થયો હોઈ શકે છે.કુમાર હર્ષવર્ધનને નાલાસોપારા ખાતેની લાઈફ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે જ્યાં તેની સારવાર ચાલી રહી છે, જ્યારે અન્યોની સારવાર તે જ વિસ્તારની ઓસ્કર હોસ્પિટલમાં થઈ રહી છે, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ઘોલવડ - દહાણુ લાઈન પર બે કલાક ટ્રેનસેવાઓ ખોરવાઈ ગઈ

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં ઘોલવડ અને દહાણુ વચ્ચેની યુપી લાઇન પર શુક્રવારે સવારે ટેકનિકલ ખામીને કારણે લગભગ બે કલાક સુધી ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. સવારે ૬.૩૮ વાગ્યે આ સમસ્યા સર્જાઈ હોવાથી સવારના પીક અવર્સ દરમિયાન ઘણી પેસેન્જર ટ્રેનોને અસર થઈ હતી. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું કે ઇલેક્ટ્રિક ટ્રેનને પાવર સપ્લાય માટે જરૂરી ઓવરહેડ વાયરમાં ટેકનિકલ સમસ્યા સર્જાઈ હતી , જેના કારણે યુપી લાઇન પર સેવાઓ અટકાવવામાં આવી હતી.

(પીટીઆઈ)■

# જેએનપીએથી પુણે હાઈવે સુધી ૧૦ જ મિનિટમાં પહોંચાશે

## દરરોજ પાંચ હજારથી વધુ ટ્રક અને કન્ટેનર પુણેની દિશામાં જતાં હોય છે

મુંબઈઃ દેશનાં અગ્રણી પાંચ બંદર પૈકીના એક જવાહરલાલ નેહરુ બંદર (જેએનપીએ) પર આવતાં કન્ટેનરની બેલાપુર, ખારઘર અને પનવેલ વિસ્તારમાં ભીડ ઓછી કરવા માટે જેએનપીએથી જૂનો પુણે હાઈવે હવે નવો વિશેષ હાઈવે તૈયાર થવાનો છે. ૨૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨૯ કિ.મી. લંબાઈનો આ હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) તૈયાર કરવાની છે.

જેએનપીએ પર દરરોજ પાંચ હજારથી વધુ કન્ટેનર અને ટ્રક પુણે દિશામાં આવતાં હોય છે. એટલાં જ ટ્રક ઉત્તર તરફથી થાણે દિશામાં આવતાં હોય છે. બંને બાજુથી આવતાં ટ્રક થાણે-બેલાપુર રસ્તા કે પછી પુણે હાઈવે પરથી પનવેલ કે પછી બેલાપુર, ખારઘર વિસ્તારના રસ્તાનો ઉપયોગ કરે છે. આમ આ વિસ્તારમાં દરરોજ ૧૦ હજાર માલવાહક વાહનોની આવનજાવન રહેતી હોય છે. આને કારણે ભારે ટ્રાફિક જૅમ થતો હોય છે અને સ્થાનિકોને પણ તેનો ત્રાસ વેઠવો પડતો હોય છે. જોકે આ ત્રાસ હવે આગામી સમયમાં દૂર થઇ જાય એવું આયોજન એનએચએઆઈ કરી રહી છે. પુણે તરફ જતા જૂના હાઈવેને હવે નવો બનાવવાની યોજના એનએચએઆઈએ કરી છે.આ હાઈવેની વિશિષ્ટતા એ રહેશે કે એમાં ૬ લેનનો રોડ હશે. ૧૯૦૦ અને ૧૫૭૦ મીટરના બે બોગદાં બનાવવામાં આવશે. આ ઉપરાંત ૯૧૦ મીટર, ૨૨૦ મીટર, ૨૩૦ મીટર, ૬૦૦ મીટર, ૪૪૦ મીટર અને ૧૬૦ મીટરના બ્રિજ બનાવાશે. આ માર્ગ બનતાં ૩૦ મહિનાનો સમય થશે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# બાળ ઠાકરેનું સ્મારક એક વર્ષમાં તૈયાર થઈ જશે

મુંબઈઃ શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેનું સ્મારક ૨૦૨૬માં આવી રહેલા શતાબ્દિ વર્ષના પ્રારંભ પહેલાં પૂર્ણ કરી દેવામાં આવશે, એમ તેમના પુત્ર ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે કહ્યું હતું. બાળ ઠાકરેનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ થયો હતો અને ૧૭ નવેમ્બર, ૨૦૧૨ના રોજ તેમનું નિધન થયું હતું. શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, તેમના પુત્ર અને વરલીના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ મુંબઈના મેયરના દાદર સ્થિત સત્તાવાર નિવાસસ્થાનમાં બનાવવામાં આવી રહેલા બાળાસાહેબ ઠાકરેના રાષ્ટ્રીય સ્મારક માટે ચાલી રહેલા કામનું શુક્રવારે નિરીક્ષણ કર્યું હતું. ઉદ્ધવ ઠાકરેએ કામનું નિરીક્ષણ કર્યા પછી એક પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી અને કહ્યું હતું કે, સ્મારક જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જશે.

# કુર્લા બસ દુર્ઘટનાના ડ્રાઈવરને જામીન નહીં

મુંબઈઃ મુંબઈની એક અદાલતે શુક્રવારે કુર્લા પશ્ચિમમાં સાત લોકોનો ભોગ લેનાર અને ૪૦ થી વધુને ઘાયલ કરનાર બેસ્ટ બસના ડ્રાઈવરને જામીન નકારી દીધા હતા.

બૃહન્મુંબઈ ઈલેટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ ઉપક્રમની એક ઈલેક્ટ્રિક બસે ૯ ડિસેમ્બરના દિવસે મોડી રાત્રે એસ. જી. બર્વે રોડ પર અનેક વાહનોને ટક્કર મારી હતી, જેના પગલે ડ્રાઈવર સંજય મોરેની ભારતીય ન્યાય સંહિતાની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

મોરેની જામીન અરજી એડિશનલ સેશન્સ જજ વી.એમ. પઠાડે દ્વારા ફગાવી દેવામાં આવી હતી, જોકે હજુ સુધી વિગતવાર આદેશ ઉપલબ્ધ કરવામાં આવ્યો નથી. (પીટીઆઈ)■

# આદિત્ય ઠાકરેની બદનક્ષી કરતો વીડિયો વાયરલઃ ગુનો નોંધાયો

મુંબઈઃ એક ડાન્સ બારમાં પોલીસે કરેલી રેઇડના વીડિયોને ખોટી રીતે આદિત્ય ઠાકરે સાથે સાંકળીને તેમની બદનક્ષી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરી શિવસેના (યુબીટી)ના નેતા વિનાયક રાઉતે શુક્રવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસના જણાવ્યા મુજબ અંધેરી પરિસરના એક ડાન્સ બારમાં કથિત વીડિયો શૂટ કરાયો હતો. પોલીસ રેઇડ વખતે યુવતીઓ બારમાં ખાસ બનાવવામાં આવેલા છૂપા રૂમમાં સંતાતી હોવાનું વીડિયોમાં નજરે પડે છે. જોકે આ વીડિયો પર લખાણ લખવામાં આવ્યું હતું કે સંબંધિત ‘કૅફે’ આદિત્ય ઠાકરેની માલિકીનો છે, એવું રાઉતે ફરિયાદમાં જણાવાયું હતું. રાઉતે પોલીસને જણાવ્યું હતું કે આવો વીડિયો ઇરાદાપૂર્વક તૈયાર કરીને ઠાકરેની બદનક્ષી કરવા સોશિયલ મીડિયા પર વાયરલ કરાયો હતો. ■

# હિન્દી કંઈ રાષ્ટ્ર ભાષા નથી, માત્ર સત્તાવાર ભાષા છેઃ અશ્વિન

## ગયા મહિને આ સ્પિન-લેજન્ડ માટે ભાવુક થયેલા ચાહકોએ તેને હિન્દી વિશેનાં અનિચ્છનીય મંતવ્યો બદલ વખોડ્યો

ચેન્નઈઃ ભારતના સ્પિન-લેજન્ડ રવિચંદ્રન અશ્વિને તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં ટીમ-મૅનેજમેન્ટના અભિગમ બદલ રિસાઈને ઓચિંતી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી ત્યારે સોશિયલ મીડિયામાં અસંખ્ય ચાહકોએ અશ્વિન પ્રત્યે સહાનુભૂતિ બતાવી હતી અને તેની શાનદાર કરીઅરને બિરદાવી હતી, પણ આજે કેટલાક ચાહકોએ એક બાબતમાં તેના પ્રત્યે નારાજગી બતાવીને તેને બહુમૂલ્ય સલાહ આપી છે.

વાત એવી છે કે ગઈ કાલે 'વિશ્વ હિન્દી દિવસ' મનાવાયો હતો અને એને લઈને હિન્દી ભાષા વિશેના અશ્વિનના તાજેતરના વિચારો મીડિયામાં ચર્ચાસ્પદ થયા છે.




અશ્વિન એન્જિનિયર છે. થોડા દિવસ પહેલાં તેણે ચેન્નઈની એક પ્રાઇવેટ એન્જિનિયરિંગ કૉલેજના સમારોહને સંબોધતા કહ્યું હતું કે 'હિન્દી કંઈ રાષ્ટ્ર ભાષા નથી. હિન્દી તો માત્ર એક સત્તાવાર ભાષા છે, બસ.'

અશ્વિનના આ વિધાનો ઘણાને નથી ગમ્યા. તેની આ સ્પીચ વાઇરલ થતાં સોશિયલ મીડિયામાં તે ખૂબ ટ્રોલ થયો છે. મોટા ભાગના લોકોએ કહ્યું છે કે 'અશ્વિને આ વિષયથી દૂર જ રહેવું જોઈએ. એ તો ઠીક, પણ આવી ટિપ્પણી કરવાનું ટાળવું જ જોઈએ.'

સરસ્વતી નામના તેના એક ચાહકે 'એક્સ' પર લખ્યું છે, 'હું અશ્વિનનો ફૅન છું, પણ તે જે બોલ્યો એ મને નથી ગમ્યું. તેણે આવું શા માટે બોલવું જોઈએ. તે ક્રિકેટર છે અને ક્રિકેટર જ રહેવું જોઈએ. તમે જેટલી વધુ ભાષા જાણો એટલું સારું જ છે. ભાષાનો મુદ્દો તેણે લોકો પર જ છોડી દેવો જોઈએ.'

બીજા એક અશ્વિન-પ્રેમીએ પણ તેનાં વિધાનો વિશે નારાજગી બતાવતા લખ્યું છે કે 'ખુદ અશ્વિન જ ઘણા ઇન્ટરવ્યૂમાં કહી ચૂક્યો છે કે તામિલનાડુની બહાર જાઓ અને હિન્દી ન જાણતા હોવ તો બહુ તકલીફ થાય. દ્રવિડ યુગના સપોર્ટવાળા રાજકીય પક્ષોએ તામિલનાડુને પાછળ જ રાખ્યું છે અને હિન્દી ભાષા અપનાવનાર રાજ્યો ખૂબ આગળ વધી ગયાં છે. ભારતની પહેચાન હિન્દી છે તો શું એ ખાતર આપણે એ શીખી ન શકીએ?'

૩૮ વર્ષના અશ્વિને તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ગુડબાય કરી હતી. તેણે કારકિર્દીમાં કુલ ૭૬૫ વિકેટ લીધી છે. અનિલ કુંબલે પછીનો તે બીજો સફળ ભારતીય સ્પિનર છે.

મૂળ દક્ષિણ ભારતના અને મધ્ય પ્રદેશના ઇન્દોરમાં જન્મેલા બૅટિંગ-લેજન્ડ રાહુલ દ્રવિડનું હિન્દી ઘણું સારું છે. વીવીએસ લક્ષ્મણ તો હિન્દીમાં કૉમેન્ટરી આપી ચૂક્યો છે.

અશ્વિને 'વિશ્વ હિન્દી દિન' વખતે જ હિન્દી ભાષા વિશે વિવાદ ઊભો કરીને પોતે જ પોતાના ફૉલોઅર્સ ઘટાડી દીધા હશે.

# રાજકોટમાં ભારતીય મહિલા ક્રિકેટર્સનો આયરલૅન્ડ સામે સતત ૧૩મી વન-ડેમાં વિજય

## બન્ને ટીમની એક-એક બૅટર કરીઅરની પ્રથમ સેન્ચુરી ચૂકી ગઈ!

રાજકોટઃ સ્મૃતિ મંધાનાના સુકાનમાં ભારતીય મહિલા ટીમે અહીં આજે આયરલૅન્ડની ટીમને સિરીઝની પ્રથમ વન-ડેમાં ૯૩ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી હરાવીને ત્રણ મૅચની સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. ભારતે સાધારણ બોલિંગ પર્ફોર્મન્સ બાદ બૅટિંગની તાકાત પર આ મૅચ જીતી લીધી હતી.



ભારતને જીતવા ૨૩૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે ભારતીય ટીમે ત્રણ મોટી ઇનિંગ્સની મદદથી ૩૪.૩ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૪૧ રનના સ્કોર સાથે મેળવી લીધો હતો.

આયરલૅન્ડ સામે ભારત ૧૩ વન-ડે રમ્યું છે અને તમામ ૧૩ મૅચમાં ભારતનો વિજય થયો છે.

આયરલૅન્ડની કૅપ્ટન-ઓપનર ગૅબી લુઇસે (૯૨ રન, ૧૨૯ બૉલ, પંદર ફોર) ટૉસ જીતીને બૅટિંગ લીધી હતી. તેની ટીમની લીઆ પૉલે (૫૯ રન, ૭૩ બૉલ, સાત ફોર) પણ હાફ સેન્ચુરી ફટકારી હતી, પરંતુ આયરલૅન્ડની ટીમ ૨૫૦ના આંકડા સુધી નહોતી પહોંચી શકી. ગૅબી-લીઆ વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૧૭ રનની ભાગીદારી થઈ હતી. ખાસ કરીને ૨૩ વર્ષની સુકાની ગૅબીને અનુભવી ભારતીય સ્પિનર દીપ્તિ શર્માએ પોતાના જ બૉલમાં કૅચઆઉટ કરીને તેને પ્રથમ વન-ડે સેન્ચુરીથી આઠ રન માટે વંચિત રાખી હતી.

દીપ્તિએ આ એકમાત્ર પ્રાઇઝ વિકેટ લીધી હતી, જ્યારે લેગ-સ્પિનર પ્રિયા મિશ્રાએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી. પહેલી જ વન-ડે રમનાર સાયલી સતઘરેએ તેમ જ ટિટાસ સાધુએ એક-એક વિકેટ લીધી હતી. હાફ સેન્ચુરિયન લીઆ પૉલને હર્લીન દેઓલ અને વિકેટકીપર રિચા ઘોષે રનઆઉટ કરી હતી.

ભારતે ૨૩૯ રનનો લક્ષ્યાંક મેળવવા બહુ સારી શરૂઆત કરી હતી. કૅપ્ટન-ઓપનર સ્મૃતિ મંધાના (૪૧ રન, ૨૯ બૉલ, એક સિક્સર, છ ફોર) અને સાથી-ઓપનર પ્રતિકા રાવલ (૮૯ રન, ૯૬ બૉલ, એક સિક્સર, દસ ફોર) વચ્ચે ૧૦ ઓવરમાં ૭૦ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી અને એમાં જ ભારતની જીતનો પાયો નખાયો હતો.

લેફ્ટ-આર્મ સ્પિનર એઇમી મૅગ્વાયરે પ્રતિકાને કૅચઆઉટ કરીને તેને આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પ્રથમ સેન્ચુરીથી ૧૧ રન માટે વંચિત રાખી હતી. જોકે તેજલ હસબનીસ (૫૩ અણનમ, ૪૬ બૉલ, નવ ફોર) અણનમ હાફ સેન્ચુરી ફટકારીને ભારતનો વિજય આસાન બનાવ્યો હતો.

એઇમી મૅગ્વાયરે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી, પણ તેનો એ પર્ફોર્મન્સ એળે ગયો હતો. આક્રમક બૅટિંગ-પર્ફોર્મન્સમાં ૮૯ રન બનાવનાર પ્રતિકા રાવલને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો. ■

# વિરાટ-અનુષ્કાએ વૃંદાવનના આશ્રમના મહારાજને બે હાથ જોડીને શાષ્ટાંગ પ્રણામ કર્યા

## પ્રેમાનંદ મહારાજે કોહલીને કહ્યું, 'તમે ખેલકૂદ દ્વારા સમગ્ર દેશવાસીઓના મનમાં પ્રસન્નતા લાવો છો જે એક પ્રકારની સાધના જ કહેવાય'

વૃંદાવનઃ વિરાટ કોહલી ઑસ્ટ્રેલિયા ખાતેની નિરાશાજનક ટૂર પરથી પાછા આવ્યા બાદ તે અને ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા અહીં વૃંદાવનમાં શ્રી પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજના આશ્રમમાં તેમના આશીર્વાદ લેવા પહોંચી ગયાં હતાં.

કિંગ કોહલી અને અનુષ્કા 'એક્સ' પર વાયરલ થયેલા વીડિયોમાં પ્રેમાનંદ ગોવિંદ મહારાજના આશીર્વાદ લઈ રહેલો જોવા મળે છે. તેમની સામે પહોંચતાં જ અનુષ્કાએ બે હાથ જોડીને તેમને શાષ્ટાંગ પ્રણામ કર્યાં હતાં અને પછી વિરાટે પણ બે હાથ જોડીને પ્રેમાનંદ મહારાજને શાષ્ટાંગ પ્રણામ કર્યાં હતાં. ત્યાર બાદ અનુષ્કાના ખોળામાં ૧૧ મહિનાનો પુત્ર અકાય જોવા મળે છે. જોકે વીડિયોમાં અકાયનો ચહેરો બ્લર કરી નાખવામાં આવ્યો છે, કારણકે વિરાટ-અનુષ્કા (વિરુષ્કા) ક્યારેય નથી ઇચ્છતાં કે તેમની પુત્રી (વામિકા) કે પુત્ર અકાયને સોશિયલ મીડિયામાં બતાવવામાં આવે.

અનુષ્કા વૃંદાવનના ટોચના ધર્મગુરુ પ્રેમાનંદ ગોવિંદ મહારાજને સવાલ પૂછી રહેલી વીડિયોમાં જોવા મળે છે. તેઓ વિરાટ-અનુષ્કાની પ્રશંસા કરી રહેલા સાંભળવા મળ્યા છે. વિરાટ કોહલી વર્તમાન ક્રિકેટનો સર્વશ્રેષ્ઠ બૅટર છે અને આ રીતે જાહેરમાં આધ્યાત્મિકતા સાથે તે જોડાયેલો રહે એ બહુ મોટી વાત કહેવાય. વિરાટ અને અનુષ્કા આ પહેલાં પણ વૃંદાવન-સ્થિત આ આશ્રમમાં આવી ચૂક્યાં છે. ઇંગ્લૅન્ડમાં અનુષ્કા આધ્યાત્મિકતા સાથે સંકળાયેલી એક ઇવેન્ટમાં ભાગ લઈ રહેલી જોવા મળી હતી.



અનુષ્કા વીડિયોમાં પ્રેમાનંદ ગોવિંદ મહારાજને કહેતી સાંભળવા મળે છે કે 'મહારાજજી, હું મનમાં તમને સવાલ કરું છું અને પછી મને જાણવા મળે છે કે બીજા જ દિવસે એ જ સવાલનો જવાબ તમે કોઈને કોઈ વ્યક્તિને આપ્યો હોય છે.'

વિરાટ કોહલીની પ્રશંસામાં પ્રેમાનંદ મહારાજ કહે છે, 'હું મારી સાધના દ્વારા તમારા સર્વેના મનમાં પ્રસન્નતા લાવું છું અને તમે ખેલકૂદના માધ્યમ દ્વારા સમગ્ર દેશવાસીઓના મનમાં પ્રસન્નતા લાવો છો. તેઓ (તમે અને ભારતીય ટીમ) જો વિજયી થાય તો આખા ભારતમાં ફટાકડા ફૂટે છે. સમગ્ર દેશમાં આનંદ મનાવવામાં આવે છે. તો એ શું એક પ્રકારની તેમની સાધના ન કહેવાય? એ પણ તો તેમની સાધના જ થઈ કહેવાય. તેમની સાધના સાથે તો આખું ભારત જોડાયેલું છે. તેમની આ સાધના જ તેમનું ભજન કહેવાય. તેઓ રમતગમત દ્વારા ભગવાનની સેવા કરી રહ્યા છે.' ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં ૩૬ વર્ષના વિરાટ પર બહુ મોટો બોજ હતો, પરંતુ ઑસ્ટ્રેલિયન બોલર્સે (ઑફ સ્ટમ્પની બહારના બૉલને છંછેડવાની) તેની નબળાઈ બરાબર જાણી લીધી હતી અને પર્થની અણનમ ૧૦૦ રનની ઇનિંગ્સને બાદ કરતા આઠેય વાર તેને લલચાવવા ઑફ સ્ટમ્પની બહારનો બૉલ ફેંકીને કૅચઆઉટ કરાવ્યો હતો. વિરાટની શાનદાર ટેસ્ટ-કરીઅર હવે પૂર્ણતાને આરે આવી ગઈ છે એવું ઘણા માની રહ્યા છે. તે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત થઈ જ ગયો છે અને હવે ઇંગ્લૅન્ડ સામેની વન-ડે શ્રેણીમાં અને પછી ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તેની વન-ડે કરીઅરનું ભાવિ નક્કી થઈ જશે. ■

# સ્મૃતિ મંધાનાનાં ૪,૦૦૦ રન, મિતાલી પછીની બીજી ભારતીય બૅટર બની

રાજકોટઃ અહીં આયરલૅન્ડ સામેની સિરીઝની પ્રથમ વન-ડેમાં ભારતની કૅપ્ટન અને ઓપનિંગ બૅટર સ્મૃતિ મંધાનાએ ૪૧ રનની આક્રમક ઇનિંગ્સ રમવા ઉપરાંત વન-ડે ક્રિકેટમાં ૪,૦૦૦ રનની સિદ્ધિ મેળવી હતી. આ ઉપલબ્ધિ મેળવનાર તે મિતાલી રાજ પછીની બીજી ભારતીય મહિલા બૅટર બની છે.

સ્મૃતિની ૪૨ મિનિટની ઇનિંગ્સ હતી તો ટૂંકી અને એમાં તેણે ૨૯ બૉલમાં એક સિક્સર તથા છ ફોરની મદદથી ૪૧ રન બનાવ્યા હતા, પરંતુ તેના મોટા ભાગના શૉટ અસરદાર હતા. એક તરફ નવી બૅટર પ્રતીકા રાવલ ધીમી બૅટિંગ કરી રહી હતી ત્યાં સામી બાજુએ સ્મૃતિ આક્રમક ઇનિંગ્સ રમી હતી.

પ્રતીકા સાથેની ૭૦ રનની ભાગીદારી દરમ્યાન સ્મૃતિએ એવી અનેરી સિદ્ધિ હાંસલ કરી હતી જે તેની પહેલાં માત્ર મિતાલી રાજ મેળવી શકી હતી. વન-ડે ક્રિકેટમાં સ્મૃતિ ૪,૦૦૦ રન પૂરા કરનારી બીજી ભારતીય મહિલા ખેલાડી બની અને હાલમાં તેના નામે કુલ ૪,૦૦૧ રન છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં તેને ૪,૦૦૦ રનમાં માત્ર ૨૪૯ રનની જરૂર છે. મિતાલી રાજે ૨૩૨ વન-ડેમાં કુલ ૭,૮૦૫ રન બનાવ્યા હતા જે વિશ્વવિક્રમ છે. સ્મૃતિએ ૪,૦૦૧ રન માત્ર ૯૫ વન-ડેમાં બનાવ્યા છે. સ્મૃતિની પહેલાં વન-ડેમાં ડેબ્યૂ કરનારી હરમનપ્રીત કૌર હજી સ્મૃતિથી ઘણી પાછળ છે. ભારતની મુખ્ય કૅપ્ટન હરમનપ્રીતે ૧૪૧ વન-ડેમાં ૩,૮૦૩ રન બનાવ્યા છે. જોકે અહીં મુદ્દો એ છે કે સ્મૃતિ ઓપનિંગમાં રમે છે અને હરમનપ્રીત મિડલ-ઑર્ડરમાં રમે છે. સ્મૃતિ છ વખત અને હરમનપ્રીત ૨૦ વાર અણનમ રહી છે. ■

# ૬, ૪, ૪, ૬, ૪, ૬ઃ મૅચના છેલ્લા છ બૉલમાં બન્યા 30 રન, રિન્કુની જેમ બાજી પલટી નાખી!

## બાંગ્લાદેશ લીગમાં નુરુલ હસને છેલ્લી ઓવરની ફટકાબાજીથી રંગપુર રાઇડર્સને રોમાંચક વિજય અપાવ્યો

સિલ્હટઃ બાંગ્લાદેશના ૩૧ વર્ષની ઉંમરના રાઇટ-હૅન્ડ બૅટર અને રંગપુર રાઇડર્સ ટીમના કૅપ્ટન-વિકેટકીપર નુરુલ હસન ગુરુવારે અહીં બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)માં છવાઈ ગયો હતો. તેણે છેલ્લી ઓવરમાં પોતાની ટીમને ફૉર્ચ્યુન બારિશાલ નામની ટીમ સામે જિતાડવાની હતી અને એ ઓવરના છ બૉલમાં તેણે ૬, ૪, ૪, ૬, ૪, ૬ના સ્કોરિંગ શૉટ સાથે ૩૦ રન ખડકીને રંગપુરની ટીમ વતી રંગ રાખ્યો હતો. તેણે ૨૦૨૩ની આઇપીએલને ગુંજવી નાખનાર રિન્કુ સિંહની ફટકાબાજી યાદ કરાવી દીધી હતી.

રંગપુરે ૧૯૮ રનનો લક્ષ્યાંક મેળવવાનો હતો. ૧૯મી ઓવરને અંતે રંગપુરનો સ્કોર ૧૭૨/૭ હતો. વેસ્ટ ઇન્ડિઝથી રમવા આવેલા પેસ બોલર કાઇલ માયર્સને એ અંતિમ ઓવરની જવાબદારી સોંપાઈ હતી. નુરુલ હસન સ્ટ્રાઇક પર હતો અને એ આખરી ઓવરમાં રંગપુરે ૨૬ રન બનાવવાના હતા. માયર્સના પ્રથમ બૉલમાં સિક્સર ફટકાર્યા બાદ બીજા-ત્રીજા બૉલમાં નુરુલે બૅક-ટુ-બૅક ફોર ફટકારી હતી. ચોથા બૉલમાં ફરી સિક્સર ફટકારાઈ અને પાંચમા બૉલમાં વધુ એક ફોર મારવામાં આવી હતી. એ તબક્કે ૨૪ રન થઈ ગયા હતા અને જીતવા માત્ર બે રન જોઈતા હતા. જોકે નુરુલે માયર્સના છેલ્લા બૉલને પણ નહોતો છોડ્યો અને સિક્સર ફટકારી દીધી હતી.

નુરુલની આ ઇનિંગ્સ પરથી ૨૦૨૩ની આઇપીએલની રિન્કુ સિંહ (૪૮ અણનમ, ૨૧ બૉલ, છ સિક્સર, એક ફોર)ની ફટકાબાજી યાદ આવી ગઈ. કોલકાતાના રિન્કુએ ત્યારે ગુજરાત ટાઇટન્સના યશ દયાલ (૪-૦-૬૯-૦)ની મૅચની છેલ્લી ઓવરના છેલ્લા પાંચ બૉલમાં પાંચ સિક્સર ફટકારીને કેકેઆરને રોમાંચક વિજય અપાવ્યો હતો.

આખી મૅચની વાત કરીએ તો ફૉર્ચ્યુન બારિશેલે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૭ રન બનાવ્યા હતા જેમાં કાઇલ માયર્સના અણનમ ૬૧ રન હાઇએસ્ટ હતા જે તેણે ફક્ત ૨૯ બૉલમાં સાત સિક્સર અને એક ફોરની મદદથી બનાવ્યા હતા. કૅપ્ટન તમીમ ઇકબાલે ૩૪ બૉલમાં બે સિક્સર, ચાર ફોરની મદદથી ૪૦ રન અને વિકેટકીપર નજમુલ શૅન્ટોએ ૩૦ બૉલમાં એક સિક્સર, પાંચ ફોર સાથે ૪૧ રન બનાવ્યા હતા.

રંગપુર રાઇડર્સે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૦૨ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. એમાં ઇફ્તિખાર અહમદ (૪૮ રન, ૩૬ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) અને ખુશદિલ શાહ (૪૮ રન, ૨૪ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)ના એકસરખા યોગદાન હતા. ઓપનર તૌફિક ખાન (૩૮ રન, ૨૮ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નો પણ સારો ફાળો હતો. ■

# ભારતના એક સમયના ફાસ્ટેસ્ટ બોલરે જાહેર કરી દીધી નિવૃત્તિ

## આ ઝડપી બોલર કરીઅરમાં કુલ આઠ સ્ટ્રેસ-ફ્રૅક્ચરનો અને ત્રણ વાર પગના ફ્રૅક્ચરનો શિકાર થયો

નવી દિલ્હીઃ ભારતના એક સમયના સૌથી ઝડપી બોલર ગણાતા વરુણ આરૉને તમામ પ્રકારની (રીપ્રેઝન્ટેટિવ) ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. તે ૩૫ વર્ષનો છે અને ૨૦૧૧થી ૨૦૧૫ દરમ્યાન ભારત વતી નવ વન-ડે તથા નવ ટેસ્ટ રમ્યો હતો. આરૉને વિવિધ પ્રકારની ઈજાને કારણે કરીઅરમાં વારંવાર વિઘ્નો સહન કરવા પડ્યા હતા. તેને દોઢ દાયકાની કરીઅર દરમ્યાન આઠ વખત બૅક-સ્ટ્રેસ ફ્રૅક્ચરની ઈજા થઈ હતી અને ત્રણ વાર પગમાં ફ્રૅક્ચર થયું હતું.



વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં તેના હોમ-સ્ટેટ ઝારખંડની ટીમ બહાર થઈ જતાં આરૉને સોશિયલ મીડિયા પર રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું.

ઈજાને કારણે તે ૨૦૧૫ પછી ભારત વતી રમવા માટે ઉપલબ્ધ નહોતો થઈ શક્યો.

તેણે ૧૪ ટેસ્ટ-ઇનિંગ્સમાં ૧૮ વિકેટ અને નવ વન-ડેમાં ૧૧ વિકેટ લીધી હતી. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ અને ડોમેસ્ટિક ક્રિકેટની લિસ્ટ-એ ફૉર્મેટમાં તેનો પર્ફોર્મન્સ સારો હતો. તેણે પ્રથમ કક્ષાની ૬૬ મૅચમાં ૧૭૩ વિકેટ અને લિસ્ટ-એ વર્ગની ૮૮ મૅચમાં ૧૪૧ વિકેટ લીધી હતી. ૨૦૧૦માં ૨૧ વર્ષની ઉંમરે વિજય હઝારે ટ્રોફીમાં આરૉને જોરદાર બોલિંગ પર્ફોર્મન્સથી સૌને પ્રભાવિત કર્યા હતા.

ત્યારે ગુજરાત સામેની ફાઇનલમાં તેણે એક બૉલ કલાકે ૧૫૩ કિલોમીટરની ઝડપે ફેંક્યો હતો. તે સતતપણે કલાકે ૧૫૦ કરતાં વધુ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકતો હોવાથી ભારતીય ક્રિકેટના અગ્રણીઓ તેનાથી પ્રભાવિત થયા હતા અને ૨૦૧૧માં મુંબઈમાં ઇંગ્લૅન્ડ સામેની મૅચથી તેને ભારત વતી ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો હતો. એ જ વર્ષમાં તેણે વેસ્ટ ઇન્ડિઝ સામેની મૅચથી ટેસ્ટ-ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. જોકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતતપણે ઝડપી બોલિંગ કરવી પડતી હોવાથી તેને શરીરે સાથ નહોતો આપ્યો અને તેને સ્નાયુઓની એક પછી એક ઈજા થવા લાગી હતી. આઇપીએલમાં તે પંજાબ, રાજસ્થાન, ગુજરાત, કોલકાતા, દિલ્હી અને બેન્ગલૂરુ વતી રમ્યો હતો. ભારતની આ સૌથી લોકપ્રિય લીગ ક્રિકેટમાં તે ૨૦૧૧થી ૨૦૨૨ સુધી રમ્યો હતો.

ચેન્નઈની એમઆરએફ પેસ ઍકેડેમીમાંથી ભારતીય ટીમને મળેલો આરૉન આ જ ઍકેડેમી સાથે ૨૦૨૪ની સાલમાં પણ સંકળાયેલો હતો. ■

# સતત ત્રીજા દિવસે પીછેહઠઃ ક્રૂડના ભાવ ઉછાળા, એફઆઈઆઈની વેચવાલીથી સેન્સેક્સ ૨૪૧ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ૨૩,૫૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારા અને વિદેશી ફંડોની એકધારી વેચવાલીને કારણે સેન્સેક્સ અને નિફ્ટી ત્રીજા સત્રમાં પણ નેગેટિવ ઝોનમાં સરકયા હતા. સેન્સેક્સ ૨૪૧ પોઇન્ટ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૩,૫૦૦ની નીચે સરક્યો હતો. વૈશ્વિક ઇક્વિટી બજારના નબળા વલણ સાથે આર્થિક વૃદ્ધિની ચિંતા અને કોર્પોરેટ ક્ષેત્રની ત્રિમાસિક કમાણીમાં ઘટાડાને કારણે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો થયો હતો. આ ઉપરાંત મજબૂત ડોલર ઇન્ડેક્સે પણ બજારનું સેન્ટિમેન્ટ બગાડ્યું હતું.

સેન્સેક્સ ૨૪૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૭૭,૩૭૮.૯૧ના સ્તરે સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક દિવસના ઉચ્ચતમ ૭૭,૯૧૯.૭૦ અને ૭૭,૦૯૯.૫૫ના નીચલા સ્તર વચ્ચે ૮૨૦.૧૫ પોઈન્ટ ફંગોળાયો હતો. નિફ્ટી ૯૫ પોઇન્ટના ઘટાડા સાથે ૨૩,૪૩૧.૫૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. ઇન્ડસઇન્ડ બેન્ક, એનટીપીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, સન ફાર્મા, એક્સિસ બેન્ક, સ્ટેટ બેન્ક, ટાટા સ્ટીલ, પાવરગ્રીડ, અદાણી પોર્ટ અને કોટક મહિન્દ્રા ટોપ લુઝર્સ રહ્યાં હતાં. ટીસીએસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, ઇન્ફોસિસ અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર રહ્યાં હતાં.

દરમિયાન દેશનું ઓદ્યોગિક ઉત્પાદન નવેમ્બરમાં ૫.૨ ટકા વધ્યું છે. સત્તાવાર આંકડા અનુસાર નવેમ્બરમાં ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઇઆઇપી) ૫.૨ ટકા વધ્યો છે, જે ગયા વર્ષે આ મહિનામાં ૨.૫ ટકા વધ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ ૨.૦૨ ટકાના વધારા સાથે બેરલદીઠ ૭૮.૪૭ ડોલર બોલાયા હતા.

ટીસીએસના પરિણામ બજારની અપેક્ષા અનુસાર રહ્યાં હોવાથી તેની આગેવાનીએ આઇટી શેરોમાં લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો. ટીસીએસનો ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૧૨ ટકા વધીને રૂ. ૧૨,૩૮૦ કરોડની સપાટીએ પહોંચ્યો છે. કંપનીના ડિરેક્ટર બોર્ડે શેરદીઠ રૂ. ૬૬ના સ્પેશિયલ ડિવિડંડ સહિત શેરદીઠ રૂ. ૭૬ના ડિવિડંડની જાહેરાત કરી છે.

કંપનીએ બેંગ્લુરુ સ્થિત ટાટા જૂથની કંપની પાસેથી રૂ. ૧૬૨૫ કરોડમાં લેન્ડ બેન્કનું એક્વિઝિશન પણ કર્યુ છે. કંપનીની આવક ૫.૬ ટકા વધીને રૂ. ૬૩,૯૭૩ કરોડના સ્તરે પહોંચી છે, જે એક વર્ષ અગાઉના સમાન ત્રિમાસિક સમયગાળા દરમિયાન રૂ. ૬૦,૫૮૩ કરોડ નોંધાઇ હતી. આરબીઆઈએ આશીર્વાદ માઈક્રો ફાઈનાન્સ પરના નિયંત્રણો હટાવવાનો નિર્ણય લીધો છે.

પ્રાઇમરી માર્કેટમાં લક્ષ્મી ડેન્ટલ બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૧૩ જાન્યુઆરીએ બજારમાં પ્રવેશ કરે છે.

એલએન્ડટીએ અમેરિકાના પ્રોજેકટ સહિત ત્રિમાસિક ગાળામાં રૂ. ૧૦૦૦ કરોડથી વધુના ઓર્ડર મેળવ્યા હોવાનું એકસચેન્જને ફાઇલિંગમાં જણાવ્યું છે. ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી)એ સ્ટોક એક્સ્ચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે તેણે બોમ્બે હાઇ ઓઇલ ફિલ્ડનું ઉત્પાદન વધારવા માટે ટેકનિકલ સર્વિસ પ્રોવાઇડર તરીકે બીપી પીએલસીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બીપી એક્સપ્લોરેશન (આલ્ફા) લિમિટેડની પસંદગી કરી છે.




ટાટા જૂથની ટાઇટન કંપનીએ ચેન્નઇમાં વિસ્તરણના ભાગરૂપે નવો સ્ટોર શરૂ કરવા સાથે નાણાકીય વર્ષ ૨૦૨૭ સુધીમાં રૂ. ૧૦૦૦ની રેવન્યૂનું લક્ષ્યાંક જાહેર કર્યુ છે. જીએમઆર ગ્રુપને અબુ ધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટી તરફથી રૂ. ૬,૩૦૦ કરોડનું રોકાણ પ્રાપ્ત થયું છે.

રોકાણકારો માટે હવે કોર્પોરેટ પરિણામા શેરલક્ષી કામકાજ માટે મુખ્ય ટ્રીગર બનશે. એ જ સાથે, ફોરેક્સ માર્કેટની વધઘટ, ક્રૂડ ઓઇલના ભાવ અને અમેરિકાના આર્થિક ડેટા બજારના સેન્ટિમેન્ટને અસર કરશે. મજબૂત યુએસ ડોલર, ઊંચા મૂલ્યાંકન, એફઆઇઆઇનો એકધારો આઉટફ્લો, નબળો પડતો ભારતીય રૂપિયો અને વધતા ક્રૂડ ઓઇલના ભાવ ટ્રેક કરતા ટ્રેડર્સ દ્વારા અપનાવાઇ રહેલી ઉછાળે વેચવાલીની નીતિને કારણે બજારમાં અફડાતફડીનો માહોલ રહે છે.

અમેરિકાના અર્થતંત્ર અને ડોલરની મજબૂતી શેરબજારની નબળાઈનું કારણ બની રહ્યા છે. એશિયન બજારોનું સેન્ટિમેન્ટ અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાત પછી ડહોળાયું છે, કારણ કે મજબૂત યુએસ આર્થિક ડેટાએ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની સંખ્યમાં ઘટાડો થવાની શક્યતામાં વધારો કર્યો છે.

આમ તો ચીની એમએચપીવી વાઇરસને કારણે પણ બજારનું માનસ ખોરવાયું છે, જો કે તાત્કાલિક અસર અમેરિકાના ડેટાની થઈ છે. તાજેતરના ડેટા પરથી જાણવા મળ્યું છે કે યુએસ સર્વિસ સેક્ટરની પ્રવૃત્તિ ડિસેમ્બરમાં વધી હતી, જ્યારે નવેમ્બરમાં રોજગાર સર્જનમાં વધારો થયો છે. યુએસ અર્થતંત્રમાં આ મજબૂતાઈ સૂચવે છે કે ફેડરલ રિઝર્વ ૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો કરવાની ઝડપ ઘટાડી શકે છે. સીએમઈ ફેડવોચ ટૂલ અનુસાર, ડિસેમ્બરમાં ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષિત બે વખતના રેટ કટને સ્થાને, ૨૦૨૫માં માત્ર એક જ રેટ કટની સંભાવનાને બજારો રીએક્ટ કરી રહ્યા છે.

ફેડરલ રિઝર્વએ અગાઉ આ વર્ષ માટે બે રેટ કટનો સંકેત આપ્યો હતો, જે શરૂઆતમાં અપેક્ષિત સંખ્યા કરતાં કરતાં અડધો છે. હવે જો તેને સ્થાને એક જ વખત વ્યાજદરમાં ઘટાડો કરશે તો ગ્લોબલ ઇકવિટી માર્કેટના માનસ પર વધુ નકારાત્મક અસર જોવા મળશે. આગામી સમયમાં સત્તારૂઢ થયા પછી ટ્રમ્પની આર્થિક નીતિઓ અને ઊંચા મૂલ્યાંકનની આસપાસની અનિશ્ચિતતા શેરબજારને ટૂંકા ગાળામાં અસર કરી શકે છે. આગામી સત્રોમાં, કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક પરિણામો પર બજારનું ખાસ ધ્યાન રહેશે. વધુમાં, રોકાણકારો અંદાજપત્ર અગાઉની અપેક્ષાઓના આધારે તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરે તેવી શક્યતા છે.

# ક્રૂડતેલના ભાવ ઉછળતા રૂપિયો ૧૪ પૈસા પટકાઈને ૮૬ની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ૧.૯૬ ટકાનો ઉછાળો અને આગામી ૨૦મી જાન્યુઆરીએ અમેરિકી પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કરતાં વેપાર માટે નિયંત્રાત્મક નીતિઓ અપનાવે તેવી ભીતિ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં રૂ. ૭૧૭૦.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા પટકાઈને ૮૬ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૮૬ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૫.૮૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૦૧ અને ઉપરમાં ૮૫.૮૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસા પટકાઈને ૮૬ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્યપ્રવાહ, ક્રૂડતેલમાં ભાવવધારો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો ડૉલર સામે રૂપિયાને દબાણ હેઠળ રાખી રહ્યા હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન પરિબળો જોતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળશે અને રૂપિયો ૮૫.૮૦થી ૮૬.૧૫ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે. જોકે. રિઝર્વ બૅન્કનો બજારમાં સંભવિત હસ્તક્ષેપ રૂપિયામાં ઘટાડો નિયંત્રિત રાખી શકે છે.

દરમિયાન આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા વધીને ૧૦૯.૦૧ આસપાસ અને અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ વધીને એપ્રિલ, ૨૦૨૪ પછીની ઊંચી ૪.૬૯ ટકાની સપાટીએ રહી હતી.

તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૯૬ ટકા ઉછળીને બેરલદીઠ ૭૮.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૪૧.૩૦ પૉઈન્ટનો અને ૯૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૧૭૦.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

# રૂપિયાની નબળાઈ અને વિશ્વ બજાર પાછળ શુદ્ધ સોનું ₹ ૪૦૦ ઉછળીને ₹ ૭૮,૦૦૦ની પાર, ચાંદીએ ₹ ૯૦,૦૦૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના આગામી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર નીતિની અનિશ્ચિતતા વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું, જોકે, ફેડરલ રિઝર્વનાં વ્યાજદર પર જેનો આધાર હોય તેવા અમેરિકાનાં આજે જાહેર થનારા નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર રોકાણકારોની નજર હોવાથી સાવચેતીના અભિગમને કારણે સુધારો મર્યાદિત રહ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૯થી ૪૦૦ની તેજી આગળ ધપી હતી, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૭૮,૦૦૦ની સપાટી પાર કરી હતી. તેમ જ ચાંદીમાં પણ વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૬૮ની તેજી સાથે રૂ. ૯૦,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૬૮ વધીને રૂ. ૯૦,૨૬૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયો નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધી આવતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૯ વધીને રૂ. ૭૭,૭૦૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૦૦ વધીને રૂ. ૭૮,૦૧૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વધ્યા મથાળેથી રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહી હતી.





દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિની અનિશ્ચિતતા વચ્ચે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ૨૬૮૦.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં એક ટકા કરતા વધુ માત્રામાં ઉછાળો આવી ગયો છે. વધુમાં આજે વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ૨૭૦૮.૯૦ ડૉલર આસપાસ અને હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૩૪ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના વાયદામાં ભાવ એક મહિનાની ઊંચી ઔંસદીઠ ૩૧.૧૭ ડૉલર આસપાસ રહ્યાના અહેવાલ હતા. જોકે, આજે મોડી સાંજે અમેરિકાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત થવાની હોવાથી રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હતો.

આજે મોડી સાંજે અમેરિકાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત થનાર છે અને રૉઈટર્સનાં સર્વેક્ષણ અનુસાર ગત નવેમ્બર મહિનામાં નોન ફાર્મ પૅ રૉલ ડેટામાં ૨,૨૭,૦૦૦નો ઉમેરો થયા બાદ ડિસેમ્બરમાં ૧,૬૦,૦૦૦નો ઉમેરો થવાની ધારણા મૂકવામાં આવી છે. જો પૅ રૉલ ડેટામાં અપેક્ષા કરતાં વૃદ્ધિ જોવા મળશે તો સોનાના ભાવમાં થોડો ઘટાડો જોવા મળે તેવી શક્યતા રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જીગર ત્રિવેદીએ વ્યક્ત કરી હતી.

ગઈકાલે કાન્સાસ સિટી ફેડનાં પ્રમુખ જેફ સ્કિમ્ડે આગામી સમયગાળામાં અમેરિકામાં ફુગાવો બે ટકાની ઉપર અને અર્થતંત્રમાં મક્કમ વલણ રહે તેવી શક્યતા ઉપરાંત વેપાર નીતિમાં થનારા બદલાવને ધ્યાનમાં લેતાં ફેડરલ રિઝર્વે વધતા ફુગાવા સામે ઝિંક ઝીલવી પડે તેમ હોવાથી રેટ કટની શક્યતા બહુ પાતળી થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. જોકે, ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં આગામી કપાત મે અથવા જૂન મહિનામાં કરે તેવી ધારણા ટ્રેડરો મૂકી રહ્યા છે.

ભવિષ્યમાં અમેરિકી વહીવટીતંત્રની વેપાર નીતિ રાષ્ટ્રીય સલામતીલક્ષી રહે તેમ હોવાથી વર્ષ ૨૦૨૫નાં ઉત્તરાર્ધમાં સોના પાછળ ચાંદીમાં ભાવ સુધારાતરફી રહેતાં વર્ષાન્ત આસપાસ ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૫ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા ડૉઈશ બૅન્કે વ્યક્ત કરી છે.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે માગને ટેકે કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં પાંખાં કામકાજો વચ્ચે ટકેલું વલણ જોવા મળ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૩૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સુધારો જોવા મળ્યો હતો તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૫૬૭, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ .ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૯૫, રૂ. ૭૮૮ અને રૂ. ૨૭૭, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૪૯ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ.એક વધીને રૂ. ૭૭૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૨૫ અને રૂ. ચાર ઘટીને રૂ. ૨૬૩૫ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૨૭ના મથાળે રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦થી ૧૨ની પીછેહઠ


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગ અને અમુક માલની પણ ગુણવત્તા સારી આવી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડનાâ ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૯ના સુધારા સાથે રૂ. ૩૪૮૦થી ૩૫૩૯માં થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૨ની પીછેહઠ જોવા મળી હતી, જ્યારે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જેમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૬થી ૩૬૯૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગ તેમ જ અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી તેનાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૨ના ઘટાડા સાથે રૂ. ૩૬૭૨થી ૩૮૪૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૦થી ૩૫૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૭૦માં ટકેલા ધોરણે થયા હતા.



# ૧થી ૧૦ જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૨૧.૩૫ ટકા ઘટી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૭૭ અને ૭૯ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૯૭ રિંગિટ અને ૧૦૨ રિંગિટ વધી આવ્યા હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે એકમાત્ર સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી આયાતી તેલના ભાવમાં તેજીનો કરંટ જોવા મળ્યો હતો. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને આરબીડી પામોલિન, સન રિફાઈન્ડ અને સરસવના ભાવમાં રૂ. ૧૦નો ચમકારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા.૧થી ૧૦ જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ડિસેમ્બર મહિનાના સમાનગાળાના ૪,૪૬,૦૧૪ ટન સામે ૨૧.૩૫ ટકા ઘટીને ૩,૫૦,૭૮૮ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય રિલાયન્સ રિટેલ, ગોલ્ડન એગ્રી, ઈમામી અને અલાનાના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૬૦, રૂ. ૧૩૫૦, રૂ. ૧૩૪૦ અને રૂ. ૧૩૩૫ ક્વૉટ થઈ રહ્યાં હતાં. જોકે, વેપારો છૂટાછવાયા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સરસવના રૂ. ૧૩૮૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૩૨૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૫૦માં થયા હતા, જ્યારે રાજસ્થાન ખાતે સરસવની અંદાજે ૭૫,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૦૦થી ૬૫૨૫માં, સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૩૧ અને રૂ. ૧૩૪૧માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૪૦થી ૨૩૪૫માં થયાના અહેવાલ હતા.

# ગુજરાતમાં એચએમપી વાઈરસનો વધુ એક કેસ નોંધાયોઃ અમદાવાદમાં ૯ મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચીનમાં ફેલાયેલા હ્યુમન મેટાન્યુમો વાઈરસે (એચએમપીવી) ગુજરાત સહિત ભારતનાં વિવિધ રાજ્યોમાં એન્ટ્રી કરી છે. ગુજરાતમાં અમદાવાદ અને હિંમતનગર સહિત એચએમપીવીના અત્યાર સુધીમાં ત્રણ કેસ નોંધાયા હતા. જ્યારે એચએમપીવીનો વધુ એક કેસ અમદાવાદમાં નોંધાયો હતો. આ સાથે જ રાજ્યમાં કુલ ચાર કેસ નોંધાયા છે. અમદાવાદના બોપલ વિસ્તારમાં ૯ મહિનાના બાળકનો એચએમપીવી રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. શહેરમાં વધુ એક કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર દોડતું થયું હતું.

૯ મહિનાના બાળકને શરદી-ખાંસી અને શ્વાસની તકલીફ થતાં દાખલ કરવામાં આવ્યું હતું, ત્યાર બાદ તેનો રિપોર્ટ કરવામાં આવતાં તેનો રિપોર્ટ એચએમપીવી પોઝિટિવ આવ્યો હતો. બાળકની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

બાળકની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી, બાળકને શરદી-ખાંસી, તાવ હોવાથી તેને ૬ તારીખે દાખલ કરાયો હતો. ૯ તારીખે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાળકને વિહા ચિલ્ડ્રન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. જોકે, બાળકને ત્યાર બાદ ચાઈલ્ડ હુડ હૉસ્પિટલમાં શિફ્ટ કરાયું હોવાનું જાણવા મળ્યું હતું.

# અમદાવાદની ઝેબર સ્કૂલમાં ત્રીજા ધોરણની વિદ્યાર્થિની છાતીમાં દુખાવો થતાં ઢળી પડીઃ કાર્ડિયાક એરેસ્ટ હોવાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નાની ઉંમરના લોકોમાં હાર્ટ એટેકનું પ્રમાણ સતત વધી રહ્યું છે. તે ઉપરાંત ચીનમાં ફેલાયેલા એચએમપીવી વાઈરસના શંકાસ્પદ કેસ પણ નોંધાઈ રહ્યાં છે. બીજી તરફ અમદાવાદની ઝેબર સ્કૂલમાં ત્રીજા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીને અચાનક છાતીમાં દુઃખાવો થતાં તે ખુરશી પર બેઠી હતી અને ઢળી પડી હતી. તેને તરત ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાઈ હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આ ઘટના પાછળનું પ્રાથમિક તારણ કાર્ડિયાર્ક એરેસ્ટ હોવાનું માલુમ પડ્યું હતું.

અમદાવાદની ઝેબર સ્કૂલના આચાર્ય શર્મિષ્ઠા સિન્હાએ જણાવ્યું હતું કે, ત્રીજા ધોરણમાં ભણતી ગાર્ગી તુષાર રાણપરાને છાતીમાં દુઃખાવો શરૂ થયો હતો, જેથી તે લોબીમાં એક ખુરશી પર બેસી ગઈ હતી અને ત્યારબાદ ઢળી પડી હતી, જેથી તેને ઝાયડસ હૉસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાઈ હતી, જ્યાં ફરજ પરના તબિબોએ તેને મૃત જાહેર કરી હતી. આ વિદ્યાર્થિનીનું કાર્ડિયાક એરેસ્ટના કારણે મોત થયું હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું હતું.

મૃતક વિદ્યાર્થિની અમદાવાદમાં તેના દાદા અને દાદી સાથે રહેતી હતી. તેના માતા પિતા મુંબઈ રહેતા હોવાથી તેમને આ ઘટના અંગે જાણ કરી દેવામાં આવી હતી. વિદ્યાર્થિનીને સ્કૂલમાં એડમિશન મળ્યું ત્યારે કોઈ બીમારી નહોતી. શહેરની અસારવા સિવિલ હૉસ્પિટલમાં તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ ઘટનામાં પોલીસે સ્કૂલમાં પહોંચી સીસીટીવી ફૂટેજ મેળવીને વધુ તપાસ હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાંચ અને બોડકદેવ પોલીસે ડોગ સ્ક્વૉર્ડ સાથે સ્કૂલમાં જઈને તપાસ કરી હતી.

# વડોદરા પોલીસે દક્ષિણ ભારતની કુખ્યાત ત્રીચી ગેંગના ૧૨ શખ્સોને ઝડપ્યા, ૨૫ ગુનાનો ભેદ ઉકેલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોરીના બનાવો સતત વધી રહ્યાં છે. બંધ મકાનોને નિશાન બનાવી તસ્કરો દ્વારા ચોરીના ગુનાને અંજામ આપવામાં આવી રહ્યો છે. વડોદરામાં દક્ષિણ ભારતની કુખ્યાત ત્રીચી ગેંગના ૧૨ રીઢા તસ્કરને પોલીસે ઝડપી પાડ્યા હતાં અને ૧૦ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ૨૫થી વધુ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. વડોદરામાં આ ગેંગ દ્વારા ચોરીના પાંચ ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો.

વડોદરા એસપી લીના પાટીલે જણાવ્યું હતું કે, આ ગેંગ મોંઘી ગાડીઓને નિશાન બનાવતી હતી. તે ઉપરાંત અલગ અલગ શહેરોમાં ગીલોલથી ગાડીઓના કાચ તોડી ચોરીને અંજામ આપતી હતી. આ ગેંગ દ્વારા ગત વર્ષે અનંત અંબાણીના પ્રી વેડિંગ સમારોહમાં આવેલા મહેમાનોની કારને નિશાન બનાવવાનું કાવતરૂ પણ ઘડવામાં આવ્યું હતું. પરંતુ ચાંપતા સુરક્ષા બંદોબસ્તને કારણે તેમનું કાવતરૂ પાર પડી શક્યુ નહોતુ. ગેંગના લીડર જગન બાલા સુબ્રમણ્યમની આ ત્રીજી પેઢી છે જે ચોરીની ઘટનાને અંજામ આપતી હતી.આ ગેંગમાં એક એન્જિનિયર છે જે ચોરીના ઇલેક્ટ્રોનિક્સના પાર્ટ્સને તોડીને ડિસમેન્ટલ કરવામાં એક્સપર્ટ છે.

ક્રાઇમ બ્રાન્ચને દક્ષિણ ભારતના લાગતા ૧૨ જેટલા શંકાસ્પદ યુવકો આજવારોડ હાઇવે ચોકડી પાસે પુલ નીચે રોકાયા હોવાની બાતમી મળી હતી, જેના આધારે પોલીસની ટીમે ત્યાં જઈ તપાસ કરતા તેમની પાસેથી ચોરીના લેપટોપ, ટેબલેટ, મોંઘા ફોન અને સોના ચાંદીના દાગીના, રોકડ રકમ સહિતનો સામાન મળી આવ્યો હતો, જ્યારે ચોરી માટે વપરાતી ત્રણ ગિલોલ ૧૮૦ ધાતુના છરા સહિત ૧૦.૦૫ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે એમની પૂછપરછ કરતા તેઓ ત્રીચી ગેંગનાં સભ્યો હોવાનું અને કારના કાચ તોડી કીમતી સામાનની ચોરી કરતા હોવાનું કબૂલ્યું હતું.

# મહાઠગ ભૂપેન્દ્ર ઝાલાની પ્રોપર્ટીની હરાજી કરી રોકાણકારોને પૈસા પરત અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બીઝેડ ગ્રૂપ કૌભાંડ મુદ્દે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ દરમિયાન સીઆઈડીના ડીઆઈજી પરીક્ષિતા રાઠોડે નિવેદન આપ્યું હતું કે, મહા કૌભાંડી ભૂપેન્દ્ર ઝાલાની સ્કીમમાં ૧૭૫ રોકાણકારોએ પુરાવા આપ્યા છે અને પુરાવાને આધારે કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે, ભૂપેન્દ્ર ઝાલાની પ્રોપર્ટીની હરાજી કરાશે અને તેમાંથી રોકાણકારોને નાણાં પરત અપાશે.

બીઝેડ ગ્રૂપની પોન્ઝી સ્કિમના કૌભાંડ મામલે ડીઆઈજી પરીક્ષિતા રાઠોડે રોકાણકારોને રાહત આપતાં જણાવ્યું હતું કે, બીઝેડ ગ્રૂપ કૌભાંડમાં રોકાણ કરેલા તમામ રોકાણકારોની માહિતી પોલીસને મળી છે. એક સીએને સાથે રાખી પોલીસે તપાસ કરી છે. સરકાર રોકાણકારોને ચોક્કસ વળતર અપાવશે. ૧૧ હજારમાંથી ૩૫૦૦ લોકોને નાણાં પરત આપવાનાં થાય છે. ભૂપેન્દ્ર ઝાલાની પ્રોપર્ટીની હરાજી કરાશે, હરાજી કરી રોકાણકારોને નાણાં પરત અપાશે.

પરીક્ષિતા રાઠોડે વધુમાં જણાવ્યું હતું કે, પુરાવાના આધારે કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં એકાઉન્ટન્ટ પાસેથી રજિસ્ટર મળ્યાં છે વેબસાઇટ અને રજિસ્ટરના આંકડા અલગ છે. તમામ દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે. ફરાર એજન્ટોને પકડવા માટે કામગીરી ચાલુ છે. ટેક્નિકલ સર્વેલન્સથી પણ તપાસ થઈ રહી છે. ૧૭૫ રોકાણકારોએ પુરાવા આપ્યા છે, તે પુરાવા અમે કોર્ટમાં પુરાવા રજૂ કર્યા છે.

# આસારામ દુષ્કર્મ કેસના મહત્ત્વના સાક્ષી અમૃત પ્રજાપતિના હત્યારાને રાજકોટ ક્રાઈમ બ્રાંચે કર્ણાટકથી ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત સાતમી જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે દુષ્કર્મ કેસમાં આસારામને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા હતાં. આસારામ સામે સગીરા પર દુષ્કર્મનો કેસ ચાલી રહ્યો હતો ત્યારે આ કેસના સાક્ષી અમૃત પ્રજાપતિની રાજકોટમાં હત્યા કરાઈ હતી. ૧૦ વર્ષ બાદ રાજકોટ ક્રાઈમ બ્રાંચે સાક્ષીના હત્યારાને કર્ણાટકથી પકડી પાડ્યો હતો. અમૃત પ્રજાપતિ આસારામના પૂર્વ સાધક અને વૈદ્ય હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે દુષ્કર્મ કેસમાં આસારામની સામે પડેલા તેમના પૂર્વ સાધક અમૃત પ્રજાપતિની ૨૩મી મે ૨૦૧૪ના રોજ રાજકોટમાં પેડક રોડ ઉપર ઓમ શાંતિ આરોગ્ય ધામમાં દર્દીના સ્વાંગમાં આવેલા શૂટરે ફાયરિંગ કરીને હત્યા કરી હતી. દસ વર્ષ બાદ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ગુપ્ત રીતે ઓપરેશન પાર પાડી અમૃત પ્રજાપતિના હત્યારાને કર્ણાટકથી પકડી પાડ્યો હતો.

અમૃત પ્રજાપતિ આસારામ સાથે લાંબા સમયથી સંકળાયેલા હતાં. તેઓ આસારામના સાધક અને વૈદ્ય હતાં. આસારામના સ્વાસ્થ્યની કાળજી લેવાની જવાબદારી તેમના માથે હતી, પરંતુ મોટેરા આશ્રમમાં કિશોર વયના બે સાધકો દિપેશ-અભિષેકના શંકાસ્પદ અપમૃત્યુ પછી અમૃત પ્રજાપતિએ આસારામ સાથે છેડો ફાડયો હતો. રાજકોટ ક્રાઈમ બ્રાંચે આરોપીને કર્ણાટકથી ગુજરાત લાવવા પ્રયાસો હાથ ધર્યા હતાં.

# લેટરકાંડમાં કૉંગ્રેસના પરેશ ધાનાણીએ ધારાસભ્ય વેકરિયાના નાર્કોટેસ્ટની માગ કરીઃ શનિવારે અમરેલી બંધનું એલાન

અમદાવાદઃ અમરેલી લેટરકાંડ મુદ્દે બે દિવસથી ધરણાં પર બેઠેલા કૉંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ શુક્રવારે વધુ ૨૪ કલાક ધરણાં પર બેસવાની જાહેરાત કરી હતી. તેમણે ધારાસભ્ય કૌશિક વેકરિયાના નાર્કોટેસ્ટની પણ માગ કરી હતી. બીજી તરફ શનિવારે સમગ્ર અમરેલીમાં બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું. નારી સ્વાભિમાન મંચની રચના કરી પીડિતાને ન્યાય માટે તમામ સ્તરે આવેદન પત્ર આપવામાં આવશે. ધરણાં પર બેઠેલા પરેશ ધાનાણીએ કહ્યું હતું કે, મારા ઉપવાસના ૨૪ કલાક પૂર્ણ થયા બાદ પણ રાજ્ય સરકારે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી નથી કરી. જેથી હવે વધુ ૨૪ કલાક ધરણાં રહેશે. તેમણે કહ્યું હતું કે, ધારાસભ્ય કૌશિક વેકરિયાનો નાર્કોટેસ્ટ કરાવવો જોઈએ. તેમણે અમરેલીના એસપી અને પોલીસ તંત્રને હર્ષ સંઘવીએ કોના ઈશારે સૂચનાઓ આપી અને વરઘોડો કઢાવ્યો તેવો વેધક સવાલ કર્યો હતો. પરેશ ધાનાણીએ ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી,નાયબ દંડક કૌશિક વેકરિયા, એસપી આ ત્રણને કેટલી વખત વૉટ્સએપ કોલ ઉપર વાત થઈ તેની તપાસ કરવાવાં માગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, શનિવારે સવારે ધરણાં પૂર્ણ થશે અને વેપારીઓને અડધો દિવસ ધંધા રોજગાર બંધ રાખવા અપીલ કરી હતી. તેમણે ધરણાં વધારવા માટેની મંજૂરી માટે અરજી કરી હતી. જો મંજૂરી નહીં મળે તો પણ ધરણાં કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

# એક મોબાઈલ ગેમમાં હારી જતાં મોખાણાના કિશોરે નિંદામણ બાળવાની ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી

ભુજઃ ડિજિટલ ક્રાંતિ વચ્ચે એક મોબાઈલ ગેમ રમતી વેળાએ હારી જઈ, ઝેરનાં પારણાં કરી લેનારા ભુજ તાલુકાના મોખાણા ગામના કિશોરનું સારવાર દરમિયાન મોત નીપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. જેન-ઝી જનરેશનના માવતરો માટે લાલબત્તી સમાન કિસ્સા અંગે પોલીસે જણાવ્યું હતું કે, ભુજ તાલુકાના મોખાણા ગામે આવેલા મેરિયા વાસમાં રહેનારો ૧૭ વર્ષીય કાર્તિક કાનજી મેરિયા સ્માર્ટફોનમાં વિવિધ ગેમ્સ રમતો રહેતો હતો. આ દરમ્યાન ગત ચોથી જાન્યુઆરીના રોજ ગેમમાં હારી જતાં તે ઘેરા આઘાતમાં સરી પડ્યો હતો. મોબાઈલ ગેમમાં મળેલી હારને કારણે આવેશમાં આવીને નિંદામણ બાળવાની ઝેરી દવા ગટગટાવી ગયો હતો. ગંભીર હાલતમાં કિશોરને સારવાર માટે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થતાં પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો.

# મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરે શહેરમાં પૂર્વ અને પશ્ચિમ ઝોનની રચના કરી ડેપ્યુટી કમિશ્નરોને જવાબદારી સોંપી

અમદાવાદઃ ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાને મંજૂરી આપી હતી. ત્યાર બાદ તેમાં મ્યુનિસિપલ કમિશ્નર અને વહિવટદારની નિમણૂક કરી હતી. આ નવ મહાનગરપાલિકાઓ પૈકી મોરબી મહાનગર પાલિકાને પૂર્વ અને પશ્ચિમ એમ બે ઝોનમાં વહેંચી દેવામાં આવી હતી, જેથી નાગરિકોને હવે પોતાના ઝોનમાં આવતી ઝોનલ ઓફિસમાંથી જ ફરિયાદો આપવી પડશે અને સરકારી સેવાઓનો લાભ મળશે.

મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપ્નિલ ખરે દ્વારા શહેરને બે ઝોનમાં વહેંચી દેવાયું હતું, જેમાં બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરોને એક એક ઝોનની જવાબદારી સોંપાઈ હતી. આ બંને ઝોન પૈકી પૂર્વ ઝોનમાં ભડિયાદ (જવાહર), ત્રાજપર (માળિયા વનાળીયા), મહેન્દ્રનગર (ઇન્દિરાનગર), અમરેલી અને નગરપાલિકા વોર્ડ નં.૨, ૩, ૪, ૫, ૬, ૧૩ અને પશ્ચિમ ઝોનમાં શકત શનાળા, રવાપર, લીલાપર, નાની વાવડી, માધાપર/વજેપર ઓ.જી. અને નગરપાલિકા વોર્ડ નં.૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળાને પશ્ચિમ ઝોન અને સંજયકુમાર સોનીને પૂર્વ ઝોનની જવાબદારી સોંપવામાં આવી હતી. પૂર્વ ઝોનની ઓફિસ મોરબીના રેલ્વે સ્ટેશન રોડ પર સ્થિત રેઇન બસેરામાં કાર્યરત કરવામાં આવશે અને પશ્ચિમ ઝોનની ઓફીસ મોરબી મહાપાલિકામાં જ કાર્યરત રહેશે. મોરબી મહાપાલિકાની રચના કરવામાં આવ્યા બાદ તાજેતરમાં નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાના પ્લાનીંગ આસીસ્ટન્ટ વર્ગ-૩ની નિમણૂક કરાઈ હતી, જેમાં કલ્પેશકુમાર કાછડિયા અને કૃતિ ખોખાણીને પ્લાનિંગ આસિસ્ટન્ટનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

# પ્રતિબંધિત ટ્રામાડોલ ગોળીના ચકચારી પ્રકરણમાં રાજકોટ સ્થિત નિકાસકારના ભાગીદારની મુંદરા કસ્ટમે ધરપકડ કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત જુલાઈમાં કસ્ટમની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ અને ઇન્વેસ્ટિગેશન શાખાએ મુંદરા અદાણી બંદરેથી આફ્રિકન દેશોમાં નિકાસ અર્થે જઈ રહેલાં બે શંકાસ્પદ કન્ટેઈનરોમાંથી ૧૦૦ કરોડથી વધુના મૂલ્યની ટ્રામાડોલ ટેબ્લેટ (અફીણમાંથી બનતી ગોળી)નો જથ્થો પકડાયાના દેશભરમાં ચકચારી બનેલા પ્રકરણમાં સંડોવાયેલા રાજકોટસ્થિત વેપારી નિકાસકારના ૨૭ વર્ષીય ભાગીદારની ધરપકડ કરી હતી.

ગત જુલાઈ, ૨૦૨૪ના રોજ પૂર્વ બાતમીના આધારે મુંદરા કસ્ટમ્સની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ અને ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચે પશ્ચિમ આફ્રિકન દેશોમાં જતી રાજકોટની રેઈન ફાર્મા નામની બ્લેક લિસ્ટેડ કરી દેવાયેલી કંપનીનાં બે નિકાસ કન્સાઇન્મેન્ટને અટકાવી, તેની તપાસ શરૂ કરી હતી.

કાગળિયા પર જાહેર કરાયેલા કન્સાઇન્મેન્ટમાં ડિક્લોફેનાક અને ગેબેડોલ ગોળીઓને દર્શાવવામાં આવી હતી, જોકે કન્ટેનરમાંથી તપાસ અધિકારીઓને ૧૧૦ કરોડની કિંમતની ૬૮ લાખ અઘોષિત સાયકોટ્રોપિક ટ્રામાડોલ હાઇડ્રોક્લોરાઇડ ગોળીઓ (૨૨૫ મિલિગ્રામ) મળી આવી હતી.

આ પ્રકરણની તપાસ દરમ્યાન અગાઉ ચાર કન્ટેનરો પણ સાઉથ આફ્રિકા તરફ દરિયાઈ માર્ગે જવા માટે સરકી ગયાં હોવા અંગે ઇનપુટ મળતાં કસ્ટમ વિભાગે સાઉથ આફ્રિકાના બંદરનો સંપર્ક કરીને ચાર કન્ટેનરો પરત મોકલવા લેખિતમાં જાણ કરી હતી. આ ચાર કન્ટેનરોને મુંદરા કસ્ટમમાં પરત આવતાં જ તપાસ કરી હતી અને ચારે કન્ટેનરમાંથી આંતરરાષ્ટ્રીય બજાર કિંમતમાં ૧૧૦ કરોડથી વધુના મૂલ્યની ટ્રામાડોલ દવાનો જથ્થો જપ્ત કર્યાની સાથે અત્યાર સુધીમાં અંદાજે ૨૧૦ કરોડની પ્રતિબંધિત દવાઓ કસ્ટમ વિભાગે જપ્ત કરી લીધી હતી.

આ સમગ્ર પ્રકરણમાં કરોડો રૂપિયાનું હવાલા કૌભાંડ પણ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ વચ્ચે મુંદરા કસ્ટમ દ્વારા એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ હેઠળ નિકાસકાર કંપનીના ભાગીદારની ધરપકડ કરવામાં આવી છે.

# અમરેલી લેટરકાંડમાં દીકરી સાથે થયેલી ગેરવર્તણૂક અયોગ્ય ન્યાય માટે પ્રયત્નો કરીશુંઃ સાંસદ રૂપાલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી લેટરકાંડ મુદ્દે બે દિવસથી ધરણાં પર બેઠેલા કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ શુક્રવારે વધુ ૨૪ કલાક ધરણાં પર બેસવાની જાહેરાત કરી હતી. શનિવારે સમગ્ર અમરેલીમાં બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું. આ મુદ્દે રાજકોટના સાંસદ પુરૂષોત્તમ રૂપાલાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજની દીકરી સાથે જે થયું તે યોગ્ય નથી. પોલીસ સાથે વાત કરીને દીકરીના ન્યાય માટે પ્રયત્નો કરીશું.

રાજકોટના ભાજપના સાંસદ પુરૂષોત્તમ રૂપાલાએ એક મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, દીકરી સાથે થયેલી ગેરવર્તણૂક અયોગ્ય છે. તેને ન્યાય મળે તે માટે પ્રયત્નો કરવામાં આવશે અને પોલીસ તંત્ર સાથે પણ વાતચીત કરીને સમગ્ર કેસમાં ન્યાય માટે પ્રયાસો કરાશે. તેમના આ નિવેદન પહેલા સાવરકુંડલાની એક વ્યક્તિએ તેમની સાથે કરેલી વાતચીતનો ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જેમા રૂપાલાએ આ ઘટનાને દુઃખદ ગણાવી હતી.

કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ ધરણાંનો કાર્યક્રમ વધુ ૨૪ કલાક વધારવાની જાહેરાત કરીને ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી, નાયબ દંડક કૌશિક વેકરિયા, એસપી આ ત્રણને કેટલી વખત વોટ્સએપ કોલ ઉપર વાત થઈ તેની તપાસ કરવાવા માગ કરી હતી. તેમણે શનિવારે અમરેલીના વેપારીઓને ધંધા રોજગાર અડધો દિવસ બંધ રાખવા અપીલ કરી હતી.

# કચ્છમાં નખત્રાણાના હાજીપીર ફાટક પાસે ગેરકાયદે ૫૮ ટન બોક્સાઈટ ખનિજ ભરેલી ટ્રક પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં પર્યાવરણીય પ્રમાણપત્ર લીધાં વિનાની આવેલી લગભગ ૨૦૦ જેટલી બ્લેકટ્રેપ ખાણો અને વિવિધ ક્રશર યુનિટોને ખાણ ખનિજ વિભાગે બંધ કરી દીધી હોવા છતાં બેફામ રીતે ખનિજ ચોરીની પ્રવૃત્તિ ચાલી રહી છે.

આ પ્રવૃત્તિ પર લગામ કસવા માટે શરૂ કરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત નખત્રાણા-માતાના મઢ માર્ગ પર સ્થાનિક ગુનાશોધક શાખાએ વાહન તલાશી દરમ્યાન રોયલ્ટી કે પાસ પરમિટ વિના ગેરકાયદેસર રીતે અંદાજે ૫૮ ટન બોક્સાઇટ (ખનિજ) ભરેલી ટ્રક ઝડપી પાડી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ અંગે એલસીબીના પી.આઈ.ના જણાવ્યા પ્રમાણે, વાહન તલાશી કામગીરી દરમ્યાન હાજીપીર ફાટક પાસે પસાર થયેલી ટ્રકમાંથી ૫૮ ટન રોયલ્ટી અને પાસ-પરમિટ વિહોણું બોક્સાઇટ મળી આવ્યું હતું. ભચાઉના ભચુ હરભમ રબારી નામના ટ્રક ચાલકે બોક્સાઇટનો જથ્થો રાવરેસર (તા. લખપત)થી ભરી આવ્યાનું પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું. મુદ્દામાલ સાથે ટ્રકચાલકને નખત્રાણા પોલીસને સુપરત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટ આરટીઓની ફાસ્ટટ્રેક કામગીરી અંતર્ગત ફેસલેસ સેવાનો ૧.૩૪ લાખ લોકોએ લાભ લીધો

અમદાવાદઃ રાજકોટમાં આરટીઓની ફાસ્ટટ્રેક કામગીરીમાં ફેસલેસ સેવાનો ૧.૩૪ લાખ લોકોએ લાભ લીધો હતો. રાજકોટ આર.ટી.ઓ. વિભાગ હેઠળ વર્ષ ૨૦૨૪માં લાઇસન્સ સંબંધી સેવાઓની ૭૬,૨૫૬ અરજીઓ પૈકી ૭૫,૪૨૩ જેટલી અરજીઓ, જ્યારે વાહન સંબંધી સેવાઓમાં ૫૯,૨૨૫ જેટલી અરજીઓ પૈકી ૫૮,૬૧૮ ઓનલાઇન અરજીઓના નિકાલ સાથે કુલ ૧.૩૪ લાખથી વધુ લાભાર્થીઓને ઘેર બેઠા સેવાનો લાભ મળ્યો હતો. રાજકોટ આરટીઓ અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે, આર.ટી.ઓ. દ્વારા નવા વાહનની રજીસ્ટ્રેશન પ્રક્રિયા અંતર્ગત ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં રિક્ષા, કાર, ટેક્ષી, મેક્ષી, ટ્રેકટર, બસ, એમ્બ્યુલન્સ સહીત ૧૦,૪૯૮ જયારે નોન ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં હાર્વેસ્ટર, ટ્રેલર, ક્રેન, ટ્રેક્ટર, સહિત ૯૯,૭૩૮ વ્હિકલના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યાં છે. જેમાં ૭૧,૭૯૫ ટુ-વ્હિલર અને ૨૭,૨૪૭ કારનો સમાવેશ થાય છે. આર.ટી.ઓ. દ્વારા ખાસ વાહન નંબર કે જેમાં ગોલ્ડ અને સિલ્વર કેટેગરી ઉપરાંત અન્ય ફેન્સી નંબર મેળવવા માટે ઓનલાઇન હરરાજી કરવામાં આવે છે, જેમાંથી ગત વર્ષે કુલ ૩૦,૮૩૭ વાહનોના નંબર માટે હરરાજી કરવામાં આવી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ટુ-વ્હિલર કેટેગરીમાં રૂ. ૧૮,૮૩,૫૦૦ તેમજ ફોર-વ્હીલર કેટેગરીમાં રૂ.૭૪,૯૩૦૦૦ મળીને આર.ટી.ઓને કુલ રૂ. ૧૫,૧૮,૪૫,૫૦૦ રૂ. ની આવક થઈ હતી. ફેસલેસ સિવાય અન્ય કામગીરી માટે આર.ટી.ઓ. ખાતે રૂબરૂ જરૂરી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં આર.સી. કેન્સલેશન, વ્હીકલ કન્વર્ઝન, ફિટનેસ સર્ટી, હાયપોથેકસન, એન.ઓ.સી. નવું રજીસ્ટ્રેશન, ઓનરશિપ ટ્રાન્સફર, ફ્રેશ પરમીટ સહીત વિવિધ સેવાઓ માટે ૨,૦૮,૫૬૧ જેટલી અરજીઓ પૈકી ૨,૦૭,૯૮૮ જેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# જસદણ તાલુકામાં મુખ્ય પ્રધાન ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૪.૩૫ કરોડનાં કામોને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જસદણ તાલુકામાં મુખ્ય પ્રધાન ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૪.૩૫ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી હતી. જેથી હવે ચીતલીયાથી આટકોટ શાંતિનગર, રાજા વડલાથી કુંદણી, બળધોઈથી મોટા દડવા. નાની લાખાવડથી કોઠી મા પુલ નાળા પ્રોટેક્શન હોલ અને રોડનું ટૂંક સમયમાં કામ શરૂ કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જસદણના ધારાસભ્ય અને કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયાને તાલુકાના આગેવાનો દ્વારા રોડ રસ્તાના કામો માટો રજૂઆત કરવામાં આવી હતી. જે અનુસંધાને કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયાએ ૧૪.૩૫ કરોડના ખર્ચે તમામ ગામોને જોડતા રોડ રસ્તા અને નાના-મોટા પુલ નાળાઓ પ્રોટેક્શન વોલ મંજૂર કરતા ગ્રામ્ય પંથકમાં ખુશીનો માહોલ છવાયો હતો.

આ અંગે કેબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, મુખ્ય પ્રધાન ગ્રામ સડક યોજના અંતર્ગત આ તમામ કામોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં તાલુકાના શાંતિનગર રાજા વડલા જસદણ અને કુંદણી રોડ નોન પ્લાન જેની લંબાઈ ૨.૮૦ કિલોમીટર થાય છે તેના ખર્ચ પેટે અંદાજિત રૂપિયા અઢી કરોડ મંજૂર થયા છે. આ ઉપરાંત જસદણના આટકોટ અને ચિતલીયા ગામને જોડતો રોડ નોન પ્લાન રોડ માટે રૂપિયા સાડા ત્રણ કરોડ મંજુર થયા છે. જસદણના બળધોઈ તેમજ મોટા દડવાને જોડતો રોડ ગ્રામ સડક યોજના અંતર્ગત રૂપિયા સાડા ત્રણ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મોટી લાખાવડથી કોઠીગામ સુધીમાં રૂપિયા ૫.૫ કરોડના ખર્ચે આ તમામ રસ્તાઓમાં માઇનોર બ્રિજ પ્રોટેક્શન હોલ તથા એપ્રોચ રોડ નું કામ મંજૂર કરવામાં આવ્યું છે. જે તમામ કામોની ટેન્ડર પ્રક્રિયા બાદ તુરંત કામગીરી શરૂ કરવામાં આવશે.આ કામો માટેની રકમની ફાળવણી રાજ્ય સરકારના પાણી પુરવઠા જળ સંપત્તિ અન્ન નાગરિક પુરવઠા પ્રધાન કુંવરજી બાવળીયાની રજૂઆતથી મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ દ્વારા મંજૂર કરાઈ હતી.